## સુવિચાર

પરિસ્થિતિ કેવી હશે એ ભલે આપણા હાથમાં ના હોય પણ એનો સામનો કેમ કરવો એતો આપણા હાથમાં જ છે.

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૦-૧-૨૦૨૫, શુક્રવાર
વર્ષઃ ૧૩, અંકઃ ૨૫૭

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia


**સરકારના નવતર પ્રયોગ થકી ત્રણ વર્ષમાં ૧૬૧૫૫ કરોડનું ૮૭૬૦૭ કિલો ડ્રગ્સ ઝડપાયું**

(વાંચો છેલ્લા પાને)






### ઉધાર લેવા વાળા એક, દેવા વાળા ચાર!

# ત્રણથી વધુ જગ્યાએથી નાણા લેનારાઓની સંખ્યા ૧ કરોડને પાર: નાદારોની સંખ્યામાં ધરખમ વધારો થશે?

## નાણાકીય વર્ષની શરૂઆતથી જ વધતા ડિફોલ્ટ્સને કારણે સમગ્ર માઈક્રોફાઈનાન્સ ઈકોસિસ્ટમ પ્રભાવિતઃ નાણા મંત્રાલયે આ મુદ્દે બેઠક પણ યોજી

**અબતક, કોલકાતા**

નાના ઉધાર લેનારાઓ ત્રણથી વધુ જગ્યાએથી નાણા લઈ રહ્યા છે. આમ નાણા લેનાર એક જ વ્યકિત છે.જયારે નાણાં ધીરનારા ત્રણથી વધુ છે. આને કારણે હવે નાદારોની સંખ્યામાં વધારો થાય તેવા એંધાણ મળી રહ્યા છે.

નવેમ્બર સુધીમાં લગભગ ૫૦ લાખ સૂક્ષ્મ ઉધાર લેનારાઓ, અથવા ૬ ટકા લોકોએ ચાર કે તેથી વધુ ધિરાણકર્તાઓ પાસેથી લોન લીધી છે. ધિરાણ ઉદ્યોગમાં ખરાબ લોનની સંખ્યામાં વધારો થયો છે. ક્રેડિટ બ્યુરો સીઆરઆઈએફ હાઈ માર્ક દ્વારા અપાયેલા ડેટા દર્શાવે છે કે ત્રણ કે તેથી વધુ ધિરાણકર્તાઓ પાસેથી લોન લેનારા ઉધાર લેનારાઓની સંખ્યા ૧.૧ કરોડ હતી, જે કુલ ૮.૫૦ કરોડ માઈક્રોફાઈનાન્સ ઉધાર લેનારામાં ૧૩% છે. હાલમાં, માઈક્રોફાઈનાન્સ ક્ષેત્ર ગંભીર સંપત્તિ ગુણવત્તાના તણાવનો સામનો કરી રહ્યું છે. સપ્ટેમ્બરના અંતમાં પ્રાદેશિક ગ્રોસ નોન-પર્ફોર્મિંગ એસેટ રેશિયો ૧૮ મહિનાની ઊંચી સપાટી ૧૧.૬% પર પહોંચ્યો. વધુમાં, રોગચાળાની અસર ઓછી થતાં, ઓક્ટોબર ૨૦૨૨ થી પ્રતિ ઉધાર લેનારા ધિરાણકર્તાઓની સંખ્યા વધવા લાગી. રસપ્રદ વાત એ છે કે, આ પિરામિડના નીચલા આર્થિક ક્ષેત્રને ધિરાણ પૂરું પાડતા તમામ ક્ષેત્રો માટે ભારતીય રિઝર્વ



બેંક દ્વારા સમાન માર્ગદર્શિકાના પ્રકાશન સાથે સુસંગત છે.

‘‘તે ચક્રીય છે અને મોટાભાગે ભૌગોલિક એકાગ્રતાને કારણે છે,‘‘ એક અગ્રણી માઈક્રોફાઈનાન્સ કંપનીના ટોચના એક્ઝિક્યુટિવે જણાવ્યું હતું. ‘‘વધુ ધિરાણકર્તાઓ સામાન્ય રીતે નવા કેચમેન્ટ વિસ્તારો શોધવાનો પ્રયાસ કરવાને બદલે સ્થિર વ્યવસાય આપતી ભૂગોળ તરફ આકર્ષાય છે.‘‘ ક્રેડિટ બ્યુરોના ડેટા દર્શાવે છે કે માઈક્રોફાઈનાન્સ પ્રવેશની દ્રષ્ટિએ ટોચના ૧૦ રાજ્યો ઉદ્યોગ પોર્ટફોલિયોના લગભગ ૮૩% હિસ્સો ધરાવે છે.

જૂન ૨૦૨૨ સુધીમાં, પ્રતિ ઉધાર લેનારા ચાર કે તેથી વધુ ધિરાણકર્તાઓનો ગુણોત્તર ૪.૧૪% હતો, જે તે વર્ષના અંત સુધીમાં વધીને ૫.૨% થયો હતો, આ બાબતથી પરિચિત લોકોએ જણાવ્યું હતું. સીઆરઆઈએફ હાઈ માર્ક ડેટા અનુસાર, ગયા વર્ષે નવેમ્બરના અંતમાં આ ગુણોત્તર ૫.૬% હતો.

‘‘જો કૌટુંબિક આવક અને લોન જવાબદારીનું મૂલ્યાંકન યોગ્ય રીતે કરવામાં આવે, તો ધિરાણકર્તાઓની સંખ્યા કોઈ મુદ્દો ન હોવો જોઈએ,‘‘ આ ક્ષેત્રના સ્વ-નિયમનકારોમાંના એક, સહનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર જીજી મામેને જણાવ્યું હતું. ‘‘આરબીઆઈના ધોરણો મુજબ, ચુકવણીની જવાબદારી ઘરની માસિક આવકના ૫૦% થી વધુ ન હોવી જોઈએ. જો આનું પાલન ન કરવામાં આવે તો, ધિરાણકર્તાઓની સંખ્યા ગમે તે હોય, ચુકવણીમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે.‘‘

જોકે, ઘણા વરિષ્ઠ માઈક્રોફાઈનાન્સ વ્યાવસાયિકોએ

(અનુ. આઠમા પાને)

# બહેનના છુપાવેલા આંતરજ્ઞાતિય લગ્ન ‘ઘાતકીપણું’ ગણાય!!

## ભાવનગર કોર્ટે પત્ની દ્વારા કરાયેલી છૂટાછેડાની અરજી મંજુર કરીઃ મામલો હાઈકોર્ટના શરણે

**અબતક, રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટે એક મહિલાને નોટિસ ફટકારી છે જેણે ક્રૂરતાનો ઉલ્લેખ કરીને ફેમિલી કોર્ટ દ્વારા છૂટાછેડા મેળવ્યા હતા. મહિલાએ એવી દલીલ કરી હતી કે, તેના પતિની બહેને તેમની જાતિની બહાર લગ્ન કર્યા હતા અને આ માહિતી તેનાથી છુપાવવામાં આવી હતી. પતિના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, આ દંપતીના અરેન્જ મેરેજ ૨૦૧૮ માં થયા હતા.

પત્નીને ખબર પડી કે તેની નણંદએ અન્ય જ્ઞાતિમાં લગ્ન કર્યા છે જેને તે સામાજિક જાતિ વંશવેલોમાં નીચી ગણાતી હતી. તેના બે દિવસ પછી તેણે પોતાનું વૈવાહિક ઘર છોડી દીધું હતું. ૨૦૨૦ માં, મહિલાએ ભાવનગર ફેમિલી કોર્ટમાં ક્રૂરતાનો દાવો કરીને છૂટાછેડા માટે અરજી કરી હતી. તેણીએ કહ્યું કે તેના પતિએ તેની બહેનના આંતરજાતિય લગ્ન વિશે માહિતી છુપાવી હતી.

જ્યારે તેણે બે બહેનો હોવાનો ઉલ્લેખ કર્યો હતો, ત્યારે તે ત્રીજી બહેનનો ખુલાસો કર્યો ન હતો. તેણી આ ત્રીજી બહેનને ફક્ત લગ્ન દરમિયાન મળી હતી. સામા પક્ષે પતિએ વૈવાહિક અધિકારો પુનઃસ્થાપિત કરવાની વિનંતી કરતો દાવો દાખલ કર્યો હતો, તેની પત્નીને પાછા ફરવા માટે ફરજ પાડવા માટે કોર્ટના હસ્તક્ષેપની માંગ કરી હતી.

(અનુ. આઠમા પાને)

# સુકામા જંગલમાં ત્રણ માઓવાદીઓને ઠાર!!!

## સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થતાં આઈઈડી વિસ્ફોટમાં આઠ જવાનો અને તેમના ડ્રાઈવર માર્યા ગયા

**અબતક, રાજકોટ**

છત્તીસગઢના બસ્તરના બળવાગ્રસ્ત સુકમામાં સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી, ચાર દિવસ પછી પાડોશી બીજાપુરમાં આઈઈડી વિસ્ફોટમાં આઠ જવાનો અને તેમના ડ્રાઈવર માર્યા ગયા હતા. આ ઓપરેશનમાં ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ, સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અને કોબ્રા સામેલ હતા.

ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ, સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અને કોબ્રાની ટુકડીઓ માઓવાદીઓની હાજરી અંગેના ચોક્કસ ઈનપુટ્સ પર સુકમા અને બીજાપુરની સરહદ પર ઓપરેશન પર નીકળી હતી. જ્યારે આ અહેવાલ દાખલ કરવામાં આવ્યો ત્યારે તૂટક તૂટક ગોળીબાર ચાલુ હતો. આ અંગે ડેપ્યુટી સીએમ વિજય શર્માએ જણાવ્યું હતું કે, આ ઘટનામાં ત્રણ માઓવાદી માર્યા ગયા છે. તેમજ હજુ સર્ચ ઓપરેશન

(અનુ. આઠમા પાને)

# ૨૫,૦૦૦ બાંગ્લાદેશીઓને ઘર ભેગા કરવા ગૌહાટી હાઈકોર્ટનું ફરમાન

## નોંધણી અધિનિયમ હેઠળ નોંધણી કરાવવામાં નિષ્ફળ ગયેલા લગભગ ૫ હજાર લોકોને પરિવાર સાથે દેશનિકાલનો સામનો કરવો પડશે

**અબતક, રાજકોટ**

આસામમાં આશરે ૨૫,૦૦૦ બાંગ્લાદેશી વસાહતીઓને ટ્રિબ્યુનલ્સ દ્વારા વિદેશી જાહેર કર્યા પછી આસામમાં રહેતા હજારો બાંગ્લાદેશી વસાહતીઓને દેશમાંથી બહાર કાઢવાનો ખતરો છે. ગુરુવારે ગૌહાટી હાઈકોર્ટનો નિર્ણય ઈમિગ્રન્ટ્સ સંબંધિત એક કેસમાં આવ્યો. વાસ્તવમાં, આ કેસ એવા ઈમિગ્રન્ટ્સ સાથે સંબંધિત છે જેઓ ૧૯૬૬ અને ૧૯૭૧ વચ્ચે રાજ્યમાં આવ્યા હતા, પરંતુ તેઓ ફોરેનર્સ રિજનલ રજિસ્ટ્રેશન ઓફિસર પાસે પોતાનું રજિસ્ટ્રેશન કરાવી શક્યા ન હતા. ટ્રિબ્યુનલ્સ દ્વારા વિદેશી જાહેર કર્યા પછી, નોંધણી કરાવવી જરૂરી છે.

રિપોર્ટ્સ અનુસાર, કોર્ટનો આ નિર્ણય એક બેગમ ઝાન નામની અપીલ પરથી આવ્યો છે, જેમણે એફ આર આર ઓ સાથે નોંધણી કરવા માટે એક્સટેંશનની માંગ કરી

(અનુ. આઠમા પાને)







# અર્થતંત્ર રંગ લાવ્યુંઃ ૨૦૨૪માં આઈપીઓમાં રૂ.૪ લાખ કરોડથી વધુનું રોકાણ આવ્યું

## કુલ ૯૧માંથી ૩૫ આઈપીઓને ૫૦ ગણાથી વધુ સબસ્ક્રિપ્શન મળ્યું જ્યારે ૬૬ આઈપીઓને ૧૦ ગણાથી વધુ સબસ્ક્રિપ્શન મળ્યું

**અબતક, નવી દિલ્હી**

૨૦૨૪માં ભારતીય ઈકિવટી ફંડ એકત્રીકરણ રૂ. ૩.૯૯ લાખ કરોડ સુધી પહોંચ્યું છે. જેનું મુખ્ય કારણ પ્રારંભિક શેર વેચાણ એટલે કે આઈપીઓનો સેલાબ આવ્યો હતો. કારણ કે રોકાણકારોનો રસ સમગ્ર વર્ષ દરમિયાન મજબૂત રહ્યો. રાઈટ્સ ઈશ્યૂને બાદ કરતાં, ઈક્વિટીમાંથી એકત્ર કરાયેલી રકમ રૂ. ૩.૭૩ કરોડ રહી, જે પાછલા વર્ષના સમયગાળાની સરખામણીમાં ૧૫૯% નો વધારો દર્શાવે છે.



અહેવાલ મુજબ, ૯૧ ભારતીય કંપનીઓએ બંને એક્સચેન્જ પર લિસ્ટેડ આઈપીઓ દ્વારા રૂ. ૧.૫૯ લાખ કરોડ એકત્ર કર્યા. આ ૨૦૨૩ માં કંપનીઓ દ્વારા એકત્ર કરાયેલી રકમ કરતા ૩ ગણું વધારે છે. આ વર્ષે હ્યુન્ડાઈનો સૌથી મોટો આઈપીઓ પણ આવ્યો, જેણે ૨૭,૮૫૯ કરોડ રૂપિયા એકત્ર કર્યા. નવા યુગની ટેકનોલોજી કંપનીઓએ ૨ વર્ષ શાંતિ બાદ ૮ આઈપીઓ સાથે ૨૧,૪૩૮ કરોડ રૂપિયા એકત્ર કર્યા.

જનતા તરફથી એકંદરે ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો કારણ કે ૯૧ માંથી ૩૫ આઈપીઓ ને ૫૦ ગણાથી વધુ સબસ્ક્રિપ્શન મળ્યું

(અનુ. આઠમા પાને)




આ વર્ષની થીમઃ 'એક વૈશ્વિક અવાજ અને સાંસ્કૃતિક ગૌરવ'

# વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષામાં હિન્દી ચોથા ક્રમેઃ આજે વિશ્વ હિન્દી દિવસ

## ૧૪ સપ્ટેમ્બર ૧૯૪૯ના રોજ ભારતની સંવિધાનીક સભામાં હિન્દીને રાષ્ટ્રભાષા ઘોષિત કરવામાં આવી હતીઃ વિશ્વમાં ભારત સહિત અન્ય દેશોના એક અબજથી વધુ લોકો હિન્દી ભાષા બોલે છેઃ હિન્દી ભાષાના પ્રચાર-પ્રસારમાં ફિલ્મો, ટીવી ધારાવાહિક સાથે ફિલ્મી ગીતોએ મહત્વનો ભાગ ભજવ્યો છે

**ભારત સહિત વિશ્વના ૫૦ થી વધુ દેશોમાં થોડા ઘણા ફેરફારો સાથે હિન્દી ભાષા બોલાય છેઃ હિંદી અને હિન્દ તે સંસ્કૃત શબ્દ સિંધુનો અપભ્રંશ છેઃ હિન્દી અને ઉર્દૂ ભગિની ભાષા કહેવાય છે, દેવનાગરી લિપી હિન્દી છે, શબ્દાવલીના સ્તર પર જોઈએ તો મોટા પ્રમાણમાં સંસ્કૃતનો શબ્દ પ્રયોગ વધુ થાય છે**

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

આપણી શિક્ષણ પદ્ધતિમાં પણ પાયાનાં શિક્ષણથી જ ગુજરાતી ભાષા સાથે હિન્દી વિષય છાત્રોને શીખવવામાં આવે છે ,ત્યારે આ મીઠી ભાષા લોકોને બોલવી ખૂબ જ ગમે છે, આપણા ગુજરાત રાજ્ય કરતા અન્ય રાજ્યના લોકો હિન્દી બહુ જ સારી રીતે બોલી શકે છે. આજના ઈન્ફોર્મેશન ટેકનોલોજી યુગમાં અંગ્રેજીનું ભલે પ્રભુત્વ રહ્યું ,પણ વૈશ્વિક સ્તરે વધુ બોલાતી ભાષાના ટોપ ફાઈવમાં હિન્દી ભાષા સ્થાન ધરાવે છે. આજે વિશ્વ હિન્દી દિવસ છે, સમગ્ર વિશ્વમાં ઘણા દેશોમાં હિન્દી ભાષા ચલણમાં છે. ૨૦૦૬ થી આ વૈશ્વિક દિવસ ઉજવાય છે. આ વર્ષની ઉજવણી થીમ ''એક વૈશ્વિક અવાજ અને સાંસ્કૃતિક ગૌરવ'' છે જેનો હેતુ ભાષાકીય અને આંતરરાષ્ટ્રીય આદાન-પ્રદાન માટે હિન્દી ભાષાના ઉપયોગને પ્રકાશિત કરે છે.

હિન્દી અને ઉર્દૂ ભગિની ભાષાઓ કહેવાય છે, તેના વ્યાકરણ અને શબ્દ ભંડોળમાં ઘણી સમાનતા જોવા મળે છે. ભાષાકુળ જોઈએ તો ઈન્ડો યુરોપિયન, ઈરાનિયન, આર્યન, મધ્યક્ષેત્ર હિંદી, પશ્ચિમી હિંદી, ખડીબોલી સાથે સ્વરૂપોમાં જોઈએ તો સૌરસેની પ્રાકૃત અને તેની અપભ્રંશ જુની હિન્દી છે. બહેરા મુંગા લોકો માટે સંકેતાત્મક હિંદી પણ છે. વિદેશોમાં ગયાના, મોરેશિયસ, ટ્રીનીનાડ, બ્રિટન, ફ્રાન્સ, નેપાળ, અમેરિકા, જેવા દેશોમાં હિન્દી ભાષાનું બોલચાલમાં ઉપયોગ થાય છે. ૨૬ જાન્યુઆરી ૧૯૬૫ ના રોજ હિન્દી ને ભારતની રાષ્ટ્રભાષા ઘોષિત કરવામાં આવી હતી. સંસ્કૃતિની અસર તળે હિન્દીમાં ઘણા ફારસી શબ્દોનો સમાવેશ થાય છે. આપણી હિન્દી ફિલ્મોએ વિશ્વના અન્ય દેશોમાં પણ ભાષાનો પ્રસાર કર્યો છે.

ચીની ભાષા પછી હિન્દી વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષા છે. ભારત અને વિદેશના લોકો સહિત અંદાજે એક અબજથી વધુ લોકો આ ભાષા બોલે છે, અથવા લખે છે. ફિજી, ગયાના, નેપાળ, સુરીનામ અને મોરેશિયસ જેવા દેશોમાં મોટાભાગની પ્રજા હિન્દી બોલે છે, ત્યાંની હિન્દી આપણી હિન્દી કરતાં થોડી જુદી છે. આપણા દેશમાં નાગપુર ખાતે ૧૯૭૫ માં પ્રથમવાર હિન્દી પરિષદ યોજવામાં આવી હતી જેમાં ૩૦ દેશના ૧૨૨ પ્રતિનિધિઓ જોડાયા હતા. ભારત ઉપરાંત ફિજી દેશની પણ હિન્દી સત્તાવાર ભાષા છે.

આ ભાષાની બોલીમાં અવધ, વ્રજ, કનૌજી, બધેલી, બૂંદેલી, ભોજપૂરી, હરિયાણવી, રાજસ્તાની, માળવી, મૈથિલી, કુમાઉ ભાષા પણ એક પ્રકારે હિન્દી જ ભાષા છે. આજે હિન્દી-ફિલ્મી ગીતો ટીવી સીરીયલ્સ બધામાં હિન્દી ટોચના સ્થાને છે.સંસ્કૃતમાંથી ઉત્પન થયેલી ભાષાને ઈન્દો આર્યન ગણાય છે. ઉર્દૂ-કશ્મીરી-બંગાળી-ઉડીયા-પંજાબી-મરાઠી જેવી ભાષાઓ ઈન્ડો આર્યન જ છે. આપણી સૌથી પ્રાચિનભાષા સંસ્કૃત છે. વૈદિક સંસ્કૃતનો ક્રમબધ્ધ વિકાસ એટલે હિન્દી, ભાષા વિકાસમાં બૌદ્ધ, જૈન પ્રાકૃત, મૌર્ય, બ્રાહ્મી, આદી સંસ્કૃત, સિધ્ધ માત્રિકા લિપીનો વિકાસ છે. ૯૯૩ માં લખાયેલ દેવસેનની શવકચર કદાચ હિન્દીનું પહેલું પુસ્તક હશે તેવું મનાય છે. ભારત સહિત વિશ્વના ૫૦ થી વધુ દેશોમાં થોડા ઘણા ફેરફારો સાથે હિન્દી ભાષા બોલાય છે.




અપભ્રંશનો અસ્ત થયોને આધુનિક હિન્દીનો વિકાસમાં આમિર ખુસરો, હંસવાલી, કબીરની રચના, અપભ્રશના છેલ્લા મહા કવિ રધુ, નવલદાસની ભક્ત માલા, બનારસીદાસ, ગુરૂ અર્જુન દેવ, તુલશીદાસ, જારમલે, રામચંદ્ર શુકલા જેવા મહાન લોકોના પ્રયાસો થકી હિન્દી ભાષાનો વિકાસ થયો છે.ભાષાવિદો હિન્દી અને ઉર્દૂને એક ભાષા સમજે છે. હિન્દી દેવનાગરી લિપીમાં લખાય છે. ૧૯૬૫ સુધીમાં હિન્દી સરકારી કામગીરીની ભાષા બની ગઈ હતી. આજે ભલે અંગ્રેજીના પ્રભાવમાં હિન્દી દબાઈ ગઈ હોય તેવું લાગે પણ અંગ્રેજી ભક્તો પણ હિન્દી ફિલ્મો જોવે છે, હિન્દી ગીતો સાંભળે છે. ગાંધીજીએ હિન્દીને એકતાની ભાષા કરી હતી. વિદેશોમાં અભ્યાસક્રમોમાં, યુનિવર્સિટીઓમાં હિન્દીનો સમાવેશ થયો છે. જ્યારે આપણા દેશમાં તેની બાદબાકી થતી જાય છે.રાષ્ટ્રીય હિન્દી દિવસ કે વિશ્વ હિન્દી દિવસ ઉજવણીનો હેતુ હિન્દી ભાષાના પ્રચાર-પ્રસાર માટે જનજાગૃતિનો છે, અને તેને આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે રજૂ કરવાનો છે.

હિન્દી દિવસ અને વિશ્વ હિન્દી દિવસને લઈને ઘણા લોકોમાં અસમંજસ હોય છે. બંનેનો હેતું હિન્દી ભાષાનો પ્રચાર-પ્રસાર કરવાનો છે. રાષ્ટ્રીય હિન્દી દિવસ ૧૪ સપ્ટેમ્બરનાં રોજ ઉજવાય છે, જ્યારે વિશ્વ હિન્દી દિવસ ૧૦ જાન્યુઆરી આજે ઉજવાય છે. ભારતની આઝાદી બાદ ભાષાને લઈને મોટો સવાલ હતો કેમકે, આપણાં દેશમાં કેટલાય પ્રકારની ભાષાઓ, પ્રાદેશીક ભાષા અને બોલીઓ બોલવામાં આવતી હતી. સર્વાનુમતે નિર્ણય લઈને હિન્દી અને અંગ્રેજીને નવા રાષ્ટ્રની ભાષા પસંદ કરાય હતી.

હિન્દી એક ભાષા નથી પણ, ભારતીય સંસ્કૃતિની વાહક ભાષા છે, જેની સાથે હજારો વર્ષની સંસ્કૃતિ જોડાયેલી છે. આજે વિશ્વમાં કરોડો લોકો હિન્દી બોલે છે. આપણા હિન્દી ફિલ્મ તથા તેના ગીતો વિશ્વના મોટાભાગના દેશોમાં પ્રચલિત થઈ ગયા છે.

### આ દેશોમાં પણ બોલ-ચાલની ભાષા છે હિન્દી

વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષામાં અંગ્રેજી પ્રથમ સ્થાને છે , જ્યારે બીજા ક્રમે સ્પેનિશ અને મંદારિન જેવી ભાષા બાદ હિન્દીનું સ્થાન છે. હિન્દી ભારત સિવાય નેપાળ, તિબેટ, ફિજી, અમેરિકા, મોરેશિયસ, ફિલીપીંસ, બ્રિટેન, ન્યુઝિલેન્ડ, સિંગાપુર, યુગાન્ડા, જર્મની, દક્ષિણ આફ્રિકા, સુરીનામ, ત્રિનીદાદ, પાકિસ્તાન અને ગયાના જેવા દેશોમાં પણ થોડા-થોડા બદલાવ સાથે બોલાય છે.

### વિશ્વની ૧૭૬ વિશ્વ વિદ્યાલયોમાં હિન્દીનું શિક્ષણ અપાય છે

આજે હિન્દી દિવસે આપણી રાષ્ટ્રભાષા વિશે બધા લોકોએ જાણવાની જરૂર છે. વિશ્વની ૧૭૬ મહાવિદ્યાલયોમાં હિન્દી ભાષાનું શિક્ષણ અપાય છે. આપણાં દેશમાં ૮૦ કરોડથી વધુ લોકો હિન્દી ભાષાનો ઉપયોગ કરે છે. આજે તો યુ-ટ્યુબ સાથે ગુગલ ઉપર પણ હિન્દી આર્ટીકલ, સાથે હિન્દીમાં ટાઈપ કરવાની સુવિધા જોવા મળે છે. અમેરીકા જેવા દેશની ૪૫ વિશ્વ વિદ્યાલયોમાં હિન્દી ભણાવાય છે. ૨૦૦૬ થી વિશ્વ હિન્દી દિવસ તરીકે પણ ઉજવણી થાય છે. વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષામાં ચોથા ક્રમે હિન્દી છે.

# પતંગોત્સવ થકી પોષણ વિશે જાગૃત્તિ લાવવા 'પોષણ ઉડાન'ની પહેલ

## રાજ્યકક્ષાના પોષણ ઉડાન-૨૦૨૫ કાર્યક્રમનો એકતાનગરથી પ્રારંભ કરાવતા કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા

**અબતક, રાજકોટ**

પોષણ માનવીની શારીરિક ખામીઓને દૂર કરીને દરેક બાળક અને મહિલાને શ્રેષ્ઠ પોષણ સેવા ઉપલબ્ધ કરાવવાના મુખ્ય ઉદ્દેશ સાથે રાજ્યકક્ષાના 'પોષણ ઉડાનઃ ૨૦૨૫' કાર્યક્રમને એકતાનગરના વ્યુ પોઈન્ટ-૧ ખાતેથી મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ કુલ રૂ.૧૨૪૭ લાખના ખર્ચે ૫૮ આંગણવાડી કેન્દ્રોના ઈ-ભૂમિ પૂજનની સાથે કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. જેમાં જીએસપીસીના સીએસઆર ભંડોળ હેઠળ સમગ્ર દેશમાં પ્રથમ વખત લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેકનોલોજીનો વપરાશ કરી મહત્વકાંશી દાહોદ જિલ્લામાં ૨૯ અને નર્મદા જિલ્લામાં ૨૫ તેમજ ગાંધીનગર જિલ્લાના ૪ મળીને કુલ ૫૮ આંગણવાડી કેન્દ્રોનો સમાવેશ થાય છે.

'પોષણ ઉડાન' અંતર્ગત પતંગોત્સવ થકી પોષણ વિશે જાગૃતિ લાવવાના હેતુથી આયોજિત આ પ્રસંગે મંત્રી બાબરીયાએ જણાવ્યું કે પોષણ ઉડાનની પતંગને રાજ્યના ઘરેઘર પહોંચાડવા માટે રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર સહિત પ્રજાની ભાગીદારી ખૂબ



મહત્વપૂર્ણ છે. પોષણ ઉત્સવને જનભાગીદારીથી જનઆંદોલન તરફ લઈ જવાની જવાબદારી આપણી સૌની છે. મકરસંક્રાંતિના પર્વ સાથે પોષણ ઉડાન કાર્યક્રમને જોડવાનો એકમાત્ર આશય નર્મદા જિલ્લા સહિત રાજ્ય-રાષ્ટ્રના લોકો પરંપરાગત ખોરાક પ્રેરિત કરવા અને પૌષ્ટિક ખોરાકના મહત્વ વિશે સમજણ પુરી પાડવાનો છે.

આ પ્રસંગે સાંસદ મનસુખભાઈ વસાવાએ પણ ગ્રામીણ ક્ષેત્રમાં શિક્ષણ, પોષણ અને સ્વાસ્થ્યના સ્તરને ઊંચું લાવવા બદલ અને વિકસિત રાષ્ટ્રના નિર્માણમાં મહિલાઓની સહભાગીદારી સુનિશ્ચિત થાય તે દિશામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી ડબલ એન્જિનની રાજ્ય અને કેન્દ્ર સરકારની કામગીરીનો ઉલ્લેખ કરી જનલક્ષી યોજનાઓનો બહોળો લાભ મેળવવા સૌને અનુરોધ કર્યો હતો. કાર્યક્રમના પ્રારંભે મંત્રી શ્રીમતી બાબરીયાએ શિયાળામાં બનતી વૈવિધ્યસભર વાનગીઓ તેમજ પ્રાદેશિક પૌષ્ટિક વાનગીઓ, સરગવા જેવા સુપર ફૂડની વિશેષતા અને લીલા શાકભાજીઓનું મહત્વ, લોહતત્વનું મહત્વ, ટેક હોમ રાશન અને શ્રી અન્ન (મિલેટ્સ) તેમજ તેમાંથી બનતી વાનગીઓ, વિટામિન-સી (ચણીબોર, આંબળા, આંબલી, ખારેક, ગોટલી, કોઠું, ખજૂર, લીલી વરિયાળી, કાચીકેરી, શેરડી), ગ્રીન સલાડ, ફણગાવેલા કઠોળ, મિક્ષ કઠોળ, ફળોનું મહત્વ સમજાવતા વિવિધ સ્ટોલ્સની મુલાકાત પણ લીધી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ ભીમસિંહ તડવી, મહિલા અને બાળ વિકાસ વિભાગ કમિશનર-સચિવ રાકેશ શંકર, મહિલા અને બાળ વિકાસ વિભાગ આઈસીડીએસ કમિશનર ડો.રણજીતકુમાર સિંહ, જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, જીએસપીસી તથા ટાટા સ્ટીલના પ્રતિનિધિ, સંબંધિત વિભાગના અધિકારી-કર્મચારીઓ, આંગણવાડી કાર્યકરો, મુખ્યસેવિકા, વાલીઓ, કિશોરીઓ અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# ઉપલેટાઃ એચએમપી વાઈરસથી બચવા માટે માત્ર તકેદારી અનિવાર્યઃ ડો.બ્રિજેશ મોડિયા

## ૨૦૦૧થી અસ્તીત્વમાં રહેલા વાઈરસને ફેલાતો અટકાવવા સાવધાન રહેવા અપીલ

**અબતક**
**કિરીટ રાણપરીયા, ઉપલેટા**

દેશભરમાં એચએમપીવી વાયરસ ના કેસ ધીમે ધીમે વધી રહ્યા છે. ઉપલેટા શહેરને સૌપ્રથમ આઈસીયુ હોસ્પિટલની ભેટ આપનાર ન્યુ લાઈફ હોસ્પિટલ ના સેવાભાવી ડોક્ટર બ્રિજેશ મોડિયાએ આ વાયરસ અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે (ઈંખઙ્ઢ) હ્યુમન મેટાન્યુમોવાયરસ પૃથ્વી પર ૨૦૦૧ થી અસ્તિત્વમાં છે. તો સ્વાભાવિકપણે ઘણા ખરા દેશોમાં તેની હાજરી હોવાની જ.

સામાન્ય રીતે શિયાળાના સમય દરમિયાન વાયરલ ઈન્ફેકશનના કેસ માં વધારો જોવા મળે છે. શિયાળાના મહિનામાં અન્ય વાઈરલ ઈન્ફેકશન ની જેમ આ વાયરસની સંખ્યામાં પણ ઉછાળો આવે છે.મોટાભાગના કેસો શરદી ઉધરસથી આગળ વધતા નથી કે ગંભીર તકલીફ નથી આપતા. જો આ બાબતે થોડી તકેદારી રાખવામાં આવે તો તેના થી બચી શકાય છે અથવા ફેલાતો અટકાવી શકાય છે. શું કરવું? આ પ્રશ્નના જવાબમાં ડો. બ્રિજેશ એ જણાવ્યું હતું કે જ્યારે ઉધરસ અથવા છીંક આવે ત્યારે મોઢું અને નાકને રૂમાલ અથવા ટિસ્યુથી ઢાંકવું, નિયમિત રીતે હાથ સાબુ અને



પાણીથી ધોવાં કે સેનેટાઈઝરનો ઉપયોગ કરવો, ભીડભાડવાળા સ્થળોથી દૂર રહેવું અને લૂથી પીડિત વ્યક્તિઓથી ઓછામાં ઓછું એક હાથનું અંતર રાખવું. આ ઉપરાંત તાવ, ઉધરસ કે છીંક આવે છે તો જાહેર સ્થળો પર જવાનું ટાળવું જોઈએ. બને એટલું વધુ પાણી પીવું અને પૌષ્ટિક ખોરાક ખાવો જોઈએ જેથી શારીરિક તંદુરસ્તી જળવાય રહે. આ સિવાય પ્રબળ પ્રતિરોધક શકિત માટે પૂરતી ઊંઘ લેવી પણ જરૂરી છે. બીમારીઓ ફેલાતી અટકાવવા માટે યોગ્ય વેન્ટિલેશન વાળા વાતાવરણમાં રહેવું તથા શ્વસનને લગતા લક્ષણો જણાયતો ઘરમાં જ રહેવું અને બીજાઓ સાથે સંપર્ક મર્યાદિત કરવો એ આવશ્યક છે.

જ્યારે આવશ્યક ના હોય તો આંખ, નાક કે મોઢાને સ્પર્શ કરવો નહિ. ચેપ ગ્રસ્ત વ્યકિતએ વ્યક્તિગત ચીજવસ્તુઓ જેમ કે ટુવાલ, રૂમાલ અથવા અન્ય વાસણો બીજા વ્યક્તિના સંપર્કમાં કે ઉપયોગમાં ના આવે તેનું ધ્યાન રાખવા ડો. બ્રિજેશ એ જણાવ્યું હતું. આ ઉપરાંત ગભરાશો નહિ એમ કહી સાવચેતી રાખવાથી જ સલામત રહી શકાશે એવી સલાહ આપી હતી.

### કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૦-૦૧-૨૦૨૫ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ગોળ કેરી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ચીઝ ચટણી બોલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (અબેક્સ કોર્ષ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (દર્પણ ની આરપાર)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૧-૦૧-૨૦૨૫ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દીપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

### અબતક પંચાગ

**તા.૧૧-૧-૨૦૨૫ શનીવાર**

| | | | |
|---|---|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ | શાલીવાહન શકિઃ | ૧૯૪૬ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ | | |
| તિથી | પોષ શુદ બારસ તેરશનો ક્ષય મંદપ્રદોષ | | |
| નક્ષત્ર | રોહીણી | | |
| યોગ | શુકલ | કરણઃ | કૌલવ |
| સુર્યોદય | ૭.૨૯ | સુર્યાસ્તઃ | ૬.૨૧ |
| ચંદ્ર રાશી | વૃષભ રાત્રે ૧૧.૧૭થી મિથુન | | |
| રાશિ અક્ષર | બ.વ.ઉ/ક.છ.ઘ | | |
| દિશાશૂળ | પૂર્વ દિશા તરફ | | |
| રાહુકાળ | સવારે ૯ થી ૧૦.૩૦ | | |
| દિવસનાચોઘડીયા | કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ | | |
| રાત્રીનાચોઘડીયા | લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ | | |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૩૦ થી ૧.૧૫ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

### સૂડોકુ -૫૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| ૨ | ૭ | | | ૧ | ૪ | ૫ | ૬ | |
| ૪ | | | | | | ૧ | | ૨ |
| | ૮ | | ૨ | | | ૪ | | |
| ૭ | | | ૫ | ૪ | | | ૨ | ૧ |
| ૫ | | ૪ | | ૮ | ૯ | | | |
| | ૩ | | ૪ | | | | | |
| ૮ | | ૬ | | ૨ | ૭ | | | |
| ૯ | | | | | | | ૭ | ૪ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૫૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૨ | ૮ | ૪ | ૭ | ૩ | ૧ | ૫ |
| ૩ | ૭ | ૫ | ૧ | ૬ | ૨ | ૮ | ૯ | ૪ |
| ૮ | ૧ | ૪ | ૩ | ૯ | ૫ | ૨ | ૬ | ૭ |
| ૧ | ૫ | ૬ | ૭ | ૩ | ૯ | ૪ | ૮ | ૨ |
| ૪ | ૨ | ૯ | ૫ | ૮ | ૧ | ૬ | ૭ | ૩ |
| ૭ | ૩ | ૮ | ૪ | ૨ | ૬ | ૧ | ૫ | ૯ |
| ૨ | ૬ | ૧ | ૯ | ૭ | ૩ | ૫ | ૪ | ૮ |
| ૫ | ૮ | ૭ | ૨ | ૧ | ૪ | ૯ | ૩ | ૬ |
| ૯ | ૪ | ૩ | ૬ | ૫ | ૮ | ૭ | ૨ | ૧ |

### આવતીકાલનું રાશિફળ

**તા.૧૧.૧.૨૦૨૫, શનિવાર, સંવંત ૨૦૮૧, પોષ સુદ બારસ, રોહિણી નક્ષત્ર, શુકલ યોગ, કૌલવ કરણ, આજે રાત્રે ૧૧.૫૪ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ વૃષભ (બ,વ,ઉ) ત્યારબાદ મિથુન (ક,છ,ઘ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, મહત્વના કાર્ય સ્વર બાજુ કરવા.

**વૃષભ (બ,વ,ઉ)** : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, દિવસ મધ્યમ રહે.

**મિથુન (ક,છ,ઘ)** : ભાગીદારીમાં કામ હોય તો લાભ મેળવી શકો, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**કર્ક (ડ,હ)** : શત્રુઓથી સાવધાન રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે, અંગત લોકોમાં મતભેદ રહી શકે.

**સિંહ (મ,ટ)** : સંતાન અંગે સારું રહે, અંગત સંબંધો સુધારી શકો, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ)** : જમીન મકાન વાહન સુખ સારું રહે, પ્રોપર્ટી બાબતે નિર્ણય કરી શકો, આગળ વધવાની તક મળે.

**તુલા (ર,ત)** : નોકરિયાતવર્ગને સારું રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નવા કાર્યમાં લાભ મેળવી શકો.

**વૃશ્ચિક (ન,ય)** : આર્થિક બાબતોમાં સારું રહે, બેન્ક બેલેન્સ વધારી શકો, ધાર્યા કામ પાર પાડી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : મિત્રોની મદદ મળી રહે, કામકાજમાં સફળતા મળે, દિવસ પ્રગતિકારક રહે.

**મકર (ખ,જ)** : ખર્ચ પર અંકુશ રાખવો જરૂરી, બજાર બાબતનું ગણિત સંભાળીને કરવું, વધુ વિશ્વાસે ના ચાલવું.

**કુંભ (ગ,સ,શ)** : સગા સ્નેહી મિત્રોથી સારું રહે, કાર્યમાં પ્રગતિ કરી શકો, નવી દિશા ખુલતી જણાય.

**મીન (દ,ચ,ઝ,થ)** : નવા કાર્ય અંગે ઠોસ કદમ ઉઠાવી શકો, આશાનું કિરણ જોવા મળે, પ્રગતિકારક દિવસ.

# ગુજરાતી ફિલ્મ ''તારો થયો'' જીવનભરના સંગાથની કથા દરેકનું મન મોહી લેશે

## ''તારો થયો'' લવ સ્ટોરી સાથે મ્યુઝિકલ એન્ટરટેનમેન્ટ આપતી ફિલ્મ ૧૭મીએ સિનેમા ઘરોમાં ધૂમ મચાવશે





તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

ભારતીય સિનેમા માં ભારતભરમાં નિર્માણ થતી ફિલ્મોનો સમાવેશ થાય છે જેમાં મુંબઈના સિનેમાની સંસ્કૃતિ ઉપરાંત આંધ્ર પ્રદેશ, આસામ, કર્ણાટક, કેરળ, પંજાબ, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોની સિનેમાની પરંપરાનો સમાવેશ થાય છે. એમાં પણ આજે ખાસ ગુજરાતી સિનેમાને એક માધ્યમ તરીકે દેશમાં લોકપ્રિયતા મળી છે


'અબતક' ના મેનેજીંગ ટ્રસ્ટી સતિષકુમાર મહેતાએ જણાવ્યું હતું કે, ગુજરાતી ફિલ્મ સાત્વિક મનોરંજન અને લોક સાંસ્કૃતિકને ઉજાગર રાખવાનું મહત્વનું કામ કરે છે. ત્યારે ગુજરાતી ફિલ્મ નિર્માતાઓને ફિલ્મ બનાવવામાં જેટલી તકેદારી અને ચીવટ રાખવામાં આવે છે. એટલી જ ચીવટ પ્રમોશન અને પ્રચાર પ્રસાર માટે રાખવી જોઈએ. દેશ-દુનિયાભરમાં વસતાં ગુજરાતી પરિવારો ગુજરાતી ફિલ્મ પહોચાડવામાં પ્રચાર-પ્રસાર અનિવાર્ય છે.

આધુનિક ટેકનોલોજીના કારણે પ્રોડક્ટ રજૂ કરવાના પ્રસ્થાપિત સિનેમેટિક નિયમોમાં સુધારો થયો અને લક્ષ્યાંકિત દર્શકો સુધી સામગ્રી પહોંચાડવાની પદ્ધતિમાં ધરમૂળથી ફેરફાર થ ફેરફાર થયો જોવા મળે છે એમાં પણ ગુજરાતી ફિલ્મ તારો થયો' એ પ્રેમના જાદુને સેલિબ્રેટ કરે છે,કેદાર પટેલ અને મિતાલીના પાત્રની આસપાસ કરે છે. જેમાં ગુજરાતી ફિલ્મના જાણીતા અભિનેતા હિતેનકુમાર કેદારની ભૂમિકામાં અને ગુજરાતી લેખિકા કાજલ ઓઝા વૈધ મિતાલીની ભૂમિકા ભજવી રહ્યા છે. આ સિવાય આરવ અને અંતરાની પણ ફિલ્મમાં આગત્વની ભૂમિકા છે. જે અનુક્રમે સન્ની પંચોલી અને વીમા નાંદી ભજવી સામ આ તમામ પાત્રોની આસપાસ વણલોટી વાતી ।બિત કરે છે કે. સાથે પ્રેમ એટલે એક જ વ્યક્તિને પ્રેમમાં વારંવાર પડવું. જે ફિલ્મ ગુજરાતી સિનેમાની દુનિયાને નવા ક્ષિતિજો સુધી પહોંચાડ્યા છે ,જેમાં પાત્રો છે કેદાર અને મિતાલી અને જેને ભજવી રહ્યા છે, ફિલ્મજગતના નામી કલાકારો હિતેન કુમાર અને કાજલ ઓઝા વૈધ તથા આરવ અને અંતરાનું પાત્ર સની પંચોલી અને વ્યોમા નંદી દ્વારા ભજવવામાં આવેલ છે. એકસાથે, આ બધા પાત્રો જીવનની સફર મા એકબીજાને ફરીથી મદદ કરે છે અને સાબિત કરે છે કે સાચો પ્રેમ એટલે એક જ વ્યક્તિના પ્રેમમાં વારંવાર પડવું.આ ફિલ્મનું નિર્માણ મુંબઈ સ્થિત લીલા મોહન પ્રોડક્શન હાઉસ દ્વારા કરવામાં આવ્યું છે,નિર્માતા વિજય ચૌહાણ, નિધિ ચૌહાણ અને સંજય ચૌહાણ છે. ફિલ્મના દિગ્દર્શક એવોર્ડ વિજેતા એડિટર અને ડિરેક્ટર ધર્મેશ પટેલ છે.

આ ફિલ્મમાં હિતેન કુમાર, કાજલ ઓઝા વૈદ્ય, સની પંચોલી, વ્યોમા નંદી, નમન ગોર, રીવા રાચ્છ, વિસ્તાસ્પ ગોટલા, સોનુ ચંદ્રપાલ, જહાનવી પટેલ, ફિરોઝ ઈરાની, હિતેશ રાવલ, જિજ્ઞેશ મોદી અને ખાસ હાજરીમાં હિતુ કનોડિયા છે. તારો થયો ફિલ્મની વાર્તા જાણીતા લેખક અને પ્રેરક વક્તા કાજલ ઓઝા વૈદ્ય દ્વારા લખવામાં આવી છે.ફિલ્મનું સંગીત રિપુલ શર્મા અને અભિજીત વાઘાણી દ્વારા આપવામાં આવ્યું છે.

ફિલ્મમાં ૬ ગીતો છે. સુપ્રસિદ્ધ ગાયક ઓસ્માન મીરે આ ફિલ્મની મ્યુઝિકલ જર્નીમા સામેલ છે. ફિલ્મનું સંગીત પેનોરમા મ્યુઝિક પર છે. આ ફિલ્મ પેનોરમા સ્ટુડિયો દ્વારા દેશભરમાં રિલીઝ કરવામાં આવી રહી છે. આ ફિલ્મ ૧૭મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે.

### તારો થયો ફિલ્મ થકી'' રામલો'' ફરી જોવા મળશેઃ હિતેનકુમાર



અબતક સાથેની વાતચીતમાં કલાકાર હિતેન કુમારે જણાવ્યું હતું કે'તારો થયો' માત્ર એક ફિલ્મ નથી, તે એક મ્યુઝિકલ એસ્પિરિયન્સ છે જે મનોરંજન સાથે ભાવનાત્મક કડીઓ પણ આપે છે સમય સાથે શાશ્વત બની ગઈ છે, અને તે ગુજરાતી સિનેમાને એક નવો ઊંચકો આપતી હતી તેમનાં પ્રેમને કારણે આજે પણ તેઓ એક પ્રેરણારૂપ છે. આજના યુવાનો માટે પ્રેરણાનું સ્રોત છે કે કેવી રીતે સાહસ અને શ્રમથી સફળતા મેળવી શકાય છે. ગુજરાતી સિનેમામાં હું એવો વ્યક્તિ છું કે જેને યુવા પેઢી સાથે પણ કામ કરવાનો મોકો મળ્યો છે આ ફિલ્મ પરથી એવું કહી શકાય કે તમારો ''રામલો ''પાછો જોવા મળશે આ ઉપરાંત આ ફિલ્મમાં, મીઠી લવ સ્ટોરીને વધુ અસરકારક બનાવતા ગીતો તો કેટલીક વાર કટોકટીના અવસર પર સંવાદ પ્રદર્શિત કરતા ગીતો – આ તમામમાં ભારતીય સંગીતના તત્વોનું સમરણ જોવા મળે છે.ગુજરાતી સિનેમાએ છેલ્લા કેટલાક વર્ષોમાં એક મજબૂત વલણ લઈ લીધું છે, જયાં પ્રેક્ષકો માત્ર કથામાં નહીં પરંતુ ગીતોમાં પણ ઘણું શોધ છે. આ ફિલ્મના ગીતો શ્રોતાઓને ડીઝિટલ પોટફોર્મ પર લાંબા સમય સુધી સાંભળવાનું થાય એવું સંગીત ધરાવે છે. 'તારો થયો' માત્ર એક ફિલ્મ નથી, તે એક મ્યુઝિકલ એક્સપિરિયન્સ છે જે મનોરંજન સાથેપણ આપે છે.

### ચુકી ગયેલી મોસમને ફરીથી જીવતા શીખવાડતી ફિલ્મ એટલે તારો થયોઃ વ્યોમાં નંદી



અબતક સાથેની વાતચીતમાં વ્યોમાં નંદી એ જણાવ્યું હતું કે આ ફિલ્મમાં ખરેખર પ્રેમ એટલે શું? તેમજ ચુકી ગયેલી મોસમને ફરીથી જીવતા શીખવે તેવી ફિલ્મ છે વાર્તાઓ પણ રસપ્રદ છે આ ફિલ્મમાં પ્રેમ ઉપરાંત સંગાથ સમર્પણ ની વાત રજૂ કરવામાં આવી છે,જેમાં ગુજરાતી સિનેમાના જાણીતા અને લોકપ્રિય અભિનેતા હિતેનકુમાર ને સૌ કોઈ ઓળખે છે. તેની સાથે કામ કરવાનું એક લાવો કહેવાય, આ ફિલ્મ શ્રોતાઓને એક યાદગાર મ્યુઝિકલ સફર પર લઈ જાય છે

### ફિલ્મના ગીતોમાં પ્રેમ, વિરહ, ઉમંગ અને જીવનની વિવિધ લાગણીઓનું ચિત્રણઃ ધર્મેશ પટેલ



અબતક સાથેની વાતચીતમાં ડાયરેક્ટર જણાવ્યું હતું કે,તારો થયો' ફિલ્મમાં કુલ ગીતો છે જે પ્રેક્ષકોના પનને સ્પર્શે મીઠાશ ધરાવે છે. આ ગીતોમાં પ્રેમ, વિરહ, ઉમંગ અને જીવનની વિવિધ લાગણીઓનું ચિત્રણ કરવામાં આવ્યું છે. જો કે, ફિલ્મનું મુખ્ય આકર્ષણ એ છે કે દરેક ગીત ગુજરાતની સંસ્કૃતિને વવ્યક્ત તાજગીભર્યો અનુભવ કરાવે છે.રિપુલ શર્મા અને અભિજીત વાઘાણી બંનેને મ્યુઝિક કોમ્પોઝિંગમાં વિશાળ અનુભવ છે. રિપુલ શર્માએ અગાઉ પણ ગુજરાતી ફિલ્મોને હિટ ગીતો આપ્યા છે, અને આ ફિલ્મમાં પણ તેમના સંગીતના વિવિધ શ્રેણીના એસપરિમેન્ટ જોવા મળે છે.આ ફિલ્મની મ્યુઝિકલ સફરમાં જેનાથી ખાસ ચમક જોવા મળે છે તે છે . ખાસ કરીને પ્રેમભથી ગીતો અને સોફ્ટ મ્યુઝિકમાં તેમનો અવાજ શ્રોતાઓને દિલ સુધી પહોંચાડે છે. તેમની પેશકશમાં એક ખાસ પાત એ છે કે તેઓ દરેક ગીતમાં એવી ભાવનાને જીવંત કરે છે કે કોતાને ગીત સાંભળતી વખતે તે કથા સાથે જોડાય છે.ફિલ્મમાં દરેક ગીતનું પોતાનું અલગ રંગ અને અલગ મિજાજ છે. ફિલ્મના દરેક ગીતની લિરિક્સ એટલી સુંદર છે કે તે શ્રોતાને પ્રથમ જ વાર સાંભાળવામાં ભાવવશ કરીકરવામાં આવ્યું છે, જે છેલ્લા થોડા સમયથી ભારતીય સંગીત જગતમાં પોતાની આગવી ઓળખ બનાવી રહ્યું છે. પેનોરમાની માર્કેટિંગ ટીમે ફિલ્મના મ્યુઝિકને ખૂબ નવીનતમ રીતે પ્રચારિત કર્યું છે, મ્યુઝિક લોન્યના અવસરે ફિલ્મના ગીતોને દર્શકો તરફથી ખૂબ જ સરસ પ્રતિસાદ મળ્યો છે. ગુજરાતી ફિલ્મમેકર્સ હવે નવું અને પ્રયોગાત્મક છે.સંગીત લાવવા માટે ઉત્સુક છે, અને 'તારો થયો'નું સંગીત એના શ્રેષ્ઠ ઉદાહરણ છે

### ''તારો થયો'' વિઝન -ઈમોશન સાથે એક માસ્ટર ફિલ્મઃ સન્ની પંચોલી



અબતક સાથેની વાતચીતમાં શનિ પંચોલી એ જણાવ્યું હતું કે''તારો થયો ''ફિલ્મ સાબિત કરે છે કે સાચો પ્રેમ એટલે એક જ પાક્તિના પ્રેમમાં વારંવાર પડવું, ફિલ્મની વાર્તાના લેખક કાજલ ઓઝા વૈદ્યએ આ વિષય પર જે પરિણામો દર્શાવ્યા છે તે મા આજના યુવાનોના સંબંધોની મજબૂએ વાત ચોક્કસ છે કે પોતાના અભિનય, પ્રતિમા અને પાવર-પેક્ટ પર્ફોર્મન્સથી ફિતેન કુમાર કરીથી સાબિત કરી કે તેઓ ગુજરાતી સિનેમાના હાર્દ અને આ ફિલ્મના હાર્ટ સમય છે. આ યુવા પેઢીની માન્યતા અને લાગણીઓનું દરેક પાસામાં તેમનું સમર્પણ રેડ્યું છે. તેમની પ્રતિબંધમશ સ્કીન પર ચમકે છે, જે 'તારી થયો' ને વિઝન અને ઈમોશન્સ સાથે એક માસ્ટરપીસ બનાવે છે

### જીવનભરના સંગાથની વાતોની ઝલક બતાવતી બેનમૂન પટ કથાઃ રાવી રાજ



અબતક સાથેની વાતચીતમાં રાવી રાજે જણાવ્યું હતું. તારો થયો'' ફક્ત એક રોમેન્ટિક ફિલ્મ નથી, પરંતુ તે સંગીતમય પાત્રડની કાવ્યાત્મક રજૂઆત છે, તે ગુજરાતી સિનેમાના દર્શકો માટે એક યાદગાર અનુભવ બની રહેશે. પ્રેમની યાદો અને જીવનભરના સંગાથની વાતોની ઝલકજોવા મળશે,ગુજરાતના જાણીતા લેખક કાજલ ઓઝા વૈદ્ય અને વિખ્યાત અત્રિનેતા હિતેન કુમાર સ્ટારર ફિલ્મ 'તારી થયો' જીવનભરના સંગાથની વાતોની પ્રથમ ઝલકને જીવંત કરતી બેનમૂન પટકથા છે. આ અને ટ્રેલરને ફિલ્મચાહકો દ્વારા ખૂબ જ પસંદ કરવામાં આવી રહ્યા છે.

---

# 'યહી સમય હૈ- સહિ સમય હૈ' પાટીદાર સમાજે ભવિષ્યલક્ષી આયોજન થકી વિકાસની હરણફાળ ભરી છેઃ સીએમ



તસ્વીરઃ પ્રવિણ દોંગા જામકંડોરણા




## સરદાર સાહેબની વિચક્ષણતા - પુરૂષાર્થ અને સાહસના સ્વભાવની વિરાસત પાટીદાર સમાજે દેશ-વિદેશમાં આગવી ક્ષમતાથી ઉજાગર કરી છેઃ કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયા

### સરદારધામ આયોજીત ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ અને એક્ઝિબિશનનો આરંભ

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં સરદારધામ આયોજિત ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ અને એક્ઝિબિશનનો પ્રારંભ કરાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, પાટીદાર સમાજે ભવિષ્યલક્ષી આયોજનો સાથે વિકાસની હરણફાળ ભરી છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી હંમેશાં સમયથી આગળનું વિચારતા વિઝનરી નેતા છે. તેમણે અનેક નવતર પહેલથી દેશનું નામ દુનિયાભરમાં ઊજાળ્યું છે અને તેઓ ભારત માટે કહે છે, યહી સમય હૈ, સહી સમય હૈ. તે વાતને પાટીદાર સમાજે બરાબર સાર્થક કરી છે.

ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ અને એક્ઝિબિશન સમાજની આર્થિક, સામાજિક, ઔદ્યોગિક ક્રાન્તિમાં યુવાશક્તિના સામર્થ્યને ઉજાગર કરતા અવસર તરીકે સરદારધામ દ્વારા ઉજવવામાં આવે છે.

૧૨ જાન્યુઆરી દરમિયાન આ વર્ષ-૨૦૨૫ની સમિટ અને અંદાજે ૧ લાખ સ્કવેર મીટરમાં વિસ્તરેલા વિશાળ એક્ઝિબિશનનો પ્રારંભ, કેન્દ્રિય શ્રમ-રોજગાર અને યુવા બાબતો તથા રમતગમત મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયા, ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી તથા વરિષ્ઠ પાટીદાર અગ્રણીઓની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીએ કરાવ્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે વધુમાં કહ્યું કે, વેપાર-ઉદ્યોગની ગુજરાતની ખ્યાતિ અને ક્ષમતાને વિશ્વ સમક્ષ મૂકવાની પહેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૦૩ના સફળ આયોજનથી નરેન્દ્રભાઈ મોદીએ કરી હતી. આ વાયબ્રન્ટ સમિટ આજે ગુજરાતના વિકાસ રોલમોડેલની અને સામાજિક ક્રાન્તિની ઓળખ બની ગઈ છે. એટલું જ નહીં, દેશના અન્ય રાજ્યો પણ આવી સમિટ યોજતા થયા છે.

તેમણે ઉમેર્યું કે, પાટીદાર સમાજે આ વાયબ્રન્ટ સમિટની પ્રેરણાથી ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટના સફળ આયોજનોથી ઔદ્યોગિક અને સામાજિક વિકાસની નવી દિશા કંડારી છે. ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટને પરિણામે યુવાઓ અને નવા ઉદ્યોગ સાહસિકો ઉદ્યોગો શરૂ કરવા માટે પ્રેરિત થયા છે.

ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વિકસિત ભારત૨૦૪૭ માટે ૨૪x૭ કાર્યરત છે, તેમાં સમાજશક્તિ પણ પૂરી તાકાતથી જોડાઈને દેશના અમૃતકાળમાં વિકસિત ભારત-વિકસિત ગુજરાતનો કર્તવ્યકાળ બનાવે તે સમયની માંગ છે.

મુખ્યમંત્રીએ આ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ અને એક્સ્પોમાં બધા જ સમાજોની સહભાગિતાની પ્રશંસા કરતાં કહ્યું કે, સરદાર સાહેબનો એકતાના બળે પ્રગતિનો વિચાર અહીં સૌના સાથ સૌના વિકાસના પ્રધાનમંત્રીના મંત્ર સાથે સાકાર થયો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મહાનુભાવોએ આ પ્રસંગે સરદાર પટેલ ઈન્ટરનેશનલ બિઝનેસ ઓર્ગેનાઈઝેશનની વેબસાઈટનું લોન્ચિંગ તેમ જ જીપીબીએસ-૨૦૨૬ યુ.એસ.એ.નું પ્રિ-લોન્ચિંગ પણ પ્રેઝન્ટેશન દ્વારા કર્યું હતું. તેમણે સમાજના વિવિધ દાતાઓનું પણ આ તકે સન્માન કર્યું હતું.

કેન્દ્રીય રમત ગમત અને શ્રમ રોજગાર મંત્રી ડો.મનસુખ માંડવિયાએ પાટીદાર સમાજની વિશેષતા વર્ણવતા કહ્યું કે, આપણે એ સમાજ છીએ જેનો ખેડૂત ખેતરમાં સખત મહેનત કરીને શ્રદ્ધા સાથે કુદરતના ભરોસે જીવે છે. મહેનત, પુરુષાર્થ અને સાહસનો સ્વભાવ હોવાથી, ગામડાંથી શહેર, અને શહેરથી દેશ-વિદેશ સુધી પટેલ સમાજ ફેલાયેલો છે.

એક ભારત, શ્રેષ્ઠ ભારત, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાકાર કરી રહ્યા છે. દેશ પરિવર્તન સાથે આગળ વધી રહ્યો છે અને મોદીજીના નેતૃત્વમાં વિકસિત ભારત બનવા જઈ રહ્યું છે. યુવાનો માટે ધંધા -વ્યવસાય માટે દેશમાં ઉત્તમ પ્રકારના અવસરોનું સર્જન થઈ રહ્યું છે. વિશ્વના વિકસિત દેશો પણ વિકાસની ગતિમાં ધીમા પડી રહ્યા છે ત્યારે ભારતનું અર્થતંત્ર ૮% ના દરે વિકસી રહ્યું છે. વર્ષ ૨૦૨૬ ના અંત સુધીમાં ભારતની ઈકોનોમી સાત ટ્રિલિયન ડોલર થાય એ દિશામાં, દેશ આગળ વધી રહ્યો છે. ૨૦૪૭માં આઝાદીનો શતાબ્દી મહોત્સવ ઉજવાય ત્યારે દેશને ૩૦ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી સુધી લઈ જવાની વડાપ્રધાનશ્રીની નેમ છે. તેના માટે ભારત સરકાર- રાજ્ય સરકારો સાથે મળીને, સાતત્ય પૂર્ણ આયોજન કરી રહી છે. દેશમાં મિડલ ક્લાસ, અપર મિડલ ક્લાસ, મોટા પ્રમાણમાં વધી રહ્યો છે. એટલે કે દેશની અંદર ખરીદીની ક્ષમતા વધી રહી છે. જ્યારે કોઈ દેશમાં પરચેઝ પાવર વધતો હોય ત્યારે, ઉદ્યોગ જગત માટે મોટી તકો છે. એ તક પાટીદાર સમાજના યુવાનો એન્કેશ કરે એ સમયની માંગ છે.

ડો. મનસુખ માંડવીયાએ સમાજને એક્તા અને સંગઠીતતા સાથે વિકાસ રાહે આગળ વધવા આહવાન કર્યુ હતું. તેમણે કહ્યું કે, સરદારધામના અમ્બ્રેલા કવર નીચે અન્ય સૌ પાટીદાર સમાજો એક થઈને સર્વગ્રાહી વિકાસ માટે સાથે આવે. વિકસિત ભારતના વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરવામાં આનાથી મોટું બળ મળશે એમ તેમણે કહ્યું હતું.

ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ, દેશ -વિદેશના પાટીદારોને સાથે રાખીને સરદાર ધામના માધ્યમથી રાષ્ટ્રની એકતાને મજબૂત કરવાના પ્રયત્ન માટે સરદારધામના ટ્રસ્ટીઓને અભિનંદન આપીને, શુભેચ્છા પાઠવી હતી.

સરદાર ધામની એકતાના શિલ્પી અને પ્રમુખ સેવક ગગજીભાઈ સુતરીયાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, ૪૧૦૦થી વધુ દીકરા દીકરી ઓ સરદાર ધામના માધ્યમથી યુ પી એસ સી, જી પી એસ સી પાસ કરીને દેશ માટે કામ કરી રહ્યા છે. તકદીર, તસવીર અને તાસીર બદલવાની નેમ સાથે તેમણે જણાવ્યું કે, આ સામાજિક ક્રાંતિ છે. ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાંબેન પટેલ, ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, વિવિધ જ્ઞાતિઓના અગ્રણીઓ, તમામ ટ્રસ્ટીઓ, દાતાઓ, અગ્રણી આગેવાનો, વિદ્યાર્થીઓ અને પાટીદાર સમાજ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો. આ કાર્યક્રમની આભાર વિધિ સરદાર ધામના ગોવિંદભાઈ વરમોરાએ કરી હતી.

તંત્રી લેખ

# રાજકીય પક્ષોને શિસ્તના સરનામા આપો

ભારત જેવા દેશમાં જ્યાં સત્તાનું સંપૂર્ણપણે વિ-કેન્દ્રીયકરણ કરવામાં આવ્યું છે ત્યાં સેવા કામો કરવા માટે પણ જાણે ગળાકાંપ હરિફાઇ જામતી હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. જનપ્રતિનિધિઓમાં શિસ્તનો સંપૂર્ણપણે અભાવ જોવા મળી રહ્યો છે. અગાઉ જે પાર્ટીને શિસ્તબધ્ધ પાર્ટી કહેવામાં આવતી હતી તે ભારતીય જનતા પાર્ટીમાં પણ હવે પદ મેળવવા માટે ગળાકાંપ હરિફાઇ ચાલી રહી છે.

ખરેખર રાજકીય પક્ષો અને નેતાઓને શિસ્તના સરનામા ચીંધાડવાની તાતી જરૂરિયાત દેખાઇ રહી છે. જે રિતે લોકમાનસ પટ પર નેતાઓ અંગેની છાપ છે તેને સુધારવામાં નહિં આવે તો આગામી દિવસોમાં નવી પેઢી રાજકારણમાં આવશે નહિં. રાજનીતિનો માહોલ દિનપ્રતિદિન કથળી રહ્યો છે. નેતાઓમાં શિસ્તનો અભાવ જોવા મળી રહ્યો છે. ખુરશી બચાવવા કે મેળવવા માટે કોઇપણ હદ સુધી નેતાઓ જઇ રહ્યા છે. જે લોકશાહી માટે ખૂબ જ ખરાબ નિશાની મનાઇ રહી છે.

શિસ્તની દુહાઇ દેતી ભારતીય જનતા પાર્ટીમાં હાલ સંગઠન રચનાની કામગીરી ચાલી રહી છે. જેમાં પક્ષ દ્વારા સંપૂર્ણપણે લોકશાહી સિસ્ટમ અપનાવવામાં આવી રહી છે અને મંડલ પ્રમુખથી લઇ પ્રદેશ પ્રમુખ સુધીની નિયુકતીમાં દાવેદારોના ઉમેદવારી ફોર્મ ભરાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ પ્રક્રિયાના કારણે પક્ષમાં જે જૂથવાદના લબકારા બંધ બારણે ચાલતા હતા તે હવે લોકો સમક્ષ ખુલ્લા પડી ગયા છે. મંડલ પ્રમુખ બનવા માટે કાર્યકરોએ પોતાના મૂળ દસ્તાવેજી પૂરાવામાં પણ છેડછાડ કર્યા હોવાની ઘટના સામે આવી હતી. બીજી તરફ જિલ્લા અને મહાનગરોના પ્રમુખ બનવા માટે દિલ્હી સુધી લોબિંગ કરવામાં આવી રહ્યું છે. એક જ પાર્ટીમાં હોય અને સમાન વિચારધારા ધરાવતા હોવા છતાં તંદુરસ્ત હરિફાઇ કરવાના બદલે ખેંચતાણ પર નેતાઓ ઉતરી આવ્યા છે. જેના કારણે એક જ પક્ષના નેતાઓ જાણે એકાબીજાના જાની દુશ્મન હોય તેવો માહોલ રચાઇ ગયો છે.

અગાઉ કોંગ્રેસમાં પણ શિસ્તના ધજાગરા ઉઠતાં હતા ત્યારે એવું મનાતું હતું કે કોંગ્રેસમાં તો આવું ચાલ્યા કરે પરંતુ હવે ભાજપમાં પણ આવો જ સિનારિયો જોવા મળી રહ્યો છે. ખુરશી કે રૂઆબદાર હોદ્દો મેળવવા માટે અંદરો-અંદર નેતાઓ લડી રહ્યા છે. માત્રને માત્ર પોતાનો અંગત સ્વાર્થ સંતોષવા માટે પક્ષની મૂળભૂત વિચારધારા સાથે રાજરમત રમવામાં આવી રહી છે.

# આ વર્ષે મકર સંક્રાંતિનું વાહન 'વાઘ', વસ્ત્ર 'પીળુ' અને તિલક 'કેશર'

## મંગળવારે સવારે ૮:૫૪ કલાકે કમુરતા ઉતરી જશે, આ વર્ષ ચોમાસામાં વરસાદ પણ સારો પડશે: શાસ્ત્રી રાજદીપભાઇ જોશી

**અબતક,રાજકોટ**

વિક્રમ સંવત ૨૦૮૧ પોષ વદ એકમને મંગળવાર તા.૧૪ના રોજ સવારના ૮.૫૪ કલાકે સૂર્યગ્રહ ધનરાશીમાંથી મકરરાશીમાં પ્રવેશ કરશે અને કમુરતાની પુર્ણાહુતી થશે તે સમયે પુનવર્સુ નક્ષત્ર વિષ્કુભયોગ બાલવકરણ અને ચંદ્ર કર્ક રાશી મા છે

સંક્રાંતિની વિગત પર નજર કરવામાં આવે તો વાહન વાઘ, ઉપવાહન અશ્વ, વસ્ત્ર પીળુ, તિલક કેશર, જાતી સર્પ, વારનામ મોહદરી, ભક્ષણ દુધ પાક, આભુષણ મોળી, પાત્ર રૂપુ, આગમન પર્વથી, મુળ દક્ષિણ અને ગમન પશ્ચિમ તરફ છે.

સંક્રાંતિ જેજે વસ્તુ સાથે સંબંધ ધરાવે તે મોંઘી થાય તથા જે પ્રાણી તથા દિશા સાથે સંબંધ ધરાવે તેને હાની થાય.

### સાત પ્રકારે તલનો ઉપયોગ કરવો શુભ છે

૧. તલ ખાવા, ૨. તલના તેલનો શરીરે લેપ કરવો, ૩.તલનો હોમ કરવો, ૪. તલવાળુ પાણી પીવું, ૫. તલવાળા જળથી સ્નાન કરવું, ૬. તલનું દાન દેવું, ૭. કાળાતલ પાણીમાં પધરાવી અને પીપળે પાણી રેડવું.

આ વર્ષે સંક્રાંતિનું વાહન વાઘ છે ઉપવાહન અશ્વ છે આથી વાઘ તથા અશ્વ પ્રાણીને હાની થાય રોગચાળો ફેલાઈ, હળદર ચણાની દાળ સોનાના ભાવ વધે પાત્ર રૂપુ હોવાથી ચાંદીના ભાવ પણ વધે.

યુવાન લોકોએ પોતાની તંદુરસ્તી જાળવી રાખવી જરૂરી બને મકર સંક્રાંતી ૪૫ મુહુર્ત સમયે છે. આથી વરસાદ સારો થાય.

મકર સંક્રાંતિના દિવસે સવારે ઉઠી અને નિત્યકર્મ કરી સ્નાન ના પાણીમાં લાલ તલ પધરાવી સ્નાન કરવું ત્યારબાદ સૂર્યને અર્ધ આપવું આ દિવસે પિતૃતર્પણ કરાવું પણ શુભ છે.આ દિવસે દુધ પાણી સાકર અને કાળા તલ મીક્ષ કરી અને શિવલીંગ ઉપર ચડાવાથી શની-રાહુ પીડા દુર થાય છે.

આ દિવસે ગાયોને ઘાસ નાખવું પણ ઉત્તમ ગણેલ છે.

### રાશી પ્રમાણે દાનની વિગત

**મેષ,સિંહ,ધન**

કાળાતલ, કાળુ અથવા બ્લુ કાપડ, સ્ટીલનું વાસણ દાન કરવું

**વૃષભ,તુલા, મકર**

ઘઉં, ગોળ, લાલતલ, લાલ કાપકડ, તાંબાનું વાસણ

**મિથુન, વૃશ્ચિક, મીન**

ઘી, ખાંડ, સફેદ તલ, ચોખા, સફેદ કાપડ,

**કર્ક,કન્યા, કુંભ**

ચણાની દાળ, પીળુકાપડ, પીતળનું વાસણ

મકર સંક્રાંતિના દાનનો શુભ સમય સવારે ૮.૫૪ થી સાંજે ૬.૨૩ સુધી.

# અમરેલી: પ્રયાગરાજ કુંભ માટે હિન્દુ પરિષદ દ્વારા તબીબી ટીમ સાથે એમ્બ્યુલન્સની સેવા

## ડો. પ્રવીણ તોગડીયાના માર્ગદર્શન હેઠળ દોઢ કરોડ લોકો માટે ભોજન આવાસ નિવાસની વ્યવસ્થા



**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય બજરંગ દળ, રાષ્ટ્રીય ઓજસ્વી અને ઈન્ડિયા હેલ્થ લાઈન દ્વારા ઉત્તર પ્રદેશ પ્રયાગ રાજ ખાતે જે મહાકુંભ સ્નાન નો ઉત્સવ ઉજવાઈ રહ્યો છે ત્યારે અમરેલી જિલ્લામાંથી સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડોક્ટર જી.જે ગજેરાના નેતૃત્વમાં ઈન્ડિયા હેલ્થલાઈન આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની એમ્બ્યુલન્સ સેવા માટે મોકલવામાં આવી જેમાં સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણના નેતૃત્વમાં જામનગર વિભાગ સંગઠન મંત્રી ઉપેન્દ્ર ભાઈ ત્રિવેદી અને એમ્બ્યુલન્સ ચાલક રાષ્ટ્રીય બજરંગ દળ સહેર અધ્યક્ષ મહેશભાઈ સોલંકી આ કાર્યકર્તા ભાઈઓને એમ્બ્યુલન્સ સાથે જય શ્રી રામના નારા સાથે પ્રસ્થાન કરાવ્યું હતું આ કુંભમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક એવા ડોક્ટર પ્રવીણભાઈ તોગડિયાના નેતૃત્વમાં કુંભમેળામાં લગભગ દોઢથી બે કરોડ માણસોને ભોજનની વ્યવસ્થા રહેવા, માટે ઉતારાની વ્યવસ્થા, ચા પાણી નાસ્તાની વ્યવસ્થા ,અને સાથે ઈન્ડિયા હેલ્થ લાઈન દ્વારા લગભગ દસક હજાર ડોક્ટરો પણ આમાં સેવા આપવા જઈ રહ્યા છે

ત્યારે અમરેલી જિલ્લાના પણ ડોક્ટરો ગજેરાના નેતૃત્વમાં ડોક્ટર કિરીટભાઈ દેસાણીની રાહબરી નીચે અમરેલી જિલ્લામાંથી પણ વીસ જેટલા ડોક્ટરો સેવા આપવા જઈ રહ્યા છે આ તકે ઉપસ્થિત ભાવનગર વિભાગ અધ્યક્ષ ડોક્ટર દેસાણી રાષ્ટ્રીય છાત્ર પરિષદ મંત્રી મજબૂત સિંહ બશીયા તેમજ અમરેલી જિલ્લા પ્રમુખ સુરેશભાઈ સોલંકી જિલ્લા કાર્યકારી અધ્યક્ષ જીલુભાઈ વાળા તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ જિલ્લા અધ્યક્ષ દિલીપભાઈ બામટા શહેર અધ્યક્ષ સંજયભાઈ પોપટ તેમજ વેપારી મહામંડળના તમામ ભાઈઓ આ યાત્રા પ્રસ્થાન કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

# કાલાવડ: મગફળી ખરીદ કેન્દ્રની કામગીરીથી જગતાત સંતુષ્ટ



**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**

કાલાવડ ના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા એ ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે મગફળી ખરીદી કેન્દ્ર - કાલાવડની મુલાકાત લઈ ખેડૂતો સાથે વાર્તાલાપ કર્યો હતો. આ તકે જિલ્લા ભાજપ ના આગેવાન ગાંડુભાઈ ડાંગરીયા , મુળજીભાઈ ઘઈડા, ધીરુભાઈ ભંડેરી , હસુભાઈ વોરા , મોહિત મહેતા , ભૂમિતભાઈ ડોબરિયા સહિત ખેડૂત આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.હાલ કાલાવડ નાફેડ મગફળી ખરીદી કેન્દ્ર ઉપર દરરોજ ૨૨૫ ખેડૂતો ને બોલાવવા મા આવે છે અને કાલાવડ નાફેડ મગફળી ખરીદી કેન્દ્ર થી કાલાવડ તાલુકાના ખેડૂતો સંતુષ્ટ છે.

# વિસાવદર: ચાપરડાના મહંત મુક્તાનંદ બાપુએ પ્રયાગરાજમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે કર્યો પરામર્શ

## અગ્નિ અખાડા શિબિરમાં કુંભ મેળાની વ્યવસ્થા અંગે કરાય ચર્ચા

**અબતક, ગીજુભાઇ વિકમા, વિસાવદર**



પ્રયાગરાજ ખાતે અગ્નિ અખાડા શિબિરમાં યુ.પી.ના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે સંતોની બેઠકમાં ચાપરડા મહંત મુક્તાનંદ બાપુએ કુંભ મેળાની વ્યવસ્થા અંગે ચર્ચા કરી હતી. યોગી આદિત્યનાથે સંતો સાથે મેળામાં ધાર્મિક વિધી, સાંસ્કૃત્તિક કાર્યક્રમો સાથે પ્રશાસનની વ્યવસ્થાની તૈયારી અંગેની ચર્ચા અને સલાહ-સૂચનો માટે વિચાર-વિમર્શ કર્યો હતો.

# વિસાવદરમાં વસ્તી અને વિસ્તાર વધ્યા પણ પોસ્ટમેન ઘટયા: ટીમ ગબ્બર કાળઝાળ

## વિસાવદરમાં પોસ્ટની કામગીરી માટે જરૂરીયાત મુજબ પોસ્ટમેનની નિમણુંક કરવાની માંગણી

**અબતક, ગીજુભાઇ વિકમા, વિસાવદર**



વિસાવદર સિટીમાં પોસ્ટ ઓફિસમાં છેલ્લા ઘણા સમયથી પોસ્ટ માસ્તરની તથા કલાર્કની અને પોસ્ટમેનોની જગ્યાઓ ખાલી છે આ બાબતે અવારનવાર રજૂઆતો કરવા છતાં પણ પોસ્ટ ઓફિસમાં પોસ્ટમાસ્તર, કલાર્ક,પોસ્ટમેનની જે જગ્યાઓ ખાલી છે ત્યાં કોઈની નિમણુંક કરવામાં આવતી નથી અનેઅગાવ આ પોસ્ટઓફિસમાં ચારેક પોસ્ટમેન હતા ત્યારબાદ વસ્તી અને વિસ્તારમાં ઘણો મોટો વધારો થયેલ છે પરંતુ અહીંની કચેરીના કામગીરીના પ્રમાણમાં પોસ્ટમેનની નિમણુંક કરવામાં આવેલ નથી અને તેના કારણે વિસાવદર શહેરની પ્રજાને ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.જ્યારે એક પોસ્ટમેન કે અન્ય કર્મચારી બીમાર હોય કે રજા ઉપર હોય ત્યારે લોકોને પોસ્ટ કરેલી અગત્યની પોસ્ટ કે કવરોની ડિલિવરી થઈ શકતી નથી અને ઓફિસનો તમામ વહીવટ ખોરંભે પડતો હોય આવી ફરિયાદો અનેકવાર ઉઠવા છતાં પણ આ પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવતું નથી તેથી વહેલમાં વહેલી તકે પોસ્ટમાસ્તર, તથા સ્ટેન્થ મુજબના જરૂરી કલાર્ક તથા ૪ થી ૫ પોસ્ટમેનની નિમણુંક તાત્કાલિક કરવામાં આવે તેવી અમારી ટિમ ગબ્બરની માંગણી સાથે રજુઆત છે.તેમના જણાવ્યા અનુસાર વિસાવદર શહેરની વસ્તી વધી,વિસ્તારો વધ્યા કામગીરી વધી લોકોની જરૂરિયાતો વધી છતાં પોસ્ટમેન ની સંખ્યા વધારવાના બદલે બે પોસ્ટમેન ઘટાડી દેવાતો લોકોમાં પોસ્ટઓફિસ સામે આક્રોશ ફાટી નીકળ્યો છે અને આંદોલન થાય તે પહેલાં તાત્કાલિક પોસ્ટમેન તથા જરૂરી સ્ટાફ ફાળવવા રજુઆત કરાઈ છે.અને રજુઆતમાં ટીમ ગબ્બર એચ.કે. ગયજેરા, નયનભાઇ જોશીએ જનરલ મેનેજર, ચીફ સુપ્રિ. રાજકોટ- અમદાવાદ અને જુનાગઢ કલેકટરને વિસાવદરમા પુરતા પોસ્ટમેન મુકવા માંગ કરી છે.

# બાબરા: જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના અધ્યક્ષ તરીકે કાળુભાઇ ગેલાણીની વરણી

**અબતક, અપ્પુ જોશી, બાબરા**



બાબરામાં વી એલ ગેલાણી વિદ્યાલય ના મુખ્ય ટ્રસ્ટી અને જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલન મંડળમાં વર્ષોથી કાર્યરત દરેક ખાનગી શાળાને પુરતું માર્ગદર્શન માહિતી અને હૂંફ આપતા વરિષ્ઠ અગ્રણી કાળુભાઇ ગેલાણીની જિલ્લા સ્વર્ણિર્ભર શાળા સંચાલનના અધ્યક્ષ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવતા બાબરા સહિત જિલ્લાની ખાનગી શાળા ઓના સંચાલકો દ્વારા વરણીને આવ કારી અભિનંદન પાઠવ્યા હતા.

અમરેલી ખાતે થોડા દિવસ પહેલા જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલન મંડળની કારોબારીબેઠક મંડળનાપ્રમુખ હસમુખ પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી જેમાં અધ્યક્ષ તરીકે બાબરા વી એલ ગેલાણી વિદ્યાલયના ટ્રસ્ટી અને સિનિયર અગ્રણી કાળુભાઇ ગેલાણીની સર્વાનુમતે વરણી કરવા દરખાસ્ત કરવા માં આવતા તમામ કારોબારી સભ્યો આવકારી અભિનંદન પાઠવામા આવેલ.

# સાબરકાંઠા: લાંબડીયા હાઈસ્કૂલમાં ખેલ મહાકુંભની મુલાકાત લેતા ચીફ કમિશનર

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**



સાબરકાંઠા જિલ્લાના અંતરિયાળ વનવાસી વિસ્તારમાં પોશીના તાલુકા કક્ષાના લાંબડીયા હાઈસ્કૂલમાં ચાલી રહેલ ખેલ મહાકુંભમાં સ્કાઉટ ગાઈડ ચીફ કમિશ્નર અતુલ દીક્ષિત,જિલ્લા ભાજપ મહામંત્રી લુકેશભાઈ સોલંકી,તાલુકા ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ પારગી ,જિલ્લા રેંજર કમિશનર સોનલબેન ડામોર,કબ બુલબુલ કમિશનર દક્ષાબેન જોશી દ્વારા મુલાકાત લઈ ખેલાડીઓને પ્રોત્સાહિત કરી આગળ વધવા શુભેચ્છા સાથે તેમની રમતને નિહાળી હતી.

તાલુકા કક્ષાના કનવીનર જયદીપસિંહ અને દેમતી મેરા પ્રાથમિક શાળાના સ્કાઉટ માસ્ટર અતુલ ડામોર દ્વારા ઉત્તમ આયોજન કરવામાં આવ્યું હતું.

# અમરેલી: માર્ગ સલામતી માસની ઉજવણીમાં લીલીયાના વિદ્યાર્થીઓએ ચિત્રો દ્વારા આપ્યો સલામતીનો સંદેશ

## ચિત્ર, નિબંધ અને વકૃત્વ સ્પર્ધા યોજાઈ : શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને કરાયા સન્માનિત



**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**


અમરેલી જિલ્લામાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી અંતર્ગત લીલીયા ખાતે વિદ્યાર્થીઓએ કલાત્મક ચિત્રો કંડારી માર્ગ સલામતીનો પ્રેરક સંદેશ આપ્યો હતો. આ સાથે 'રોડ સેફ્ટી' ને કેન્દ્રમાં રાખી નિબંધ લેખન અને વકૃત્વ સ્પર્ધા યોજાઈ હતી.માર્ગ સલામતી સંદર્ભે લોકજાગૃતિ કેળવવા ભારત સરકાર દ્વારા દર વર્ષે રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અને અઠવાડિયાની ઉજવણી વાહન વ્યવહાર કચેરી દ્વારા કરવામાં આવે છે. અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા તા.૧ થી ૩૧ જાન્યુઆરી દરમિયાન નેશનલ રોડ સેફ્ટી મંથ-૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી રહી છે.

અમરેલી જિલ્લાના લીલીયા શાંતાબા કન્યા વિદ્યાલય, અમૃતબા વિદ્યાલય તેમજ લીલીયા સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા- ખાતે તા.૭ થી તા.૯ જાન્યુઆરી દરમિયાન અનુક્રમે નેશનલ રોડ સેફ્ટી મંથ અંતર્ગત એઆરટીઓ- અમરેલી તથા જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા રોડ સેફ્ટી જન જાગૃત્તિ વિષયક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ અન્વયે રોડ સેફ્ટી વિષયક ચિત્ર સ્પર્ધા, નિબંધ લેખન અને વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું આ સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ કરીને પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને ઈનામ અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાથે માર્ગ સલામતી વિષયક પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી અને રોડ સેફ્ટી અંગે નાગરિકોમાં જનજાગૃત્તિ આવે અને પરિવારજનોને પણ રોડ સેફ્ટી અને જાગૃત કરવા અને વિગતો, માર્ગદર્શન અને જાણકારી આપવામાં આવી હતી,

# ગોંડલ: ભાગવત કથાના અંતિમ દિવસે સુદામા ચરીત્રમાં ભાવિકો ભીંજાયા

## મધ્યપ્રદેશના સાંસદ મહેન્દ્ર સોલંકી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં કથાનું સમાપન

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**



ગોંડલ માં જેતપુર રોડ ખાતે આવેલ દાસીજીવણ પાર્ટી પ્લોટ ખાતે વૈષ્ણવાચાર્ય ગોવર્ધનેશજી મહોદયના કંઠે ૨ જાન્યુઆરી થી ભાગવત કથાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેની ૮ જાન્યુઆરીની રાત્રે પૂર્ણાહુતી કરવામાં આવી હતી. નવનિર્મિત શ્રી ગોવિંદકુંજ હવેલીમાં શ્રી પુરષોતમ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે કથાના મનોરથી અને પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુક, નૈમિશભાઈ ધડુક અને સાવનભાઈ ધડુક ના સહયોગથી શ્રીમદ્ ભાગવત સપ્તાહ યોજાય હતી કથા દરમિયાન અનેક આમંત્રિત મહેમાનો, મહાનુભાવો કથામાં ઉપસ્થિત રહ્યા હતા ભવ્ય છપ્પનભોગ ધરવામાં આવ્યો હતો કથાના છેલ્લા દિવસે

મધ્યપ્રદેશના સાંસદ મહેન્દ્રસિંહ સોલંકી કથામાં હાજરી આપી હતી.કથાનાં અંતિમ ચરણમાં સુદામા ચરિત્રનું પાત્ર ભજવવામાં આવ્યું હતું ત્યાર બાદ કથાની પૂર્ણાહુતી કરવામાં આવી હતી.

વૈષ્ણવાચાર્ય પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી દામોદરલાલજી મહારાજની આજ્ઞા અને આશીર્વાદથી સોમયાજી દીક્ષિત વૈષ્ણવાચાર્ય પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી હરિરાયજી મહોદયના નેતૃત્વમાં સમગ્ર આયોજન કરવામાં આવ્યું છે. ગોંડલ ખાતે નવનિર્મિત શ્રી ગોવિંદકુંજ હવેલી'' ના શુભ મંગલ શ્રી પુરૂષોત્તમ પ્રતિષ્ઠા મહોત્સવ અવસરે આ શ્રીમદ્ ભાગવત કથામૃત મહોત્સવ અને છપ્પનભોગનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં આચાર્યપીઠ ઉપર બિરાજી વૈષ્ણવાચાર્ય પરમ પૂજય ગોસ્વામી ૧૦૮ શ્રી ગોવર્ધનેશજી મહોદયે પોતાની રસમય મધુર વાણીમાં કથાનું રસપાન કરાવ્યું હતું.

શ્રીમદ્ ભાગવત કથામૃત મહોત્સવના મનોરથી ગૌ.વા. લવજીભાઈ નાયાભાઈ ધડુક, ગૌ.વા. ઉજીબેન લવજીભાઈ ધડુક ના સ્મરણાર્થે પૂર્વ પોરબંદર સાંસદ રમેશભાઈ ધડુક, મંજુલાબેન રમેશભાઈ ધડુક,


નૈમિશભાઈ રમેશભાઈ ધડુક, મોનાબેન નૈમિષભાઈ ધડુક, સાવનભાઈ ધડુક, ફેનિકુમાર રમેશભાઈ વેકરીયા, દ્રષ્ટિબેન ફેનિકુમાર વેકરીયા, નરેન્દ્રભાઈ લખમણભાઈ ભાલાળા, જીયા, જીવીકા, તેજ અને આહના સહિતના મનોરથી પરિવાર દ્વારા અલગ અલગ ઉત્સવ ઉજવવામાં આવે છે.

### નકલીની બોલબાલા

# રાજકોટ શહેર એસઓજી ટીમે એક જ દિવસમાં નકલી પનીર અને બીડીની મિનિ ફેક્ટરી ઝડપી

## શીતલ પાર્ક નજીકથી ૮૦૦ કિલો શંકાસ્પદ પનીર જયારે બજરંગવાડીમાંથી ૨૦૦ બંડલ બીડી સહિતનો મુદ્દામાલ કબ્જે





**અબતક, રાજકોટ**

નકલી આઈએએસ, આઈપીએસ, સચિવ, ટોલનાકુ, પોલીસકર્મીઓ ઝડપાયા બાદ હવે નકલી પનીર અને નકલી બીડીની મીની ફેક્ટરી ઝડપાઈ છે. રાજકોટ શહેર એસઓજી ટીમે એક જ દિવસમાં અલગ અલગ બે દરોડા પાડીને નકલી પનીરની ફેક્ટરી ઝડપી લઈ ૮૦૦ કિલો શંકાસ્પદ પનીરનો જથ્થો કબ્જે કર્યો છે જયારે બજરંગવાડીના મકાનમાંથી નકલી બીડીની મીની ફેક્ટરી ઝડપી લીધી હતી.

રાજકોટ શહેર એસઓજી ટીમે અલગ-અલગ બે જગ્યાએ દરોડા પાડી બનાવટી પનીર અને બનાવટી બીડી બનાવતું કારખાનું ઝડપી પાડવામાં આવ્યું છે. જેમાં શહેરના શીતલ પાર્ક ચોક પાસેથી બનાવટી પનીર બનાવતું કારખાનું પકડી પાડવામાં આવ્યું છે, જયારે બજરંગવાડી વિસ્તારમાંથી બનાવટી બીડી બનાવતું કારખાનું ઝડપી પાડવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત ફૂડસ નામના કારખાનામાં દૂધની જગ્યાએ પાવડર વાપરી પનીર બનવવામાં આવતું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે, જ્યાંથી રૂ.૧.૨૦ લાખનું શંકાસ્પદ પનીર કબ્જે કરી એફએસએલમાં મોકલવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે.

એસઓજી પીઆઈ એસ.એમ. જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એન.વી. હરિયાણી ટીમ સાથે પેટ્રોલિંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે શીતલ પાર્ક પાસે આવેલ ગુજરાત ફૂડસ નામના કારખાનામાં મિલાવટી પનીર બનાવવામાં આવે છે એવી ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી બંધ કારખાનમાંથી શંકાસ્પદ પનીરનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે કુલ ૮૦૦ કિલો પનીર ૧.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પનીરને તપાસ માટે એફએસએલમાં મોકલવામાં આવ્યો છે. જે અંગે અભિપ્રાય આવ્યાં બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પનીર બનાવતી ગુજરાત ફૂડસ નામનું કારખાનું સાધુ વાસવાણી રોડ પર રહેતાં હાર્દિક ઘનશ્યામ કારીયાનું છે અને તે દિવસના ચાર કલાક કારખાનામાં પનીર બનાવી કારખાનું બંધ રાખતો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. આ ઉપરાંત પનીર બનાવવામાં દૂધની જગ્યાએ દુધના પાવડર નબળી ગુણવત્તાવાળું એસિડ, પામ ઓઈલ ઉપયોગ કરવામાં આવતું હોવાનું પણ પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

બીજો દરોડામાં રાજકોટના બજરંગવાડી વિસ્તારમાં એસઓજી પોલીસે બનાવટી બીડી બનાવવાનું કારખાનું ઝડપી પાડવામાં આવ્યું છે જેમાં પોલીસે બજરંગવાડી શેરી નંબર ૧૩માં બાગે રહેમત મકાનમાં દરોડો કરતા નકલી બીડી બનાવતા હોવાનુ સામે આવ્યું હતું. પોલીસે દરોડ દરમિયાન સ્થળ પરથી અલગ અલગ રંગના પેકીંગ વાળી બીડીના ૨૦૦ બંડલ, અલગ અલગ બીડીના સિમ્બોલ વાળા સ્ટીકર, લાકડાના બોક્સ સ્ને ગુંદર સહિત કુલ ૧,૦૫,૭૦૦નો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### શું છે અસલી-નકલી પનીર વચ્ચેનો ફર્ક?

સામાન્ય રીતે અસલી પનીર તો દૂધથી જ બનતું હોય છે દૂધને ઊંચા તાપમાન ઉપર ગરમ કરવામાં આવે છે. જેટલી માત્રામાં દૂધ હોય તેમાંથી થોડો બળી જાય અને ઘટ થઈ જાય ત્યારે તેમાં લીંબુ ઉમેરી દૂધ ફાડી ગાળી લેવાથી પનીર બનતું હોય છે.

જયારે પોલીસની પ્રાથમિક તપાસમાં એક વર્ષથી જે પનીર બનાવવામાં આવતું હતું તે પામીલોન તેલ, સ્ફટિક જેવા ફ્લેક્સ, એસીટીક એસીડ જેવા તત્વો દુધમાં ઉમેરી તેની મદદથી આ પનીર બનાવવામાં આવતું હતું કેમિકલથી ઝડપથી પનીર બની જતું હતું.

### દાણા જોવા બાબતે ડખ્ખો :સામસામે વિંછીયા પોલીસમાં ફરિયાદ

# તે મારી પત્નીનો હાથ કેમ પકડ્યો? કહી ઝઘડો કર્યા બાદ ભુવા પર છરી-પાઈપ વડે હુમલો

**અબતક, રાજકોટ**

વિંછીયાના ઢેઢુકી ગામે તે મારી પત્નીનો હાથ કેમ પકડ્યો કહી ભુવા સાથે પાંચેક દિવસ પૂર્વે બોલાચાલી થયાં બાદ ભુવા અને તેમની પત્ની પર સાત શખ્સોએ છરી, ધોકા, પાઈપ વડે હુમલો કર્યાનો બનાવ સામે આવ્યો છે. જ્યારે સામાપક્ષે પરિણીતાએ ભુવા વિરુદ્ધ શારીરિક અડપલાં કર્યાની વળતી ફરિયાદ નોંધાવી છે.

વિંછીયાના ઢેઢુકી ગામમાં રહેતા ચકુભાઈ પોલાભાઈ સાકળીયા (ઉ.વ.૬૫) નામના ખેડૂતે વિંછીયા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં વિશાલ સામંત મેણીયા અને છ અજાણ્યા શખ્સોનું નામ આપતાં

## સાત શખ્સોએ વિંછીયાના ઢેઢુકી ગામે મોડી રાત્રે સાત શખ્સો હથિયાર સાથે તૂટી પડ્યા : પત્ની – પુત્રને પણ માર માર્યો

જણાવ્યું હતું કે, ગત તા. ૦૮/૦૧/૨૦૨૫ ના રોજ સાંજે હું તથા મારી પત્ની મંજુબેન અમારી વાડીના મકાને સુતા હતા. બાદમાં રાત્રીના બે વાગ્યાં આસપાસ ખુબ દેકારો થતાં હું જાગી ગયેલ હતો. તયારે મારા ઘરની ઓસરીમાં પત્ની તથા બીજા ત્રણ શખ્સો ઉભેલા હતા અને મારી પત્નીને કહેતા હતા કે ક્યાં ગયા ભૂવા અમારે દાણા જોવરાવવા છે. બાદમાં મારી પત્નીની સાડી ખેંચી નાખેલ અને તેની સાથે ઝપાઝપી કરવા લાગેલ હતા જેથી મે કહેલ કે તમે બધા કોણ છો? ત્યારે અજાણ્યા શખ્સો પૈકી કોઈકે પૂછ્યું હતું કે, આ જ ભુવા છે ને?જેથી મારા ભાણાનો દીકરો વિશાલભાઈ સામતભાઈ મેણિયા (રહે. દેવપરા નવાગામ,ચોટીલા,સુરેન્દ્રનગર) એ કહેલ કે હા આજ ભૂવા છે એમ કહેતા બે અજાણ્યા શખ્સોએ લોખંડના પાઈપ વડે જમણા કાંડા અને ડાબા હાથ પર મારી દીધેલ હતો.

બાદમાં વિશાલે પાઈપ વડે મને બંને હાથ તથા પીઠના ભાગે માર માર્યો હતો. દરમિયાન અન્ય ચાર અજાણ્યા શખ્સો ધસી આવેલ હતા. જેમાંથી એકના હાથમા ધારિયું, બીજાના હાથમાં છરી અને અન્ય બેના હાથમા લાકડીઓ હતી. એક શખ્સે છરી વડે મારા ડાબા હાથમાં ઘા ઝીંકી દીધો હતો જયારે અન્ય એક શખ્સે લાકડી વડે માર માર્યો હતો. એક શખ્સે માથાના ભાગે ઘા ઝીંકતા હું ઢળી પડ્યો હતો બાદમાં મને ઢસડીને ઓસરીમાંથી ફળીયામાં લઈ ગયેલ હતા. દરમિયાન મારો પુત્ર પનજી આવી જતાં હુમલાખોરોએ તેને પણ પાઈપ વડે માર માર્યો હતો. હુમલાના પગલે થયેલા દેકારાને લીધે મારો બજાઈ તેજાભાઈ અને ભત્રીજો જુવાનસિંહ, પુત્ર જેન્તી આવી જતાં વચ્ચે પડી બચાવેલ હતા અને હુમલાખોરો સફેદ કલરની કારમાં નાસી ગયાં હતા. પરિજનોએ મને જસદણ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડતા બંને હાથમા ફ્રેક્ચર થયાનું સામે આવ્યું હતું.

## પરિણીતાએ ભુવા વિરુદ્ધ શારીરિક અડપલાં કર્યાની વળતી ફરિયાદ નોંધાવી

બનાવના કારણ અંગે ફરિયાદીએ જણાવ્યું હતું કે, આજથી વિસેક દિવસ પહેલા મારા ભાણા સામતભાઈનો ફોન આવેલ હતો કે, સુરેશભાઈની પત્નીનો દવાખાને રિપોર્ટ સારા નથી આવતા નથી તેથી તમે દાણા જોઈ દયો જેથી મેં કહ્યું કે મેં દાણા જોવાનું બંધ કરે કરેલ છે તું દાદાને માનતા કર અને સારું થઈ જાય તો માનતા કરવા આવજો. બાદમા પાંચેક દિવસ પહેલા સુરેશભાઈ તથા તેમની પત્ની દાદાએ માનતા કરવા આવેલા ત્યારે મારા ઘરે આવ્યા હતા. મારી ઘરે દુધ ન હોય જેથી સુરેશભાઈ દૂધ લેવા ગયેલ અને દૂધ લઈને આવતા મને કહેવા લાગ્યા કે, તમે મારી પત્નીનો હાથ કેમ પકડ્યો એવા ખોટા આરોપ લગાડી બોલાચાલી કરી હતી.

સામાપક્ષે પરિણીતાએ ભુવા વિરુદ્ધ શારીરિક અડપલાંની ફરિયાદ નોંધાવી છે. મળતી માહિતી મુજબ પરિણીતા તેના પતિ સાથે માનતા કરવા ગઈ હતી ત્યારે દૂધ લેવા ગયેલા પતિની ગેરહાજરીમાં ભુવાએ પરિણીતાનો હાથ પકડી છાતીના ભાગે હાથ ફેરવી શારીરિક અડપલાં કર્યા હતા. જે વાતની જાણ પરિણીતાએ પતિને કરતા બોલાચાલી થઈ હતી. મામલામાં વિંછીયા પોલીસે ભુવા વિરુદ્ધ ઈવીલ એન્ડ અઘોરી પ્રેક્ટીસીસ એન્ડ બ્લેક મેજીક એક્ટ તેમજ શારીરિક અડપલાં સહીતની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

# સુરેન્દ્રનગર: લોનના બહાને બે અરજદાર સાથે રૂ.૧૩.૧૨ લાખની છેતરપિંડી

## કંપનીના કર્મચારી સહિત સાયલા તાલુકાના બે શખ્સો સામે નોંધાઈ ફરિયાદ

**અબતક**
**ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સાયલા તાલુકાના લાખાવાડ ગામે રહેતા શખ્સને મકાન પર લોન આપ્યા બાદ બેંક ખાતામાંથી રોકડ રકમની ઉચાપત કરી છેતરપીંડીનો બનાવ બન્યો હતો જે અંગે ભોગ બનનાર શખ્સે ત્રણ શખ્સોસામે બી-ડિવીઝન પોલીસ મથકે છેતરપીંડી અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ સાયલા તાલુકાના લાખાવાડ ગામે રહેતા ફરિયાદી સુરેશભાઈ હાદાભાઈ પંચાલે ગામમાં જ રહેતા મંગળુભાઈ ભીખુભાઈ ખવડે મકાન પર લોન કરાવી દેવાની અનેતેલોન દ્વારા ફરિયાદીને ભેંસોના તબેલા થકી સારી આવક થશે તેમ જણાવી લોન આપવાની લાલચ આપી હતી અને લોનના કાગળો થઈ ગયા બાદ ગામમાં રહેતા અન્ય શખ્સ ડાયાભાઈ ભાણાભાઈ પંચાલને પણ આ અંગે વાતચીત કરી મકાન પર લોન આપવાની લાલચ આપી હતી અને બન્નેની લોન મંજુર થઈ ગઈ હોવાથી સુરેન્દ્રનગર મેગામોલ ખાતે આવેલ નોર્થન આર્ક કેપીટલ નામની ફાયનાન્સ કંપની ખાતે જવાનું જણાવ્યું હતું અને આ લોન મંજુર કરાવવા માટે રૂા.૫૦,૦૦૦ આપવા પડશે તેમ પણ જણાવ્યું હતું. આથી ફરિયાદી તેમજ સાહેદ ડાયાભાઈ ફાયનાન્સ ઓફીસે સુરેન્દ્રનગર ખાતે ગયા હતા જ્યાં પાંચ સહિ કરેલા કોરા ચેક આપ્યા હતા અને લોન મંજુર થાય એટલે જાણ કરવાનું જણાવ્યું હતું પરંતુ ત્યારબાદ મંગળુભાઈ દ્વારા ફરિયાદીની લોન મંજુર ન થઈ હોવાનું જણાવ્યું હતું તેમ છતાંય ફરિયાદીના ઘરે ફાયનાન્સ કંપનીમાંથી લીધેલ લોનનો હપ્તો ભરવા માટેની નોટીસ આવતા આ અંગે ફરિયાદીએ જાણ કરતા કોઈપણ જાતનો જવાબ આપ્યો નહોતો તેવી જ રીતે ડાયાભાઈને પણ લોનના હપ્તા ભરવા માટેની નોટીસ આવી હતી. આથી બન્નેએ પોતાના ખાતાની પાસબુકમાં એન્ટ્રી કરાવતા નોર્થન ફાયનાન્સ કંપનીમાંથી લોનના રૂા.૫.૮૫ લાખ ફરિયાદીના ખાતામાં જમા થયા હતા તે રકમ તેમના ખાતામાંથી ચેક મારફતે રૂા.૫.૮૦ લાખ મંગળુભાઈ ખવડના ખાતામાં ટ્રાન્સફર થયેલા જણાઈ આવ્યા હતા. જ્યારે ડાયાભાઈ પંચાલના ખાતામાંથી પણ નોર્થન ફાયનાન્સ કંપનીમાંથી લોનના રૂા. ૭.૩૨ લાખ જમા થયા હતા જે પૈકી રૂા.૭.૨૪ લાખ જેટલી રકમ ચેક મારફતે મંગળુભાઈ ખવડના ખાતામાં ટ્રાન્સફર થઈ હતી. છેતરપીંડી અંગે ભોગ બનનાર ફરિયાદીએ ત્રણ શખ્સો (૧) મંગળુભાઈ ભીખુભાઈ ખવડ રહે. લાખાવાડ તા.સાયલા (૨) સામાભાઈ લઘુભાઈ જમોડ રહે. નડાળા તા. સાયલા અને (૩) ભાવિકભાઈ શેઠ રહે. સુરેન્દ્રનગર નોર્થન આર્ક ફાયનાન્સ કંપનીના કર્મચારી સામે બી-ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**બે વ્યક્તિને મકાન પર લોન અપાવ્યા બાદ ખાતામાં જમા થયેલી રકમની ચેક દ્વારા ઉચાપત**

# ધ્રાંગધ્રા: વિદેશી દારૂના જથ્થા સાથે એક ઝડપાયો

## ૧૬ બોટલ દારૂ, મોબાઈલ અને એક્ટિવા મળી રૂ.૪૪૬૦૦નો મુદામાલ કબ્જે

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધાંગધ્રા ધાંગધ્રા હાઈવે પર કલ્પના ચોકડી થી એપીએમસી નજીક વિદેશી દારૂ લઈને જતા એકટીવા ચાલક ઝડપાયો હતો ત્યારે પોલીસે વિદેશી દારૂની નાની મોટી બોટલો ૧૬ નંગ બોટલ તથા એકટીવા મોટરસાયકલ અને મોબાઈલ ફોન સહીત કુલ રૂપિયા ૪૪,૬૦૦ નો મુદામાલ સાથે એક આરોપી ઝડપાયો હતો જેમાં મુખ્ય આરોપી મોટરસાયકલ મેકીને ફરાર થયો હતો ત્યારે બે ઈસમ સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી તાલુકા પોલીસે હાથ ધરી હતી.

ધ્રાંગધ્રા શહેરમાં છેલ્લા થોડા સમયથી હળવદ અને મોરબી સુધી વિદેશી દારૂની ખેપ નો ધંધો ફુલ્યો ફાલ્યો છે ત્યારે બાતમી હકીકત આધારે તાલુકા પોલીસના હેડ કોસ્ટેબલ જે પી કલોત્રા, રાકેશભાઈ દ્વારા એકટીવા ચાલકને રોકીને રોકીને તપાસ કરાતા વિદેશી દારૂની નાની મોટી બોટલો ૧૬ નંગ એક એન્ડ્રોઈડ ફોન મોબાઈલ, એકટીવા મોટર સાયકલ,મળીને કુલ મુદ્દામાલ ૪૪,૬૦૦ નો ઝડપી પાડ્યો હતો સાથે, આરોપી દિનેશભાઈ માલાભાઈ પરમાર, રહે વાવડી વાળાને ઝડપી પાડ્યો હતો જેમાં મુખ્ય આરોપી મોટરસાયકલ ચલાવનાર, ગિરિરાજસિંહ લાલભાઈ ઝાલા રહે વાવડી વાળો ફરાર થઈ ગયો હતો ત્યારે તાલુકા પોલીસે બે શખ્સોં સામે ગુનો નોંધી ધોરણરસ ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ધ્રોલ નજીક કારમાં આગ લાગતા અફડા તફડી

## મોરબીનું દંપતી અને બાળકીનો બચાવ: ફાયર બ્રિગેડની ટીમે આગને બુઝાવી: શોર્ટ સર્કિટથી આગ લાગી

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ નજીક લતીપર રોડ પર એકાએક ચાલુ કારમાં આગ લાગી જતાં અફડાતફડી સર્જાઈ હતી, અને કારનો દરવાજો પણ એક તરફથી લોક થઈ ગયો હતો. દરમિયાન કારચાલક અને તેમના પત્ની બહાર નીકળી ગયા હતા અને અંદર પાછળની સીટમાં સુતેલી તેમની અઢી વર્ષની પુત્રીને પણ સહી સલામત બહાર ખેંચી લેતાં ત્રણેયનો બચાવ થયો હતો. જોકે કારમાં આગળ રાખેલી રોકડ રકમ- ઘડિયાળ વગેરે સળગી ગયા હતા. ધ્રોળની ફાયર બ્રિગેડ ની ટીમે ઘટના સ્થળે દોડી જઈ આગને કાબુમાં લીધી હતી, જ્યારે ધ્રોળનું પોલીસ તંત્ર પણ દોડતું થયું હતું.

આ બનાવની વિગત એવી છે કે મોરબીમાં જ્યોતિ પાર્ક સોસાયટીમાં રહેતા અને કેબલ ઓપરેટર તરીકે નો વ્યવસાય કરતા રવિ કુમાર ચંદુભાઈ ઓધવીયા પટેલ (૩૨) કે જેઓ પોતાની જી.જે. ૩૬ એ.સી. ૪૫૮૦ નંબરની કારમાં બેસીને મોરબી થી જામનગર તરફ આવી રહ્યા હતા. જે કારમાં તેઓની સાથે પત્ની રવિના બહેનો (ઉંમર વર્ષ ૨૮) તેમજ અઢી વર્ષની પુત્રી ધ્યાની પણ સાથે બેઠેલા હતા.

પોતાની કાર જામનગરના શોરૂમમાંથી ખરીદ કરી હોવાથી ત્યાં સર્વિસમાં મુકવા માટે આવી રહ્યા હતા, તે દરમિયાન ગઈકાલે બપોરે



ત્રણેક વાગ્યાના અરસામાં ધ્રોળ-લતિપર હાઈવે રોડ પર એકાએક કારના આગળના ભાગમાં શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી.

સૌપ્રથમ ધુમાડા નીકળવા લાગતાં રવિ કુમાર કારનો દરવાજો ખોલીને બહાર નીકળી ગયા હતા, પરંતુ તેનો દરવાજો લોક થઈ ગયો હતો. ત્યારબાદ તેમના પત્ની રવિનાબેન પણ કારમાંથી બહાર નીકળ્યા હતા. દરમિયાન તેઓની પુત્રી ધ્યાની કે જે પાછળની સીટમાં બેઠી હતી, અને આગે મોટું સ્વરૂપ લઈ લીધું હતું. પરંતુ રવિ કુમારે સમય સૂચકતા વાપરીને પોતાની પુત્રીને સહી સલામત રીતે બહાર કાઢી લીધી હતી. જે દરમિયાન આગળની સીટના ભાગમાં આગ પ્રસરી ગઈ હતી, અને આગળ રાખેલી આઠ હજાર રૂપિયાની રોકડ રકમ, ઘડિયાળ તથા અન્ય સામગ્રી કપડાં વગેરે સળગી ઊઠ્યા હતા.

આ બનાવને લઈને અફડા તફડીનો માહોલ સર્જાયો હતો, આ મામલે પોલીસ તંત્રને જાણ થવાથી ધ્રોળના પોલીસ હેડ કોન્સ્ટેબલ જે. કે. દલસાણીયા તેમજ રાઈટર અનિલભાઈ સોઢીયા કે જેઓ ઘટના સ્થળે દોડી ગયા હતા અને ફાયર બ્રિગેડને જાણ કરવાથી ધ્રોળની ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી, અને પાણીનો મારો ચલાવીને આગ બુઝાવી હતી.

# પ્રભાસ પાટણ: ચોરાઉ બાઈક સાથે બેલડી ઝડપાય

**અબતક, રાજકોટ**



ગીર સોમનાથ જીલ્લામાં વધતા જતા વાહન ચોરીના ગુનાઓ અટકાવવા અને વણઉકેલ ગુનાઓનો ભેદ ઉકેલવા એસ.પી. મનોહરસિંહ જાડેજાએ આપેલી સુચનાને પગલે પ્રભાસ પાટણ પોલીસ મથકના પી.આઈ. એમ.વી. પટેલ સહીતના સ્ટાફે પેટ્રોલીંગ હાથ ધર્યુ હતું. ત્યારે વેરાવળ કામનાથ ચોક પાસે રહેતો ચંદન તુલસી ગોહેલ અને ભાલકા ગામે રહેતો વિવેક કમલેશ મસાણી નામનો શખ્સ ચોરાઉ બાઈક સાથે પ્રભાસ પાટણ નજીક જીઆઈડીસી નાકા પાસે હોવાની હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ અને કોન્સ્ટેબલ કરણસિંહને મળેલી બાતમીના આધારે સ્ટાફે ગોઠવેલી વોચ દરમ્યાન ચંદન ગોહેલની અટકાયત કરી પોકેટ એપમાં બાઈક નંબર સર્ચ કરતા ચોરાઉ હોવાની કબુલાત આપતા તેની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઈડર: સાપાવાડાના વૃદ્ધ સાથે સિમેન્ટ આપવાના બહાને ૧.૩૯ લાખની ઠગાઈ

**અબતક**
**સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના સાપાવાડા ગામના વૃદ્ધ સાથે સિમેન્ટ આપવાને લઈ ૧.૩૯ લાખની ઠગાઈ થતા ચકચાર મચી ગઈ હતી આ મામલે પોલીસે શ્રીકાંત મિશ્રા નામના વ્યક્તિ સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

આ મામલે સાપાવાડા ગામના મણીભાઈ દેવચંદભાઈ પટેલ નામના વૃદ્ધે નોંધાવેલ ફરિયાદ મુજબ તેઓની વાગરા તાલુકાના સાયખા ગામે બનતી નવીન ફેક્ટરીને કમ્પાઉન્ડ વોલ માટે સિમેન્ટની જરૂર હોઈ તેઓએ ગૂગલ મારફતે સિમેન્ટ કંપનીનો નંબર મેળવ્યો હતો જેમાં તેઓને લાફાર્ઝ કંપનીનો નંબર મળ્યો હતો આ નંબર વાત કર્યા બાદ ત્યાંથી શ્રીકાંત મિશ્રા નામના ગુજરાતના માર્કેટિંગ મેનેજર નો નંબર આપવામાં આવ્યો હતો સદર નંબર પર વાત કરતા શ્રીકાંત મિશ્રાએ રૂપિયા ૨૭૦ લેખે ૪૦૦ થેલી નોન્ટ્રેડ સિમેન્ટ આપવાનું કહી તેના રૂપિયા ૧ લાખ ૮ હજાર એડવાન્સ કંપનીમાં જમા કરાવવાનું કહ્યું હતું

# સાયલા: મારામારીમાં આરોપીઓને બે વર્ષની સજા

## સરપંચ પદેથી રાજીનામું આપવા બાબતે હથિયારો વડે ચાર શખ્સોએ મારામારી કરી હતી

**અબતક**
**ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સાયલા તાલુકાના ચોરવીરા(થાન) ગામની સીમમાં વર્ષ ૨૦૧૭માં ફરિયાદી પ્રભુભાઈ વિઠ્ઠલભાઈ સાબડીયાને સરપંચ પદેથી રાજીનામું આપવા ચાર શખ્સોએ એક સંપ થઈ જણાવ્યું હતું પરંતુ ફરિયાદીએ રાજીનામું આપ્યું હતું આથી તે બાબતનું મનદુઃખ રાખી વર્ષ ૨૦૧૭માં ચારેય શખ્સોએ એકસંપ થઈ ફરિયાદીને તમંચો બતાવી ધમકી આપી હતી તેમજ લોખંડના પાઈપ, લાકડી વડે તેમજ ઢીકા-પાટુનો મારમારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી જે અંગે ભોગ બનનાર શખ્સે ચાર શખ્સો (૧) વિનાભાઈ દેવાભાઈ રંગપરા (૨) રાજુભાઈ મનસુખભાઈ રંગપરા (૩) વિક્રમભાઈ વીનાભાઈ રંગપરા અને (૪) ભરતભાઈ સવશીભાઈ પલાણી સામે સાયલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી હતી અને આરોપીઓને ઝડપી પાડ્યા હતા જે દરમ્યાન આરોપી વીનાભાઈ રંગપરાનું કુદરતી અવસાન થયું હતું. જે અંગેનો કેઈસ તાજેતરમાં સાયલા મુખ્ય ફોજદારી પ્રિન્સીપાલ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ આર.જી.પહોંચ્યાની દલીલો અને દસ્તાવેજી તેમજ મૌખીક આધાર પુરાવાના આધારે જજ જયેશભાઈ વાલજીભાઈ ચૌહાણે ચાર આરોપીઓ પૈકી વીનાભાઈ રંગપરાનું અવસાન થતાં તેમની સામેનો કેઈસ એબેટ કર્યોહતો જ્યારે બાકીના ત્રણ આરોપીઓ રાજુભાઈ મનસુખભાઈ રંગપરા, વિક્રમભાઈ વીનાભાઈ રંગપરા અને ભરતભાઈ સવશીભાઈ પલાણીને દોષીત ઠેરવી દરેકને બે વર્ષની સખત કેદની સજા અને રૂા. ૫,૦૦૦-૫,૦૦૦ નો દંડ ફટકારતો ચુકાદો આપ્યો છે.

# વાંકાનેર: મિત્રના ઝઘડામાં યુવકો ઉપર છરીથી હુમલો

## માથાકૂટ બાદ વાતચિત કરવા ગયા ત્યારે પાંચ શખ્સોએ માર માર્યો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેરમાં મિત્ર સાથે થયેલ ઝઘડામાં બસ સ્ટેન્ડમાં વાતચીત કરવા ગયેલ યુવકો ઉપર અચાનક છરીથી હુમલો કરી છ પૈકી બે સગા ભાઈ સહિત ત્રણ યુવકોને છરી મારી દેતા તમામને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, ત્યારે ઈજાગ્રસ્ત યુવક દ્વારા વાંકાનેર સીટી પોલીસ સમક્ષ કુલ પાંચ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર વાંકાનેર તાલુકાના વઘાસીયા ગામે રહેતા વિરપાલસિંહ જગદિશસિંહ નારૂભા ઝાલા ઉવ.૧૯ એ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં આરોપી ક્રિશભાઈ વિંઝવાડીયા તથા કરણભાઈ વિંઝવાડીયા રહે.બન્ને માટેલ ગામ તા.વાંકાનેર તથા અજાણ્યા ત્રણ છોકરા સહિત પાંચ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી કે ફરીયાદીના મિત્ર પૃથ્વીરાજસિંહ ઝાલાને આરોપીની સાથે અગાઉ બોલાચલી ઝઘડો થયેલ હોય જેથી ફરીયાદી વિરપાલસિંહ તથા સાહેદો ગઈ તા.૦૮/૦૧ના રોજ આરોપીઓ સાથે વાતચીત કરવા વાંકાનેરના બસસ્ટેન્ડમાં ગયા હતા. જ્યાં આરોપી ક્રિશ વીંજવાડીયાએ બોલાચાલી ઝઘડો કરી આરોપી કરણ એ છરી વડે વિરપાલસિંહને ડાબા હાથે કાંડાના ભાગે તેમજ સાહેદ તેમના ભાઈ રાજદિપસિંહને માથાના ભાગે તથા સાહેદ ભવ્યદિપસિંહને આંગળીના ભાગે ઘા મારી સામાન્ય ઈજા પહોચાડી અન્ય આરોપીઓએ વિરપાલસિંહ તથા સાહેદો સાથે બોલાચાલી ઝઘડો કરી ગુન્હામા એકબીજાની મદદગારી કરી હોવાની ફરિયાદને આધારે વાંકાનેર સીટી પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

### હિંદુ સંગઠન-માલધારી સમાજ દ્વારા

# ગૌ હત્યારાઓને કડક સજાની માંગ સાથે મામલતદારને આવેદન

## માળિયામાં ગાયો ચરાવવાના બહાને ૧૩ ગાયોના કતલનું કૌભાંડ: ઠેર-ઠેર રોષ





**અબતક, ઋષિ મહેતા, મોરબી**

માળિયામાં ગાયો ચરાવવાના બહાને કતલ કરવાના કૌભાંડનો ખુલાસો થતાં હિન્દુ સંગઠનો અને માલધારી સમાજમાં રોષ ફાટી નીકળ્યો છે. ૧૩ ગાયોનું કતલ થઈ ચૂક્યું છે પરંતુ હજુ વધુ ગાયો અને સમગ્ર કૌભાંડમાં વધુ આરોપીઓની સંડોવણી હોવાના આરોપ સાથે કૌભાંડની વધુ તપાસની માંગણી ઉઠી છે. હિન્દુ સંગઠન અને માલધારી સમાજના પ્રતિનિધિઓએ માળીયા મામલતદારને આવેદન આપ્યું છે અને આ અંગે જીલ્લા કલેક્ટરને આવેદન પાઠવી રજૂઆત કરવામાં આવશે.માળિયા તાલુકામાં ગાયો ચરાવવાના નામે કતલ કરવાના કૌભાંડનો સનસનીખેજ ખુલાસો થયો છે, જેમાં ૧૩ ગાયોના કતલ કરવામાં આવ્યા હોવાનો આરોપ લગાવાઈ રહ્યો છે.

ત્યારે મોટી સંખ્યામાં હિન્દુ સંગઠન અને માલધારી સમાજના સભ્યો આજે માળીયા મામલતદાર કચેરીએ એકત્રિત થયા હતા. હિન્દુ સંગઠન વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના નેતાઓએ આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢી સમાજના મૂલ્યો સામેની મોટી ચુનૌતી ગણાવી છે. આવતીકાલે હિન્દુ સંગઠન અને માલધારી સમાજ જીલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપીને સમગ્ર ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ અને આરોપીઓને કડક સજાની માંગ સાથે રજૂઆત કરશે.આ સાથે ગૌ-હત્યા કૌભાંડમાં પોલીસની કાર્યવાહી પર પણ સવાલ ઉઠાવવામાં આવ્યા છે, જેમાં કેમ અમુક પત્રકારોને બોલાવીને માત્ર પ્રેસ કોન્ફરન્સ પૂરતી કાર્યવાહી કરવામાં આવી? શું કેટલાક આરોપીઓને બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે? હિન્દુ સંગઠનો આ સમગ્ર કેસમાં પોલીસના નિષ્ફળ પ્રયાસો અને ભેદભાવ ભરેલા વર્તન વિશે પણ શંકા વ્યક્ત કરી રહ્યા છે. વિશ્વ હિન્દુ પરિષદ અને ગૌરક્ષક દળના નેતાઓએ પણ જણાવ્યું કે જો ગૌ-હત્યારા આરોપીઓને કડક સજા કરવામાં નહીં આવે તો ભવિષ્યમાં આંદોલન ઉગ્ર બનશે. તેવી ચીમકીઓ ઉચ્ચારી હતી.

# હેરકટીંગની દુકાનમાંથી વિદેશી દારૂ સાથે એક પકડાયો

## ક્રાઈમ બ્રાંચે દરોડો પાડી ૮૦૦૦નો મુદામાલ કબ્જે: સપ્લાયરની શોધખોળ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

લાલપર ગામ નજીક વિનય હેર આર્ટ નામની દુકાનમાં રેઈડ કરીને વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની સાત બોટલ સાથે હેર-કટિંગના ધંધાર્થીને પકડી લેવામાં આવ્યો હતો, જેથી પોલીસે સપ્લાયર આરોપીને ફરાર દર્શાવી બંને આરોપીઓ સામે તાલુકા પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવી ફરાર આરોપીને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

મોરબી ક્રાઈમ બ્રાંચ પોલીસને ખાનગીરાહે હકીકત મળી કે લાલપર ગામ નજીક સોમાણી બાથવેરની સામે આવેલ વિનય હેર કટીંગની દુકાનવાળો પોતાની દુકાનમાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે જે મુજબની મળેલ બાતમીને આધારે ઉપરોક્ત વિનય હેર આર્ટ નામની દુકાનમાં રેઈડ કરવામાં આવી હતી, ત્યારે પોલીસે દુકાનમાં બેસવા માટેના નાના સોફાની અંદર રાખેલ કાળા થેલાની અંદર ચેક કરતા વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૭ નંગ બોટલ કિ.રૂ.૭,૭૯૦/-મળી આવી હતી, જેથી આરોપી હિમાંશુ મુકેશભાઈ રાઠોડ હાલરહે. રવાપર રોડ ક્રિષ્ના સ્કૂલ પાસે સદગુરુ સોસાયટી મૂળ રહે.જામજોધપુર ખોજારોડ જી.જામનગરવાળાની ધરપકડ કરવામાં આવી હતી, પકડાયેલ આરોપી હિમાંશુની વિદેશી દારૂ અંગે પૂછતાછ કરતા પોતે લીલાપર રોડ ઉપર રહેતા હાર્દિક અજયભાઈ સોલંકી પાસેથી વિદેશી દારૂ લઈ આવી દુકાનમાં છૂટક દારૂની બોટલનું વેચાણ કરતો હોવાની કબૂલાત આપી બાટી, ત્યારે હાલ હાજર નહીં મળી આવેલ આરોપી હાર્દિકને ફરાર જાહેર કરી બંને આરોપીઓ સામે પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસ શરૂ કરી છે.

# વાંકાનેર નજીક બોલેરો અડફેટે બાઈક સવાર બે વ્યક્તિ ઘાયલ

## હિટ એન્ડ રનની ઘટનામાં અજાણ્યા બોલેરો ચાલક સામે ફરિયાદ નોંધાઈ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

ટંકારા તાલુકાના મિતાણા પ્રભુનગર પાણીના ટાંકા પાસે પડધરી રોડ ઉપર રહેતા મહેશભાઈ ગોરધનભાઈ પારઘી ઉવ.૪૩ ગઈ તા. ૦૩/૦૧ના રોજ પોતાના સ્પ્લેન્ડર રજી.નં. જીજે-૦૩-ઈજે-૭૮૪૭ લઈને ડબલ સવારી જતા હોય ત્યારે વાંકાનેર તાલુકાના પાંચદ્વારકા ગામના બોર્ડથી વાંકાનેર તરફ વાંકાનેર મીતાણા રોડ ઉપર સામેથી અજાણ્યા ફોરવ્હીલ બોલેરો/યુટીલીટી જેવુ સફેદ કલરના ચાલકે પોતાના હવાલા વાળુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ફરિયાદીના મોટર સાયકલને અડફેટે લઈ અકસ્માત કર્યો હતો. જે અકસ્માતમાં મહેશભાઈને પગમાં ફ્રેકચર જેવી ઈજાઓ તેમજ મોટર સાયકલની પાછળની સીટમાં બેઠેલ સાહેદને જમણા પગના તળીયે ઈજા પહોંચી હતી તેમજ મોટર સાયકલમાં નુકસાની પહોંચાડી આરોપી પોતાનું વાહન સ્થળ પરથી લઈ જઈ નાસી ગયો હોય, હાલ ઈજાગ્રસ્ત મહેશભાઈએ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# સરવડ પ્રા.આરોગ્ય કેન્દ્રના રક્તદાન કેમ્પમાં ૪૬ યુનિટ બ્લડ એકત્રિત

## બહોળી સંખ્યામાં રક્તદાતાઓ રક્તદાન કરવા ઉમટી પડ્યા



**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી જીલ્લાના માળિયા તાલુકાના સરવડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે જીલ્લા વિકાસ અધિકારી અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પમાં ૪૬ યુનિટ રક્ત એકત્રિત કરીને આરોગ્ય અને સેવાભાવના ઉદ્દેશને સાકાર કરવામાં સફળતા મળી છે.

મોરબી જીલ્લાના માળિયા તાલુકા હેલ્થ કચેરી, જીએમઈઆરએસ મેડિકલ કોલેજ મોરબી અને સરવડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સહયોગથી એક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પનું ઉદ્ઘાટન સરવડ ગામના સરપંચ નવનીતભાઈ, ગામના આગેવાન મણીલાલ સરડવા અને જીલ્લા આર.સી.એચ. અધિકારી ડો. સંજય શાહ દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યું હતું. આ અધિકારીઓએ લોકોમાં રક્તદાનના મહત્વ વિશે પોતાનાં હકારાત્મક વિચારો રજૂ કર્યા અને બહોળી સંખ્યામાં લોકો દ્વારા રક્તદાન કરવા માટે પ્રેરણા આપી પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારે આ રક્તદાન કેમ્પમાં સરવડ તથા આજુબાજુના ગામના લોકોએ બહોળી સંખ્યામાં ભાગ લેતા કુલ ૪૬ યુનિટ રક્તનું સંગ્રહ કરવામાં આવ્યું હતું.

આ કેમ્પને સફળ બનાવવા માટે જીલ્લા પંચાયત આરોગ્ય શાખાના આઈઈસી ઓફિસર સંઘાણીભાઈ, ડો. અક્ષય સુરાણી (મેડિકલ ઓફિસર), માળિયા તાલુકા હેલ્થ સુપરવાઈઝર મુકેશ પરમાર, પંકજભાઈ પીઠડીયા અને અન્ય આરોગ્ય સ્ટાફે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી વિશેષ જહેમત ઉઠાવી હતી.

# મહાનગરપાલિકા બે ઝોનમાં વિભાજિત:વહીવટ સુગમ બનશે

## પૂર્વ અને પશ્ચિમ ઝોનમાં વિભાજન સાથે નાગરિકો માટે નિકટની સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ થશે

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા વહીવટી કામગીરી સરળ બનાવવા અને લોકો સુધી સુવિધાઓને ઝડપથી પહોંચાડવા માટે શહેરને ૨ ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યું છે. પૂર્વ ઝોનની ઓફિસ રેઈન બસેરા, રેલ્વે સ્ટેશન રોડ પર કાર્યરત કરવામાં આવશે, જ્યારે પશ્ચિમ ઝોનની ઓફિસ મોરબી મહાનગરપાલિકામાં જ રહેશે.

મોરબી મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર કુલદીપસિંહ વાળાની યાદીમાં જણાવ્યા અનુસાર, મોરબી મહાનગરપાલિકા વિસ્તારમાં વહીવટી સરળતા માટે તેમજ લોકોના કામનો ઝડપી નિકાલ થાય તેમજ લોકોને પોતાના વિસ્તારથી નજીકમાં સુવિધાઓ મળી રહે તે માટે મોરબી મહાનગરપાલિકાને ૨ ઝોનમાં વિભાજીત કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. જેથી મોરબી મહાનગરપાલિકા વિસ્તારને પૂર્વ ઝોન તેમજ પશ્ચિમ ઝોન તરીકે વહેચણી કરવામાં આવી છે. જેમાં પૂર્વ ઝોનની ઓફીસ રેઈન બસેરા, રેલ્વે સ્ટેશન રોડ, મોરબી અને પશ્ચિમ ઝોનની ઓફીસ મોરબી મહાનગરપાલિકાએ કાર્યાન્વિત કરવામાં આવી છે.

પૂર્વ ઝોનમાં વહીવટી કામગીરી માટે ડેપ્યુટી કમિશનર (પ્રોજેક્ટ) સંજયકુમાર સોની જેમાં ગામ: ભડિયાદ (જવાહર), ત્રાજપર(માળિયા વનાળીયા), મહેન્દ્રનગર(ઈન્દિરાનગર), અમરેલી અને નગરપાલિકા વોર્ડ નં.૨,૩,૪,૫, ૬,૧૩ રહેશે. જ્યારે પશ્ચિમ ઝોન વહીવટી કામગીરી માટે ડેપ્યુટી કમિશનર(વહીવટ) કુલદિપસિંહ વાળા જેમાં ગામ: શકતશનાળા, રવાપર, લીલાપર, નાની વાવડી, માધાપર/વજેપર ઓ.જી. અને જેમાં વોર્ડ ૧,૭,૮,૯,૧૦,૧૧,૧૨ વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# ટંકારા: પ્રતિબંધિત ૬ ફિરકા સાથે એક ઈસમ ઝડપાયો



**અબતક, ઋષી મહેતા, મોરબી**

ટંકારા ટાઉન વિસ્તારમાં અગલ અલગ પતંગના સ્ટોલ ચેક કરી તપાસ કરતા આરોપી અફજલભાઈ ઈબ્રાહીમભાઈ માડકીયા ઉવ.૩૧ રહે. ટંકારા મઢવાળી શેરીમાં તા.ટંકારા જી.મોરબી વાળાના કબજામાંથી પ્રતિબંધીત ચાઈનીઝ દોરીની ફીરકી નંગ-૬ કી.રૂ. ૯૦૦/- મળી આવતા જીલ્લા મેજીસ્ટ્રેટ મોરબીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોય જેથી આરોપીની અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ચાઈનીઝ ફિરકીના જથ્થા સાથે ૪ શખ્સો ઝડપાયા

## હોલસેલ વેપારી અને મુખ્ય સપ્લાયર વિપુલ હિરાણીના ગોડાઉનમાંથી ૪૦૮ ફિરકા જપ્ત



**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી સીટી એ-ડિવિઝન પોલીસે બાતમીના આધારે ચાઈનીઝ દોરી (ફિરકી)ના ૪૫૧ નંગ કિ.રૂ.૨.૯૩ લાખના મુદ્દામાલ સાથે હોલસેલ વેપારી અને મુખ્ય વિતરણકર્તા જે.કે.ટોયઝના માલીક સહિત ૪ આરોપીઓની ધરપકડ કરવામાં આવી તેઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

મોરબીમાં મકરસંક્રાંતિ દરમિયાન ચાઈનીઝ દોરીના ઉપયોગથી થતા માનવજાત અને પર્યાવરણને નુકસાનના બનાવોને અટકાવવા માટે મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

મોરબી સીટી એ-ડિવિઝન પોલીસે ૪ અલગ-અલગ સ્થળોએ દરોડા પાડ્યા હતા. જેમાં પોલીસે કુલ ૪૫૧ નંગ ચાઈનીઝ ફિરકા કિ.રૂ.૨,૯૩,૧૫૦/- ના મુદ્દામાલ સાથે ૪ આરોપીઓની ધરપકડ કરી હતી જેમાં આરોપી વિપુલભાઈ હસમુખભાઈ હિરાણી પાસેથી ૪૦૮ ફિરકી કિ.રૂ.૨,૬૫,૨૦૦/-, મહેબુબભાઈ તૌફીકભાઈ ખોખર પાસેથી ૧૧ ફીરકી કિ.રૂ.૭,૧૫૦/- અનવરભાઈ હાજીભાઈ વડગામા પકડાયેલ મુદ્દામાલ ૨૯ ફિરકી કિ.રૂ.૧૮,૮૫૦/- તથા ફૈઝલભાઈ હનીફભાઈ પઠાણ પાસેથી ૧૩ ફિરકી કિ.રૂ ૮,૪૫૦/- ની અટકાયત કરી તમામ વિરુદ્ધ જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાના ભંગ તથા અન્ય જોગવાઈઓ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રફાળેશ્વર ગામેથી મોટર સાયકલની ચોરી


## કપડાં લેવા ગયેલા યુવક પરત આવતા બાઈક ઉપડી ગયું

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના રફાળેશ્વર ગામની ચોકડી પાસે ભુદેવ પાન સામે પાર્ક કરેલ મોટર સાયકલની કોઈ અજાણ્યા ચોર ઈસમ દ્વારા ચોરી કરીને લઈ ગયા અંગે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે અજાણ્યા વાહન ચોર આરોપી વિરુદ્ધ ગુનો નોંધી શોધખોળ શરૂ કરી છે.

મોરબીના પાનેલી રોડ મચ્છુનગર મફતિયાપરામાં રહેતા મૂળ વાંકાનેરના જાલી ગામના વતની લલિતભાઈ દેવસીભાઈ પરમાર ઉવ.૩૫ ગઈ તા.૨૬/૧૨ના રોજ સાંજના ૫ વાગ્યા આસપાસ પોતાનું સ્પ્લેન્ડર પ્લસ રજી.નં. જીજે-૨૩-એલ-૬૧૭૨ લઈને રફાળેશ્વર ગામની ચોકડી ભુદેવ પાનવાળા કોમ્પ્લેક્ષમાં ઉપરના માળે આવેલ દરજીની દુકાને સિવડાવેલ કપડાં લેવા ગયા હતા, ત્યારે ઉપરોક્ત બાઈક ભુદેવ પાન સામે ખુલ્લામાં પાર્ક કર્યું હતું, કલડા લઈને લલિતભાઈ પરત આવ્યા ત્યારે તેમના બાઈકની કોઈ અજાણ્યા વાહન ચોર દ્વારા ચોરી કરીને લઈ ગયા હોય જેથી પ્રથમ ઈ-એફઆઈઆર બાદ રૂબરૂ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બાઈક ચોરીની અલગ અલગ દિશામાં તપાસ ચલાવી છે.

# વાંકાનેર: વ્હોરા બાળ રોઝેદાર બુરહાનુદ્દીન ભારમલને શુભેચ્છા



**અબતક,હિતેશ ગોસાઈ, જસદણ**

વાંકાનેરના સામાજિક કાર્યકર અબ્બાસભાઈ ભારમલના ૧૦ વર્ષીય સુપત્ર બુરહાનુદ્દીનએ પવિત્ર રજબ માસમાં એક દિવસ રોજુ પાળી અલ્લાહની બંદગી કરી હતી દાઉદી વ્હોરા સમાજમાં હાલ પાક રજબ માસ ચાલી રહ્યો છે આ માસમાં રોઝા રાખવા ફરજિયાત નથી પણ અલ્લાહ અને શેરે ખુદા હ.અલી સાહેબની આસ્થાને કારણે દાઉદી વ્હોરા સમાજના નાના મોટેરાં બિરાદરો સૂર્યોદય થી સૂર્યાસ્ત સુધી રોઝા પાળી રહ્યાં છે તસ્બી જેવી સામુહિક પ્રાર્થનામાં ભાગ લઈ રહ્યા છે ગુરૂવારે રજબ માસનો દસમો દીવસ વાંકાનેરના બાળ રોઝેદાર બુરહાનુદ્દીનએ આખો દિવસ ભૂખ્યો તરસ્યો રહી પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

# નવજીવન વિદ્યાલયના વાર્ષિકોત્સવ સ્પંદન-૨૦૨૫નો રવિવારે પ્રારંભ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના રવાપર-ઘુનડા રોડ ઉપર આવેલ ન્યુ એરા ગ્રુપની નવજીવન વિદ્યાલય દ્વારા ૧૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ વાર્ષિકોત્સવ ''સ્પંદન-૨૦૨૫'' નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને શૈક્ષણિક પ્રગતિને આગળ ધપાવવાના છે. આ કાર્યક્રમમાં વિશેષ મહેમાનો તરીકે કાંતિલાલ અમૃતિયા અને ડી.બી. પાડલીયા હાજરી આપશે.

મોરબીની નવજીવન વિદ્યાલય, જે સંસ્કાર અને શિક્ષણના સમન્વય માટે પ્રખ્યાત છે, તેના વાર્ષિકોત્સવ ''સ્પંદન-૨૦૨૫'' નું આયોજન કરી રહ્યું છે. આ કાર્યક્રમ ૧૨ જાન્યુઆરીના રોજ રવિવારે સાંજે ૫.૩૦ વાગ્યે ન્યુ એરા ગ્લોબલ સ્કૂલ, રવાપર ઘુનડા રોડ, મોરબી ખાતે યોજવામાં આવ્યું છે. આ વાર્ષિકોત્સવ કાર્યક્રમ પ્રસંગે વિશેષ મહેમાન તરીકે કાંતિલાલ અમૃતિયા (ધારાસભ્ય મોરબી-માળિયા) અને ડી.બી.પાડલીયા(મેનેજિંગ ટ્રસ્ટીશ્રી, નવજીવન અને ન્યુ એરા ગ્રુપ) ઉપસ્થિત રહેશે. નવજીવન વિદ્યાલયની આ ઉજવણીમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે કરવામાં આવેલા પ્રયત્નોને રજુ કરવામાં આવશે, જેમાં તેમની શૈક્ષણિક, સાંસ્કૃતિક અને આંતરિક શક્તિઓને બિરદાવવા ન્યુ એરા ગ્રૂપ તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# બેલા ગામે જુગાર રમતા ૨ ઝડપાયા

**અબતક, ઋષીમહેતા, મોરબી**

બેલા ગામની સીમમાં રોસાબેલા કારખાનાની સામે આવે બાવળની કાંટમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો જુગાર રમી રહેલ હિતેષભાઈ કરશનભાઈ બથવાર ઉવ.૨૧ તથા રોહિતભાઈ દેહાભાઈ પરમાર ઉવ.૨૨ બંને રહે.મોટી મોલડી તા.ચોટીલા જી.સુ.નગરવાળાની અટક કરવામાં આવી હતી, પોલીસે રેઈડ દરમિયાન રોકડા રૂ.૨,૫૦૦/- કબ્જે કરી બંને આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદના જુના દેવળીયા ગામે વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

હળવદ જુના દેવળીયા ગામે સ્કૂલ પાસે કલ્પેશ પટેલ બાઈક ઉપર વિદેશી દારૂની બોટલ રાખી વેચાણ કરતો હોય જે મુજબની મળેલ બાતમીને આધારે જુના દેવળીયા ગામે રેઈડ કરવામાં આવી હતી, ત્યારે પોલીસ કફલાને દૂરથી આવતા જોઈ આરોપી બાઈક રેઢું મૂકીને અંધારાનો લાભ લઈને નાસી ગયો હતો. ત્યારે પોલીસે સ્થળ ઉપરથી નંબર પ્લેટ વગરનું સ્પ્લેન્ડર મોટર સાયકલ તેમજ તેમાં રહેલ થેલીની તલાસી લેતા તેમાં વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૩ બોટલ કિ.રૂ.૧,૫૭૧/- મળી આવી હતી. આ સાથે પોલીસે આરોપી કલ્પેશ જયંતીભાઈ પટેલ રહે. જુના દેવળીયા તા.હળવદ વાળાને ફરાર દર્શાવી બાઈક સહિત રૂ.૨૬,૫૭૧/-નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વિદેશી દારૂના જથ્થા સાથે એક પકડાયો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન નજરબાગ નજીક સાયન્સ કોલેજ પાછળ મેલડી માતાજી મંદિરના ગ્રાઉન્ડ માં એક શખ્સ પ્લાસ્ટિકના બાચકા સાથે શંકાસ્પદ હાલતમાં ઉભો હોય જેથી તેને રોકી તલાસી લેતા પ્લાસ્ટિકના બાચકામાંથી વિદેશી દારૂ રોયલ ચેલેન્જની ૪ બોટલ કિ.રૂ.૨,૭૮૪/- મળી આવતા તુરંત આરોપી હરેશભાઈ મનસુખભાઈ મકવાણા ઉવ.૨૬ રહે.મોરબી નજરબાગ રેલ્વે સ્ટેશન સામે ગાંધી સોસાયટીવાળાની અટક કરી હતી. પકડાયેલ આરોપીની પ્રાથમિક પૂછપરછમાં મોરબી-૨ જવાહર સોસાયટીમાં રહેતા વિજયભાઈ શિવાભાઈ મકવાણા પાસેથી વિદેશી દારૂનો જથ્થો લાવ્યા હોવાની કબૂલાત આપી હતી, જેથી આરોપી વિજય મકવાણાને ફરાર દર્શાવી બંને આરોપીઓ સામે બી ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# જવાહર સોસાયટીના રહેણાંકમાંથી ઈંગ્લીશ દારૂની ૧૦૫ બોટલ ઝડપાઈ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી સામાકાંઠે ભડિયાદ રોડ ઉપર જવાહર સોસાયટીમાં આવેલ રહેણાંક મકાનમાં રેઈડ કરી હતી, આ સાથે પોલીસે સ્થળ ઉપરથી ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૦૫ નંગ બોટલ ઝડપી લીધેલ હતી, રેઈડ દરમિયાન આરોપીઓ હાજર નહીં મળી આવતા બંને આરોપીને ફરાર દર્શાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મોરબી-૨ ભડિયાદ રોડ ઉપર જવાહર સોસાયટીમાં વિજય મકવાણા અને ભરત મકવાણાએ પોતાના રહેણાક મકાનમાં વેચાણ અર્થે ઈંગ્લીશ દારૂનો જથ્થો ઉતારેલ હોય જે મળેલ બાતમીને આધારે બી ડિવિઝન પોલીસ ટીમ દ્વારા રહેણાંક મકાનમાં દરોડો પાડતા મકાનમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૦૫ નંગ બોટલ કિ.રૂ ૭૧,૬૦૬/- નો મુદામાલ મળી આવ્યો હતો, દરોડા દરમિયાન બંને આરોપી વિજયભાઈ સીવાભાઈ મકવાણા તથા આરોપી ભરતભાઈ ધનજીભાઈ મકવાણા બંનેરહે-જવાહર સોસાયટી, ભડીયાદ રોડ મોરબી-૨ હાજર નહિ મળી આવેલ હોય જેથી બંને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીઓને પકડી લેવા તપાસની તજવીજ શરૂ કરી છે.

આ સફળ કામગીરી પીઆઈ એન.એ.વસાવા, પીએસઆઈ બી.એ.ગઢવી, હેડ.કોન્સ. જગદિશભાઈ જીવણભાઈ, જયપાલભાઈ જેસીંગભાઈ, વિપુલભાઈ ગગુભાઈ, ભાવેશભાઈ કનુભાઈ, પ્રદિપસિંહ બહાદુરસિંહ, સંજયભાઈ દિલીપભાઈ, મનોજભાઈ નારણભાઈ, અજયસિંહ તીખુભા, સિધ્ધરાજસિંહ અર્જુનસિંહ, રાજપાલસિંહ રામદેવસિંહ, પ્રિયંકાબેન ગૌતમભાઈ સહિતના દ્વારા કરવામાં આવી હતી.

# જામનગર ક્રાઈમ ડાયરી

## દરેડમાંથી ૩ લાખનો અનાજનો જથ્થો જપ્ત

### ઘઉં અને ચોખાનો જથ્થો મળતા ચકચાર: તપાસ માટે ડીએસઓને સોંપાય

**અબતક જામનગર**

જામનગર મામલતદાર (ગ્રામ્ય) એ દરેડ વિસ્તારના એક ગોડાઉન ઉપર દરોડો પાડી ઘઉં-ચોખા નો જથ્થો જપ્ત કર્યો હતો. પૂરવઠા વિભાગે આ બાબતે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

જામનગર ગ્રામ્ય વિસ્તારમાં મામલતદારે પૂર્વ બાતમી ના આધારે દરેડ જીઆઈડીસી વિસ્તારમાં આવેલ એક ગોડાઉનમાં દરોડો પાડયો હતો. આ સમયે ગોડાઉનમાં ઘઉં-ચોખા નો જથ્થો મળી આવ્યો હતો. આથી અધિકારીઓ દ્વારા રૂ. ૩ લાખ થી વધુ કિંમતનો ઘઉં-ચોખા.નો સરકારી જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. અને ગોડાઉન પણ સીલ કર્યુ હતું. આ અંગેનો અહેવાલ જિલ્લા પુરવઠા અધિકારીને સુપ્રત કરવામાં આવ્યો અને તેમણે વધુ તપાસ હાથ ધરી છે.

## હનુમાન ટેકરીનાં યુવકનો ગળાફાંસા ખાઈ આપઘાત

**અબતક, જામનગર**

જામનગરમાં હનુમાન ટેકરી વિસ્તારમાં રહેતા પ્રકાશ ગોપાલભાઈ મકવાણા નામના ૨૫ વર્ષના યુવાને આજે વહેલી સવારે પોતાના ઘેર કોઈ અગમ્ય કારણોસર પંખા ના હુકમાં દુપટ્ટો બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

આ બનાવ અંગે મૃતકના પરિવારજનોએ તુરત જ ૧૦૮ ની ટીમને જાણ કરી હતી, જેથી ૧૦૮ ની ટિમ ઘટના સ્થળે પહોંચી હતી, અને તપાસ કરતાં પ્રકાશ મકવાણાનું મૃત્યુ નીપજયું હોવાનું જાહેર કર્યું હતું.

જે બનાવ અંગે પોલીસને જાણ થવાથી સીટી સી. ડિવિઝન નો પોલીસ કાફલો બનાવના સ્થળે દોડી ગયો છે, અને વધુ તપાસ હાથ ધરી છે. મૃતકે કયા સંજોગોમાં ગળાફાંસો ખાઈ લીધો, તે જાણવા પોલીસ સમગ્ર પરિવારજનોની પૂછપરછ કરી રહી છે. આ બનાવને લઈને મૃતકના પરિવારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી છે.

## હાપા યાર્ડની પેઢીમાં હાથ ફેરો કરનાર તસ્કર જામીન મુકત

**અબતક, જામનગર**

હાપા માર્કેટિંગ યાર્ડ દુકાન નં. સી-૧૦૩માં આવેલ સંજય ટ્રેડીંગ કાં.માંથી તાજેતરમાં રોકડ રકમ રૂા. પાંચ લાખની ચોરી થયેલ હતી. તે બનાવ સંબંધે પેઢીના સંચાલક ભરભાઈ મનસુખભાઈ નંદા દ્વારા પોલીસમાં બીએનએસ એકટ ૨૦૨૩ કલમ ૩૩૧(૪), ૩૦૫(એ) મુજબ ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા તપાસ દરમિયાન શંકર રમેશભાઈ ધાંધલપરીયા નામના હાપા વિસ્તારમાં રહેતા સેશન્સ અદાલતમાં જામીન ઉપર મુકત થવા જામીન અરજી કરતા એડી. સેશન્સ જજ વી.પી. અગરવાલ દ્વારા આરોપી શંકર રમેશભાઈ ધાંધલપરીયાને રૂા. ૨૫૦૦૦ના જામીન ઉપર મુક્ત કરવા હુકમ કરેલ છે.

આરોપી તરફે વકીલ રાહુલ વી. ચૌહાણ રોકાયા હતાં.

## ચેક રિટર્નના ત્રણ કેસમાં સુરતના વેપારીને ત્રણ-ત્રણ વર્ષની સજા

### પેઢીના સંચાલકને રૂ. ૩૧.૯૧ લાખનું વળતર ચુકવવા હુકમ

**અબતક, જામનગર**

જામનગર માં બાયસીકલના ટાયર તથા લગત પાર્ટ બનાવતી પેઢી દ્વારા સુરત ના એક વેપારી સામે કુલ રૂ.૩૪,૯૧,૯૦૨ ની રકમ ના ચેક પરત ફરવા ની ત્રણ ફરિયાદ કરવામાં આવી હતી. તે ત્રણેય કેસમાં અદાલતે આરોપી ને એક, એક વર્ષ ની કેદ ની સજા અને ચેક ની રકમ મુજબનો દંડ ફટકાર્યો છે.

જામનગરમાં ધનાણી ઈમ્પોર્ટ એક્સપોર્ટ પ્રા.લિ. તેમજ ધનાણી રબ્બર ઈન્ડસ્ટ્રીઝ સહિતની પેઢી ચલાવતા મુકેશ શાંતિલાલ શાહ, હર્ષિત મુકેશ ભાઈ શાહ પાસે થી સુરત માં દ્રષ્ટિ માર્કેટીંગ નામની પેઢી ચલાવતા અલ્પેશ હરજીભાઈ પટેલે બાઈસીકલના ટાયર, ટ્યૂબ ખરીદ્યા હતા. તે પેટે બાકી રહેતી રકમ રૂ.૩,૫૮,૨૮૨ તેમજ રૂ.૮,૯૯,૦૫૮ અને રૂ.૨૨, ૩૪,૫૬૨ ચૂકવવા અલ્પેશ હરજીભાઈ એ ચેક આપ્યા હતા.

તે તમામ ચેક બેંકમાંથી અપૂરતા નાણા ભંડોળના કારણે વસૂલાત વગર પરત ફરતા મુકેશભાઈ શાહે જામનગર ની કોર્ટ માં ત્રણ ફોજદારી ફરિયાદ નોંધાવી હતી. તે ત્રણેય કેસ ચાલી જતાં અદાલતે ત્રણેય કેસમાં આરોપી અલ્પેશ હરજીભાઈ ને તકસીરવાન ઠરાવી એક-એક વર્ષ ની કેદ ની સજા અને ચેકની રકમ વળતર પેટે ફરિયાદીને ચૂકવી આપવાનો હુકમ કર્યો છે. વળતર ચૂકવવામાં ન આવે તો બે-બે મહિનાની વધુ કેદ ભોગવવાનો આદેશ કરાયો છે. આ કેસ મા ફરિયાદી તરફ થી વકીલ હેમલ એચ. ચોટાઈ, વી.એચ. બક્ષી, હીરેન ગુઢકા રોકાયા હતા.

## નદીપા વિસ્તારમાં મહિલાના મકાનમાંથી ઈંગ્લીશ દારૂ પકડાયો

**અબતક, જામનગર**

જામનગરના નદીપા રોડ પર આવેલા એક મકાનમાં ગઈકાલે પોલીસે દરોડો પાડી ઈંગ્લીશ દારૂની ૧૪ બોટલ સાથે મહિલાને ઝડપી લીધી છે, તેણીએ સપ્લાયરનું નામ આપ્યું છે.

જામનગરના નદીપા વિસ્તારમાં એક મકાનમાં દારૂની બોટલ રાખવામાં આવી હોવાની બાતમી પરથી ગઈકાલે દરબારગઢ પોલીસચોકીના સ્ટાફે સંજરી નામના મકાનમાં દરોડો પાડી તલાશી લીધી હતી. જે મકાનમાંથી દારૂની ૧૪ બોટલ મળી આવી હતી. આથી મરીયમબેન ઉર્ફે અફસાના ઈમ્તિયાઝ રફાઈ નામના મહિલાની ધરપકડ કરવામાં આવી છે. આ મહિલાએ મહંમદ મુસાભાઈ કકલ ઉર્ફે મામદા પાસે થી દારૂ લીધાની કબૂલાત કરી છે.

## અંધઆશ્રમ આવાસ નજીક જાહેરમાં જાજરૂ કરતાં યુવાનને માર પડયો

**અબતક, જામનગર**

જામનગરમાં રણજીત સાગર રોડ પર ન્યુ હર્ષદ મિલની ચાલીમાં રહેતા રાહુલ દેવજીભાઈ પરમાર નામના ૨૫ વર્ષના દલિત યુવાને પોતાને માર મારી સમાજમાં હલકા પાડવા માટે હડધુત કરવા અંગે નાજીમ ઉર્ફે નાઝલો ગામેતી અને સૌક્ત નામના બે શખ્સ સામે સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

જે ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી અંધ આશ્રમ આવાસ નજીકના વિસ્તારમાં જાહેરમાં જાજરુ કરી રહ્યો હતો, જે દરમિયાન બંને શખ્સોએ આવીને કે અહીં શું કામ જાજરૂ કરે છે, તેમ કહી ધમકાવ્યો હતો, અને કેવી જ્ઞાતિનો છે, તવું પૂછતાં પોતે દલિત જ્ઞાતિનો હોવાનું જણાવ્યું હતું. જેથી બંને શખ્સોએ ઉસકેરાઈ જઈ સમાજમાં હલકા પાડવા માટે હડધૂત કર્યો હોવાથી પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. જે મામલે પોલીસે એસ્ટ્રોસિટી એક્ટ ની કલમ મુજબ ગુન્હો નોંધ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

## ગોરધનપરામાં વીસ હજારની ઉઘરાણીના મામલે મહિલાના ઘરમાં હંગામો

### ઘરનું તાળું તોડી અંદરથી ૫૫,૦૦૦ના દાગીના ઉઠાવી, એ.સી.-ટીવી-ફ્રીઝ તોડી નાખ્યાની ફરિયાદ

**અબતક, જામનગર**

જામનગર નજીક ગોરધનપર ગામમાં રહેતી મહિલાએ પોતાના મકાનના તાળા તોડી અંદર પ્રવેશ કરી લઈ ટીવી, ફ્રીજ, એસી વગેરે તોડી નાખી નુકસાન પહોંચાડવા અંગે તેમજ મકાનમાંથી રૂપિયા ૫૫,૦૦૦ ના ઘરેણા ઉઠાવી જવા અંગે જામનગરના નીલકમળ સોસાયટીમાં રહેતા એક શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગર નજીક ગોરધન પર ગામમાં ગોરધન ગ્રીન સોસાયટીમાં રહેતી સાક્ષીબેન હિતેશભાઈ પિત્રોડા નામની ૪૨ વર્ષની લુહાર જ્ઞાતિની મહિલાએ પોતાના ઘરના તાળા તોડી અંદર પ્રવેશ મેળવી લઈ મકાનમાં તોડફોડ કરી ટીવી,ફ્રીઝ,એ.સી. વગેરે ઉપકરણો તોડી નાખી નુકસાન પહોંચાડવા અંગે, તેમજ મકાનમાં રાખેલા રૂપિયા ૫૫,૦૦૦ ની કિંમતમાં ઘરેણાની ચોરી કરી જવા અંગે જામનગરના નિલકમલ સોસાયટી વિસ્તારમાં રહેતા અનિરુદ્ધસિંહ પરમાર સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી સાક્ષીબેન ના પતિ હિતેશભાઈ, કે જેઓએ એક ખાનગી કંપનીમાં ફેબ્રીકેશનનું કામ રાખ્યું હતું, જે કામ આરોપી અનિરુદ્ધસિંહ પરમાર ના સંપર્ક પછી કંપનીના અધિકારીઓ મારફતે મળ્યું હતું. જે કામ દરમિયાન અનિરુદ્ધસિંહ પરમાર પાસેથી ૨૦ હજાર રૂપિયા ની રકમ હાથ ઉછીની લીધી હતી. જે રકમ કામ પૂરું થયા બાદ આપવાની વાત હતી, અને ત્યાં સુધી બેંક ના વ્યાજ પ્રમાણેનું વ્યાજ ચૂકવવાનું નક્કી થયું હતું. ત્યારબાદ અનિરુદ્ધસિંહ પરમારએ સાક્ષી બેન ના મોબાઈલ માં ફોન કરીને ધમકાવવાનું શરૂ કર્યું હતું. તેણે પૈસાની માંગણી કરતા એકાદ દિવસમાં મેળ કરીને પહોંચાડવાની વાત કરતા અનિવૃદ્ધિ પરમાર ઉસકેરાયો હતો, અને સાક્ષી બેન ને પણ ફોનમાં ગાળો આપી હતી. અને તેમનું ઘર બંધ હતું, તેમ છતાં ઘરની બહાર પહોંચી ગયો હતો. અને મકાનનું તાળું તોડી અંદર પ્રવેશ મેળવી લીધો હતો, અને ટીવી, ફ્રીજ, એ.સી. વગેરે ઉપકરણોમાં તોડફોડ કરી નાખી હતી અને ૫૫,૦૦૦ ના ઘરેણાં ઉઠાવી ગયો હતો.જેથી આ મામલો સિક્કા પોલીસ મથકમાં લઈ જવાય પછી પી.આઈ. વી.બી. ચૌધરીએ અનિરુદ્ધસિંહ પરમાર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરના હડમતીયા ગામનો ખેડૂત કપાસનો સોદો કરીને છેતરાયા

## ગોંડલના વેપારી ૬.૧૨ લાખનો ૪૦૭ મણ કપાસ લઈ જઈ રફુચક્કર થઈ જતાં છેતરપિંડીની ફરિયાદ

**અબતક, જામનગર**

જામનગર તાલુકાના હડમતીયા ગામમાં રહેતા અને ખેતી કામ કરતા એક ખેડૂત કપાસના વેચાણના બહાને છેતરપિંડી નો શિકાર બન્યા છે. પ્રતિ વર્ષ કપાસની ખરીદી કરીને લઈ જતા ગોંડલના એક વેપારી રૂપિયા ૬.૧૨.૫૩૫ ની કિંમત નો ૪૦૭ મણ કપાસ ખરીદી બીજા દિવસે પૈસાનું આંગડીયું કરવાનું બહાનું બતાવી રફુચક્કર થઈ ગયા હતા, અને આજ દિન સુધી રકમ નહીં ચૂકવતાં ગોંડલના વેપારી સામે ખેડૂતે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના હડમતીયા ગામમાં રહેતા અને ખેતી કામ કરતા સંજયભાઈ સવજીભાઈ ધામેલીયા નામના ૩૫ વર્ષના ખેડૂત યુવાને ગોંડલમાં માર્કેટિંગ યાર્ડ પાસે રહેતા અને જુદી જુદી ખેત પેદાશની ખરીદી કરતા જીતેનભાઈ કલાલ નામના વેપારી સામે પોતાની સાથે રૂપિયા ૬,૧૨,૫૩૫ ની છેતરપિંડી કરવા અંગેની ફરિયાદ પંચકોશી એ. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી છે.

કપાસનો પાક નો જથ્થો મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ કેટલાક વર્ષોથી ગોંડલમાં રહેતા હિતેનભાઈ કલાલ ને વેચાણ કરતા હતા, અને પ્રતિવર્ષ તેમનું વેચાણ કરીને પૈસા મેળવી લેતા હતા. જેથી જીતેનભાઈ સાથે પરિચય થઈ ગયો હતો. કપાસનો જથ્થો તેમજ આસપાસના ખેડૂતો પાસેથી મેળવેલો કુલ ૪૦૭ મણ કપાસનો જથ્થો કે જેની કુલ કિંમત ૬,૧૨,૫૩૫ થાય છે જે તમામ જથ્થો એક ટ્રકમાં ભરીને જીતેનભાઈ ને આપ્યો હતો, અને જીતેનભાઈ બીજા દિવસે પૈસા નું આંગડિયું કરીને મોકલાવી દેશે તેવો વિશ્વાસ અને ભરોસો આપ્યો હતો, તેથી ખેડૂત માની ગયા હતા, અને બીજા દિવસે પૈસા ની રાહ જોઈ હતી.

પરંતુ જીતેનભાઈએ પૈસા આપ્યા ન હતા, ત્યારબાદ તેનો સંપર્ક કરતાં તેઓનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ થઈ ગયો હતો, અને ગોંડલમાં પણ તપાસ કરતાં તેઓ ક્યાંક લાપતા બની ગયા હતા. લાંબો સમય સુધી તેની શોધખોળ કર્યા પછી પણ કોઈ પતો નહીં મળતાં આખરે વેપારી દ્વારા પોતાની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ પંચકોશી એ. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી છે. જે ફરિયાદ ના આધારે પોલીસ હેડ કોન્સ્ટેબલ એસ.જી. જાડેજા ગોંડલના વેપારીને શોધી રહ્યા છે.

(પહેલા પાનાનું ચાલું)

### નાણા લેનારા...

જણાવ્યું હતું કે ધિરાણકર્તાઓના એક વર્ગ દ્વારા ઘરગથ્થુ આવક મૂલ્યાંકનનું યોગ્ય રીતે પાલન કરવામાં આવતું નથી, જેના કારણે સમગ્ર ઉદ્યોગ માટે બેડલોનનું જોખમ વધી રહ્યું છે. નિયમનકારે કેટલાક ધિરાણકર્તાઓ દ્વારા ઘરગથ્થુ આવકના મૂલ્યાંકનમાં રહેલા અંતર પર પણ નારાજગી વ્યકત કરી હતી. માઈક્રોફાઈનાન્સ લોન કોલેટરલ-મુક્ત હોય છે અને ઓછી આવક ધરાવતા પરિવારોને આપવામાં આવે છે - જેમની વાર્ષિક આવક રૂ. ૩ લાખથી ઓછી હોય છે. આવી લોનની મુખ્ય લાભાર્થી મહિલાઓ છે.

નાણા મંત્રાલયના નાણાકીય સેવાઓ વિભાગએ બુધવારે ઉભરતી પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે દેશની ટોચની માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ સાથે બેઠક યોજી હતી. ડીએફએસ સચિવ એમ નાગરાજુએ જણાવ્યું હતું કે ભારતમાં એમએફઆઈને વધુ મજબૂત, ગતિશીલ અને નાણાકીય રીતે મજબૂત બનાવવાની જરૂર છે જેથી તેઓ ગામડાઓમાં ઓછી આવક ધરાવતા પરિવારોને અસરકારક રીતે સેવા આપી શકે.

બેઠકમાં, નાગરાજુએ એમ પણ કહ્યું કે એમએફઆઈએ ક્ષેત્રને મજબૂત બનાવવા અને વધુ સક્ષમ બનવા માટે એક રોડમેપ તૈયાર કરવાની જરૂર છે.નાણાકીય વર્ષની શરૂઆતથી વધતા ડિફોલ્ટ્સને કારણે સમગ્ર માઈક્રોફાઈનાન્સ ઈકોસિસ્ટમ પ્રભાવિત થઈ રહી છે.

બંધન બેંક, ઈન્ડસઈન્ડ બેંક અને આરબીએલ બેંક જેવા મોટા માઈક્રોફાઈનાન્સ એકસપોઝર ધરાવતા લિસ્ટેડ યુનિવર્સલ ધિરાણકર્તાઓના શેરના ભાવ સંબંધિત ૫૨-સપ્તાહના નીચલા સ્તરની નજીક પહોંચી ગયા છે.

### લગ્ન...

૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ ભાવનગર ફેમિલી કોર્ટે પત્નીની છૂટાછેડાની અરજી મંજૂર કરતી વખતે પતિની અરજી ફગાવી દીધી હતી. પતિએ બે અલગ-અલગ અપીલો દ્વારા આ નિર્ણયનો વિરોધ કર્યો હતો અને છૂટાછેડાના આદેશને રદ કરવા માટે હાઈકોર્ટને વિનંતી કરી હતી. પ્રારંભિક સુનાવણી પછી, ન્યાયાધીશ બિરેન વૈષ્ણવ અને ડી એમ દેસાઈએ જણાવ્યું હતું કે પડકાર હેઠળના ચુકાદા અને હુકમનામાનું અવલોકન કરવાથી સૂચવવામાં આવશે કે પત્નીની અરજી જે મુખ્ય આધારો પર સ્વીકારવામાં આવી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે અપીલકર્તા પતિએ ક્રૂરતા આચરી છે, તે એ છે કે અપીલકર્તાની એક બહેને બીજા સમુદાયના કોઈ વ્યકિત સાથે લગ્ન કર્યા હતા. મહિલાને જારી કરાયેલી નોટિસ બાદ હાઈકોર્ટે બંને અપીલોની સંયુકત સુનાવણી ૨૦ જાન્યુઆરીના રોજ નક્કી કરી છે.

### માઓવાદી...

ચાલુ છે.'' વર્ષના પ્રથમ નવ દિવસમાં નવ માઓવાદીઓને તટસ્થ કરવામાં આવ્યા છે. તેમજ તેઓએ વધુમાં જણાવ્યું હતું કે સુરક્ષા દળોએ સુકમાના જંગલોમાં ''સફળ નકસલવાદી વિરોધી ઓપરેશન'' હાથ ધર્યું છે. બીજાપુરમાં ૬ જાન્યુઆરીના માઓવાદી આઈઈડી વિસ્ફોટ પછી જવાનોમાં ઘણી વ્યથા હતી, એમ તેમણે ઉમેર્યું હતું. આ સાથે બીજાપુરમાં આઈઈડી વિસ્ફોટના કલાકો પછી, અમિત શાહે માર્ચ ૨૦૨૬ સુધીમાં દેશમાંથી માઓવાદી બળવાખોરીને ખતમ કરવાની તેમની પ્રતિજ્ઞાનું પુનરાવર્તન કર્યું હતું.

### બાંગ્લાદેશી...

હતી. આ મહિલાને ૨૯ જૂન, ૨૦૨૦ ના રોજ બારપેટા ફોરેનર્સ ટ્રિબ્યુનલ દ્વારા વિદેશી જાહેર કરવામાં આવી હતી, પરંતુ તે નોંધણી કરાવવામાં નિષ્ફળ રહી હતી. હવે તેણે હાઈકોર્ટમાં નોંધણી માટે સમય વધારવાની અરજી કરી હતી, જેને કોર્ટે ફગાવી દીધી છે. હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટ દ્વારા તાજેતરમાં આપેલા નિર્ણયને ટાંકયો છે.નોંધણી કરાવવામાં નિષ્ફળ ગયેલા લગભગ ૫ હજાર લોકોને તેમના પરિવારના સભ્યો સાથે દેશનિકાલનો સામનો કરવો પડી શકે છે. દેશનિકાલની ધમકીનો સામનો કરી રહેલા લોકોની સંખ્યા લગભગ ૨૫ હજાર છે. હાઈકોર્ટનું કહેવું છે કે જાનના કેસમાં તે સમય વધારવાની મંજૂરી આપી શકે નહીં, કારણ કે તે સુપ્રીમ કોર્ટના નિર્ણયથી બંધાયેલ છે.

જે અંગે જઈ બેન્ચના બહુમતી ન્યાયાધીશોએ એવું માન્યું હતું કે આ જૂથમાં (૧૯૬૬ થી ૧૯૭૧) વસાહતીઓ, જેમણે નિર્ધારિત સમયમર્યાદામાં નોંધણી કરાવી નથી, તેઓ નાગરિકતા માટેની પાત્રતા ગુમાવશે. જસ્ટિસ જે.બી. પારડીવાલાએ અસંમતિ દર્શાવી, એવી દલીલ કરી કે તે ઈમિગ્રન્ટ્સને સમયમર્યાદા પછી પણ નોંધણી કરવાની મંજૂરી આપવી જોઈએ.

### આઈપીઓ...

હતું અને તેમાંથી ૬૬ આઈપીઓને ૧૦ ગણાથી વધુ પ્રતિસાદ મળ્યો હતો. રિટેલ રોકાણકારો તરફથી આઈપીઓ માટે રસનું સ્તર પણ આસમાને પહોંચ્યું કારણ કે ૨૦૨૪ માં રિટેલ તરફથી અરજીઓની સરેરાશ સંખ્યા વધીને ૧૮.૮૭ લાખ થઈ ગઈ જે ગયા વર્ષે ૧૩.૨૧ લાખ હતી. વારી એનર્જીને રિટેલ તરફથી સૌથી વધુ ૭૦.૧૩ લાખ અરજીઓ મળી હતી.

મજબૂત લિસ્ટિંગ કામગીરીને કારણે આઈપીઓ પ્રતિભાવમાં વધુ વધારો થયો હતો જ્યાં સરેરાશ

લિસ્ટિંગ લાભ ૨૮.૬૮% થી વધીને ૩૦.૨૫% થયો હતો. લિસ્ટિંગના દિવસે ૯૧ આઈપીઓમાંથી લગભગ ૬૧ આઈપીઓ એ ૧૦% થી વધુ વળતર આપ્યું. હાલમાં, ૨૦૨૪ માં બજારમાં આવવાના ૯૧ આઈપીઓ માંથી, લગભગ ૬૫ આઈપીઓ ઈશ્યૂ કિંમત કરતાં ઉપર ટ્રેડ થઈ રહ્યા છે.

હકીકતમાં, ૨૦૨૪ ના ૯૧ આઈપીઓનું સરેરાશ વળતર ૪૪.૩૧% રહ્યું છે.૨૦૨૪ ના વર્ષમાં ૧૬૭ કંપનીઓએ મંજૂરી માટે સેબીમાં તેમના ઓફર દસ્તાવેજો ફાઈલ કર્યા હતા, જે અત્યાર સુધીનો સૌથી વધુ હતો. વર્ષ ૨૦૨૫ માટે પણ સંભાવનાઓ એટલી જ આશાસ્પદ છે, કારણ કે ૨૮ કંપનીઓ રૂ. ૪૬,૦૦૦ કરોડ એકત્ર કરવાની દરખાસ્ત કરી રહી છે અને તેમને સેબીની મંજૂરી મળી ગઈ છે, જ્યારે ૮૦ અન્ય કંપનીઓ રૂ. ૧,૩૨,૦૦૦ કરોડ એકત્ર કરવાની યોજના બનાવી રહી છે અને તેમને સેબીની મંજૂરી મળી ગઈ છે. સેબીની મંજૂરીની રાહ જોઈ રહી છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ડ્રગ્સ...

સત્તાતંત્ર આ રિવોર્ડને મંજૂર કરે છે.

નાર્કો રિવોર્ડ પોલિસી અંગે જાગૃતિનું પરિણામ એ આવ્યું છે કે એનડીપીએસ એક્ટ, ૧૯૮૫ હેઠળ નોંધાયેલા કેસમાં અને ડ્રગ્સની જપ્તીમાં નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૨૧માં રિવોર્ડ પોલિસી લોન્ચ થઈ ત્યારથી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં રૂ. ૧૬,૧૫૫ કરોડની કિંમતનું ૮૭,૬૦૭ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે અને ૨૫૦૦ થી વધુ આરોપીઓ સામે આવ્યા છે. આ પોલિસી હેઠળ અત્યાર સુધીમાં ડીજીપી કમિટીએ ૬૪ લોકો માટે રિવોર્ડ તરીકે રૂ.૫૧,૨૦૨ મંજૂર કર્યા છે. તો એસીએસ ગૃહ સ્તરની કમિટીએ ૧૬૯ લોકો માટે રૂ.૬,૩૬,૮૬,૬૬૪ રિવોર્ડની રકમ મંજૂર કરી છે.

આ ઉપરાંત, ૭૩૭ લોકોને કુલ રૂ. ૫,૧૩,૪૦,૬૮૦ રિવોર્ડ આપવાનો પ્રસ્તાવ એનસીબી કમિટીને મોકલવામાં આવ્યો છે.

### જિલ્લા-મહાનગરોના પ્રમુખો...

રાજકોટ શહેર ભાજપ પ્રમુખ પદે માટે હાલ મૂકેશ દોશી, દેવાંગ માંકડ અને કશ્યપ શૂકલ વચ્ચે બરાબરની ફાઈટ ચાલી રહી છે. જોકે આજે રાજકોટના અધ્યક્ષનું નામ જાહેર કરવામાં આવે તેવી શકયતા ખૂબજ ઓછી દેખાય રહી છે.

ભાજપ દ્વારા આગામી ૨૬મી જાન્યુઆરી સુધીમાં પ્રદેશ અધ્યક્ષની પણ નિયુકતી કરી દેવામાં આવે તેવું હાલ દેખાય રહ્યું છે. હવે ગમે તે ઘડીએ હાઈકમાન્ડ દ્વારા તબકકાવાર જિલ્લા અને મહાનગરોનાં પ્રમુખના નામ જાહેર કરાય તેવું લાગી રહ્યું છે.

### સૌરાષ્ટ્ર યુનિવર્સીટી...

કુલપતિ નીતિન પેથાણીનો કાર્યકાળ ફેબ્રુઆરી ૨૦૨૨માં સમાપ્ત થયો ત્યારથી કાર્યકારી કુલપતિની નિમણૂકની માંગ હતી. ગુજરાત સરકારે પરિપત્ર કરીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાયમી કુલપતિ તરીકે ગુજરાત યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો.ઉત્પલ જોશીની નિમણૂક કરી છે.

હાલ યુનિવર્સિટીના કુલપતિ પદે ડો. કમલ ડોડીયાને ઈન્ચાર્જ વાઈસ ચાન્સેલર પદ પર ફરજ બજાવે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કાયમી કુલપતિની જાહેરાત થાય તેવી ઘણા લાંબા સમયથી માંગ હતી પરંતુ સરકાર સતત કાર્યકારી કુલપતિની નિમણૂક કરી રહી હતી. ઓકટોબર ૨૦૨૩માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ ગિરીભ ભીમાણીને હતવાઈને તેના સ્થાને નીલાંબરી દવેની નિમણૂક કરવામાં આવી હતી. ત્યારબાદ જુલાઈ ૨૦૨૪માં નીલાંબરી દવેને પદ પરથી હટાવીને ડો. કમલસિંહ ડોડીયાને ઈન્ચાર્જ વાઈસ ચાન્સેલર પદનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો.

### પ્લાસ્ટિક વેસ્ટ...

આવશે.વધુમાં, ચાંદખેડામાં ફૂટપાથ બનાવવાનો પ્રસ્તાવ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, પરંતુ નિર્ણય ૨૧ દિવસ માટે મુલતવી રાખવામાં આવ્યો હતો. તેવી જ રીતે, સાબરમતી રિવરફ્રન્ટ પર પ્લોટના વેચાણનો પ્રસ્તાવ પણ અસ્થાયી રૂપે મુલતવી રાખવામાં આવ્યો હતો, જેનો નિર્ણય ૨૧ દિવસ પછી લેવાનો હતો.

### મોબાઈલ પ્રતિબંધ...

બાળકો સોશિયલ મીડિયાથી દૂર રહી વાંચનની સાથે પોતાના જીવન ઘડતર અને સ્પોર્ટ્સ સાથે જોડાઈને પોતાની તંદુરસ્તીનો ખ્યાલ રાખી શકશે.

આ બેઠકમાં ઉચ્ચ અને ટેકનિકલ વિભાગના અધિક મુખ્ય સચિવ સુનયના તોમર, ટેકનિકલ કમિશનર બંછાનિધિ પાની, નિયામક ઉચ્ચ શિક્ષણ દિનેશ ગુરૂ, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર લલિત નારાયણ સંધુ, શાળાઓના નિયામક પ્રજેશ રાણા, નિયામક પ્રાથમિક શાળા એમ.આઈ.જોષી, ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ રાજેશ ગુપ્તા, સિવિલ હોસ્પિટલના સાયકાટ્રીસ્ટ કૌશલ બેન જાડેજા સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

## તળાજા વોન્ટેડ બુટલેગર ઝડપાયો



**અબતક,આનંદ રાણા, શિહોર**

ભાવનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવા રહે તેવા હેતુ સાથે ગુનાખોરી કરી નાસતા ફરતા શખ્સોને ઝડપી લેવા એસ.પી. હર્ષદ પટેલે આપેલી સુચનાને પગલે ક્રાઈમ બ્રાંચે પેટ્રોલીંગ હાથ ધર્યુ હતુ. ત્યારે તળાજા તાલુકાના ફુલસર ગામનો વિપુલ પ્રવિણ મકવાણા નામનો શખ્સ વિદેશી દારૂના ગુનામાં વોન્ટેડ હોવાનું અને નાવલી નદી તરફ ઉભો હોવાની મળેલી બાતમીનાં આધારે પી.આઈ. એ.આર. વાળા સહિતના સ્ટાફ ઘસી જઈ વિપુલ પ્રવિણ મકવાણાની અટકાયત કરી તળાજા પોલીસને હવાલે કર્યો છે.

## ભાવનગર: ચોરાઉ ચાર મોબાઈલ સાથે ચાર શખ્સો ઝડપાયા

**અબતક,રાજકોટ**

ભાવનગર શહેર-જિલ્લામાં આર્થિક ગુનાઓ અટકાવવા અને વણ ઉકેલ ગુનાઓનો ભેદ ઉકેલવા એસ.પી. હર્ષદ પટેલે આપેલી સુચનાને પગલે ક્રાઈમ બ્રાંચના પી.આઈ. એ.આર. વાળા સહિતના સ્ટાફે પેટ્રોલીંગ હાથ ધર્યું હતુ. ત્યારે આખલોલ જકાતનાકા પાસે સ્વપ્ન સાકાર સોસાયટીમાં રહેતા નીલરાજ ઉર્ફે એન.કે. કનુ વાઘેલા, કાળકાબીડ આશિષ ભરત સાટીયા, કુંભારવાડાના ઈલ્યાસ યુનુસ ગોટી અને મીરાનગરમાં રહેતો દર્શન નામના શખ્સ મોબાઈલ ચોરીના ગુનામાં સંડોવાયેલા હોવાની શંકાસ્પદ હાલતમાં હોવાની મળેલી બાતમીનાં આધારે સ્ટાફે ચારેય શખ્સની અટકાયત કરી તેના કબ્જામાંથી રૂ. ૨૮૪૯૯ની કિંમતના ચાર મોબાઈલ મળી આવતા ચોરી કર્યાની કબુલાત આપતા તેની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દુ:ખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**વાંકાનેર:** વાંકાનેર નિવાસી સ્વ. રતિલાલ મણીલાલ વોરાના પુત્ર રાજેશભાઈ (ઉ.વ.૬૮) (બકુલભાઈ દાણાવારા) તે દિલીપભાઈ, નવનીતભાઈ, સ્વ. રમેશભાઈના નાનાભાઈ, દેવેશ (ગટુ), વંદનાબેન, શિવાનીબેનના પિતા, માન્યના દાદા, રાજકોટ નિવાસી સ્વ. જશવંતભાઈ પ્રણજીવનદાસના જમાઈ, સ્વ. નરેન્દ્રભાઈ, જીતુભાઈ, પરેશભાઈના બનેવીનું તા. ૮ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૦ ને શુક્રવારના રોજ સાંજે ૪.૩૦ થી ૬ ઔદિચ્ય બ્રહ્મસમાજ ની વાડી, રામ ચોક, વાંકાનેર ખાતે રાખેલ છે.

**વાંકાનેર:** વાંકાનેર નિવાસી સ્વ. પરસોતમભાઈ ડાયાભાઈ સગરના પત્ની ગં.સ્વ. જયાબેન (ઉ.વ.૧૦૫) તે અરવિંદભાઈ, પ્રતાપભાઈ (કાળુભાઈ મેજર) બળવંતભાઈ, સ્વ. મનુભાઈ સગરના માતા, પ્રદયુમનસિંહ, પંકજભાઈ, દેવેન્દ્રસિંહ, જીતેન્દ્રભાઈના દાદીમાનું તા. ૮ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૦ ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે સ્વપ્નેશ્વર મહાદેવ મંદિર, આશીયાના સોસાયટી વાંકાનેર ખાતે રાખેલ છે.

**રાજકોટ:** પડધરી નિવાસી હાલ રાજકોટ સ્વ. પ્રભુદાસ હિરાલાલ પારેખના પત્ની રંજનાબેન તે હર્ષદભાઈ (રાજમોતી), સ્વ. વિલાસબેન ગીરીશકુમાર પારેખ, સ્વ. કૈલાસબેન શૈલેશકુમાર કોયા, ભારતીબેન વિજયકુમાર મહેતા, દિલીપભાઈ (શ્રીજી ટ્રેડર્સ) ના માતા, તે આરતી. દિશા, કૃણાલના દાદી ટંકારાવાળા સ્વ. ચાંપચી બેચર મહેતાના પુત્રી સ્વ. વનમાળીભાઈ, કનૈયાલાલ ભાઈના બેનનું તા. ૯ ના રોજ અવસાન થયેલ છે. તેઓનું બન્ને પક્ષનું બેસણું તા. ૧૦ ને શુક્રવારના રોજ સાંજે ૪ થી ૫ દરમિયાન મોઢ વણિક વિદ્યાર્થી ભવન, ૫, રજપૂતપરા, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. મગનલાલ જસરાજ પોપટના નાના પુત્ર વ્રજલાલ મગનલાલ પોપટ (ઉ.વ.૮૪) તે સ્વ. જમનાદાસ મગનલાલ પોપટના નાનાભાઈ, ભાવેશભાઈ, ધર્મેશભાઈ, હર્ષાબેન કીરીટકુમાર ગણાત્રા, સ્વ. શોભાબેન (પારૂલબેન) મુકેશકુમાર રાયમગીયા, જયગીતાબેન જીતેન્દ્રકુમાર મામતોરા, દેવલબેન જયેશકુમાર રાજા, જીજ્ઞાબેન જયસનકુમાર જીવરાજાનીના પિતા, મુકુંદભાઈ જમનાદાસ પોપટ, વિજયભાઈ જમનાદાસ પોપટ, દક્ષાબેન નરેન્દ્રકુમાર કુંડલીયા, પન્નાબેન પ્રવીણકુમાર ગણાત્રાના કાકા, સ્વ. ગોરધનદાસ મીઠાભાઈ નગદીયા (ચલાલાવાળા) ના જમાઈનું તા. ૯ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું (સાદડી બન્ને પક્ષનું) તા. ૧૧ ને શનિવારના રોજ સાંજે ૪ થી ૫ અલ્કેશ્વર મહાદેવ મંદિર, અલકાપુરી, સદગુરુ તીર્થધામની પાછળ, રૈયા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** મૂળ કાલાવાડ હાલ રાજકોટ નિવાસી વસંતબેન લક્ષ્મીચંદ દોશી (ઉં.વ.૯૬) તે સ્વ. લક્ષ્મીચંદ છગનલાલ દોશીના પત્ની તથા કાલાવાડ નિવાસી હાલ યવતમાલ સ્વ.રતીલાલ કપુરચંદ પતિરાના દીકરી, રમેશભાઈ, અશ્વિનભાઈ, કમલેશભાઈ, શોભાબેન અશોકકુમાર અજમેરા, પારૂલબેન ધીરેનકુમાર દડિયાના માતા, તથા સ્વ.નીલાબેન, આશાબેન, આરતીબેનના સાસુ, તથા સેજલબેન, અવનીબેનના મોટા સાસુ તેમજ જસ્મિન, હિરેન દ્રષ્ટિ અને પ્રિયલના દાદી તા.૯ને ગુરુવારના રોજ અરિહંત શરણ પામેલ છે. તેમનું ઉઠમણું તા.૧૧ને શનિવારના સવારે ૧૦:૦૦ કલાકે તથા પ્રાર્થના સભા ૧૧:૦૦ કલાકે રોયલ પાર્ક ઉપાશ્રય, કાલાવાડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ગાયના છાણાની વસ્તુઓ ઓનલાઈન વેંચશે અમદાવાદ મ્યુ. કોર્પોરેશન

## હાલમાં બે મ્યુનિસિપલ કેટલ પાઉન્ડમાં રખાયેલા ૬૮૦ પશુઓ દરરોજ અંદાજે ૭,૫૦૦ કિગ્રા ગાયના છાણનું ઉત્પાદન કરે છે

**અબતક, રાજકોટ**

આપણે રોજ અઢળક વસ્તુઓ ઓનલાઈન મંગાવતા હોઈએ છીએ પરંતુ શું તમે ક્યારે ગાયનું છાણ અથવા તો ગાયના છાણમાંથી બનતી વસ્તુઓ ઓનલાઈન મંગાવી છે? શું તમે વિચાર્યું છે કે તે વસ્તુઓ પણ ઓનલાઈન મળી શકે ખરી? તો હા આવી જ એક નવી પહેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી રહી છે. જેમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઢોર ઉપદ્રવ અને નિયંત્રણ વિભાગ, જે રખડતા ઢોરની સમસ્યાને કાબૂમાં લેવા માટે પ્રયત્નો કરી રહ્યું છે, તેણે ટકાઉ સાહસ માટેના વિચારને અસર કરી છે. જેથી તેઓ ઈ-કોમર્સ વેબસાઈટ પર લાકડીઓ અને અન્ય ઉત્પાદનો સહિત ગાયના છાણમાંથી બનાવેલ વિવિધ વસ્તુઓનું વેચાણ કરીને ઢોરના કચરાને તકમાં ફેરવવાનું આયોજન કરી રહ્યું છે.



આ પહેલ ગયા વર્ષે લાગુ કરાયેલ અખઈની પશુ નિયંત્રણ નીતિ પર આધારિત છે. જેથી હાલમાં ૬૮૦ પશુઓને બે મ્યુનિસિપલ કેટલ પાઉન્ડમાં રાખવામાં આવ્યા છે. જેથી આ સુવિધાઓ હવે દરરોજ અંદાજે ૭,૫૦૦ કિગ્રા ગાયના છાણનું ઉત્પાદન કરે છે, જેમાં ૬૦૦ કિગ્રા વિવિધ ઉત્પાદનો જેમ કે છાણની કેક, લાકડીઓ અને અન્ય વસ્તુઓમાં પ્રક્રિયા કરવામાં આવે છે. જે મુજબ છેલ્લા નવ મહિનામાં, પહેલ દ્વારા ૨૧ સ્મશાન ગૃહોને ગાયના છાણની લાકડીઓ સપ્લાય કરવામાં આવી છે, જેમાં આજની તારીખમાં ૩,૭૦૦ કિલોગ્રામનો ઉપયોગ કરવામાં આવ્યો છે.કોર્પોરેશને ધાર્મિક વિધિઓ માટે સ્થાનિક મંદિરોમાં ૫,૫૦૦ ગોબરની કેકનું પણ વિતરણ કર્યું છે. વધુમાં, અખઈએ ૨૦૨૪ માં એક નવીન પ્રયોગ શરૂ કર્યો હતો, જે હેઠળ ગાયના છાણના ઉત્પાદનોનો ઉપયોગ શહેરમાં પાંચ સ્થળોએ હોળીની ઉજવણી માટે બળતણ તરીકે કરવામાં આવશે.

આ અંગે સીએનસી વિભાગના ડાયરેક્ટર નરેશ રાજપૂતે જણાવ્યું હતું કે, ‘‘અમે ગાયના છાણમાંથી બનાવેલ વિવિધ ઉત્પાદનોને ઓનલાઈન વેચવાનું વિચારી રહ્યા છીએ. અમે ગાયના છાણમાંથી ખાતર, લાકડીઓ, પોટ્સ, ઓર્ગેનિક સામગ્રી, માટી સંવર્ધક અને બાયોગેસ બનાવવાનું પણ આયોજન કરી રહ્યા છીએ. વધુમાં, અખઈ ગૌમૂત્રમાંથી દવાઓ બનાવવાની યોજના બનાવી રહી છે, જે ગાયના છાણની કેકનો વ્યાવસાયિક બળતણ તરીકે ઉપયોગ કરવા માટે અને હાલમાં લાકડીઓ બનાવવામાં આવે છે સ્મશાનમાં ગાયના છાણનો ઉપયોગ કરવામાં આવે છે.‘‘

# નિરંજન શાહ સ્ટેડિયમમાં ખરાખરીનો જંગ: આયર્લેન્ડ ટોસ જીતી બેટીંગમાં ઉતર્યું

## ચાહકો સ્ટેડિયમમાં આ મેચ ફ્રીમાં નિહાળી શકશે અને સવારથી જ ક્રિકેટરસિકો મેચ નિહાળવા પહોંચી ગયા: આયર્લેન્ડ સામે ભારતનું પલડું ભારે, ૧૨ વનડે મેચમાં તમામ મેચ ભારતે જીતી છે

**અબતક, રાજકોટ**

ભારતીય મહિલા રાષ્ટ્રીય ક્રિકેટ ટીમ અને આયર્લેન્ડ મહિલા રાષ્ટ્રીય ક્રિકેટ ટીમ વચ્ચે ત્રણ મેચની વનડે શ્રેણીનો પહેલી મેચ આજથી શરૂ થયો છે.બંને ટીમો વચ્ચેની આ મેચ રાજકોટના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં ખરાખરીનો જંગ ચાલુ છે. આયર્લેન્ડ ટોસ જીતી પ્રથમ બેટીંગ કરવાનું નક્કી કર્યું છે.રસપ્રદ વાત એ છે કે ચાહકો સ્ટેડિયમમાં આ મેચ ફ્રીમાં નિહાળી શકશે અને સવારથી જ ક્રિકેટરસિકો મેચ નિહાળવા પહોંચી ગયા હતા. શ્રેણી માટે ૧૫ સભ્યોની ભારતીય મહિલા ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ શ્રેણી માટે કેપ્ટન હરમનપ્રીત કૌર અને ઝડપી બોલર રેણુકા સિંહ ઠાકુરને આરામ આપવામાં આવ્યો છે. હરમનપ્રીતની ગેરહાજરીમાં, ઓપનર સ્મૃતિ મંધાના કેપ્ટનશીપ સંભાળશે, જ્યારે ઓલરાઉન્ડર દીપ્તિ શર્મા ટીમની ઉપ-કેપ્ટન હશે.આયર્લેન્ડ તરફથી ગેબી લુઈસ આ શ્રેણીમાં આયર્લેન્ડનું નેતૃત્વ કરશે. આ ઉપરાંત, ઓર્લા પ્રેન્ડરગાસ્ટ, અવા કેનિંગ, ક્રિસ્ટીના કુલ્ટર-રેલી, અલાના ડાલઝેલ સહિત ઘણા અનુભવી ખેલાડીઓને તક આપવામાં આવી છે.

### બંને ટીમો વચ્ચેનો હેડ-ટુ-હેડ રેકોર્ડ

ભારત મહિલા અને આયર્લેન્ડ મહિલા ટીમો વનડેમાં ૧૨ વખત એકબીજા સામે આવી છે. જેમાં ભારતીય મહિલા ટીમનું વર્ચસ્વ જોવા મળી રહ્યું છે. ભારતીય મહિલા ટીમે ૧૨ માંથી ૧૨ વનડે જીતી છે. આયર્લેન્ડ એક પણ મેચ જીતી શક્યું નથી. આ દર્શાવે છે કે ભારતીય મહિલા ટીમ વધુ મજબૂત છે. આ તે જગ્યા છે જ્યાં ભારતીય ટીમને ઘરની ધરતી પર રમવાનો ફાયદો મળી શકે છે.

### મેચ માટે બંને ટીમો

ભારતઃ સ્મૃતિ મંધાના (કેપ્ટન), દીપ્તિ શર્મા (ઉપ-કેપ્ટન), પ્રતિકા રાવલ, હરલીન દેઓલ, જેમિમા રોડ્રિગ્સ, ઉમા છેત્રી (વિકેટકીપર), રિચા ઘોષ (વિકેટકીપર), ટાઈટસ સાધુ, સાયમા ઠાકોર, સયાલી સતઘરે આયર્લેન્ડઃ ગેબી લુઈસ (કેપ્ટન),ક્રિસ્ટીના કુલ્ટર-રેલી, લૌરા ડેલેની, જ્યોર્જીના ડેમ્પ્સી, સારાહ ફોર્બ્સ, આર્લીન કેલી, એમી મેગુઈર, લીહ પોલ, ઓર્લા પ્રેન્ડરગાસ્ટ, ઉના રેમન્ડ-હોએ, ફ્રેયા સાર્જન્ટ

વેસ્ટ ઈન્ડીઝ સામેની ઓડીઆઈ અને ટી૨૦ શ્રેણીમાં પ્રભાવશાળી જીત બાદ ભારતીય મહિલા ટીમ આ શ્રેણીમાં પ્રવેશ કરશે. ટીમ ઈન્ડિયાએ વેસ્ટ ઈન્ડિઝ સામેની ટી૨૦ શ્રેણી ૨-૧થી અને ઓડીઆઈ શ્રેણી ૩-૦થી જીતી હતી.

# રૂ.૧૦ હજાર કરોડના હવાલાકાંડનો પર્દાફાશ એકથી વધુ સીએની ભૂંડી ભૂમિકા સામે આવી

## ઈડીની તપાસમાં અનેક ઘટસ્ફોટ : બોગસ કંપનીઓ બનાવી હોંગકોંગ, સિંગાપોર અને થાઈલેન્ડ ખાતે ગેરકાયદે નાણાં મોકલતા’તા

**અબતક, રાજકોટ**

કેન્દ્રીય તપાસ એજન્સી ઈડીએ સીએ અને હવાલા ઓપરેટરોના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. જેમણે છેલ્લા કેટલાક વર્ષોમાં ૧૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું કાળું નાણું દેશની બહાર મોકલ્યું હતું. ૨ જાન્યુઆરીએ થાણે, મુંબઈ અને વારાણસીમાં શોધખોળ દરમિયાન ડિજિટલ અને અન્ય દસ્તાવેજો મળી આવ્યા હતા જેનાથી આરોપીઓની કાર્યપ્રણાલીનો ખુલાસો થયો હતો.

મામલામાં એજન્સીએ ગુરુવારે જણાવ્યું હતું કે મુખ્ય આરોપી જિતેન્દ્ર પાંડેએ સિંગાપોર, હોંગકોંગ અને થાઈલેન્ડમાં હવાલા મારફત પૈસા મોકલવા માટે ૯૮ થી વધુ શેલ કંપનીઓ અને ૨૬૯ બેંક ખાતા ખોલ્યા હતા. વધુમાં ઈડીએ જણાવ્યું હતું કે, તપાસમાં આરટીજીએસ એન્ટ્રી ઓપરેટરોના નેટવર્કનો પણ ખુલાસો થયો હતો જેઓ ભંડોળના મૂળને છુપાવવા માટે શેલ કંપનીઓના અનેક બેંક ખાતાઓ દ્વારા વ્યવહારો કર્યા પછી ભાગીદારી કંપનીઓના ખાતાઓમાં એન્ટ્રી પડાવતા હતા.

અનેક બેંક ખાતાઓની ખરાઈ કરતા જાણવા મળ્યું હતું કે, આરોપીઓએ ૧૨ ખાનગી લિમિટેડ કંપનીઓના ખાતાઓમાં ભંડોળ ટ્રાન્સફર કર્યું હરું જેથી આખરે વિદેશી રેમિટન્સ કરી શકાય. ચીનથી માલની આયાત માટે ચૂકવણીના નામે ભંડોળ દેશની બહાર મોકલવામાં આવ્યું હતું. શેલ કંપનીઓએ લોજિસ્ટિક્સના વ્યવસાયમાં હોવાનું જાહેર કર્યું હતું અને તેના અલગ અલગ ચાર્જ પેટે હવાલા રેકેટ ચલાવતા હતા. શેલ કંપનીઓ બનાવવા તેમજ આરઓસી ફાઈલિંગ સહિતની નિયમનકારી પાલનમાં આરોપીઓને મદદ કરતા ઘણા સીએની શંકાસ્પદ ભૂમિકા પણ બહાર આવી છે તેવું પણ એજન્સીએ જણાવ્યું હતું. ઈડીએ જીતેન્દ્ર પાંડે અને અન્ય લોકો સામે થાણે પોલીસ દ્વારા નોંધાયેલી એફઆઈઆરના આધારે તપાસ શરૂ કરી હતી. તેઓ પર શેલ એન્ટિટીના નામે ખોલવામાં આવેલા બેંક ખાતાઓના વેબ દ્વારા ફ્રેઈટ ચાર્જના બહાને હોંગકોંગ, સિંગાપોર અને થાઈલેન્ડમાં કંપનીઓને રૂ. ૧૦,૦૦૦ કરોડથી વધુ રકમ મોકલવાનો આરોપ છે, તેવો એજન્સીએ દાવો કર્યો હતો. પાંડે અને અન્ય આરોપીઓની ગયા વર્ષે થાણે પોલીસની ઈઓડબ્લ્યુ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

# લોધિકાઃ બહેનની ઘરે ખીચડો દેવા જતા ભાઈનું માર્ગ અકસ્માતમાં મોત

**અબતક, રાજકોટ**

લોધીકા તાલુકાના ચાંદલી નજીક બહેનની ઘરે ખીચડો દેવા જતા કારની અડફેટે પ્રૌઢનું મોત નીપજતા પરિવારમાં શોખનું મોજુ ફેલાયું છે.અને જેતપુર નજીક પોરબંદર જુનાગઢ હાઈવે પર ડમ્પરની ચાલીને જતા યુવાનો મોત નીપજ્યાનો બનાવ ઉદ્યોગ નગર પોલીસ મથકમાં નોંધાયો છે બનાવી પ્રાપ્ત માહિતી મુજબ લોધીકાના ચાંદલી ગામે રહેતા રવજીભાઈ બગડા નામના પ્રૌઢ બહેન ના ઘરે ખીચડો દેવા જાતા હતા ત્યારે તેઓ હનુમાન ધારાની પાસે પહોંચ્યા ત્યારે સામેથી આવતી G j 36 B 8524ના કાર ના ચાલકે સામેથી અડફેટે લેતા , રવજીભાઈ બાઈક સહિત ફંગોળાઈ ગયા હતા. અકસ્માતને લઈને રવજીભાઈને માથામાં અને શરીરે ગંભીર બીજા પહોંચી હતી પ્રૌઢને સારવાર અર્થે લોધીકા હોસ્પિટલે ખસેડ્યા હતા, જ્યાં ડોક્ટરે તપાસીને જાહેર કર્યા હતા . બનાવની જાણ લોધીકા પોલીસને કરતા જી કે કાટોડીયા સહિતનો સ્ટાફ લોધીકા સરકારી હોસ્પિટલે પહોંચી, રવજીભાઈ ના મૃતદેહને પી. એમ . અર્થે ખસેડી મૃતકના પુત્ર અલ્પેશભાઈએની ફરિયાદ નોંધી , કાર ચાલક લોધીકા તાલુકાના જેતાકુવા ગામની છગન ધરમશી ખૂટની શોધ ખોળ હાથ ધરી છે. અન્ય બનાવમાં

### જેતપુર નજીક ડમ્પરની અડફેટે યુવાનનું મોત

મૂળ યું. પી.નો અને હાલ જેતપુરમાં રહેતો અને મારુતિનંદન પ્રોસેસ સાડીના કારખાનામાં મજૂરી કરતો સંદીપ દયાશંકર વર્મા નામનો યુવાન પોરબંદર- જુનાગઢ હાઈવે પર પગપાળા જઈ રહ્યો હતો ત્યારે જી જે ૧૧ વી વી ૮૯૯૨ નંબરના ડંપરના પાછલા જોતા માંથી બંને ટાયર નીકળી જતા , ડમ્પરની અડફેટે સંદીપ આવી જતા , યુવાનું કરુણ મોત નીપજ્યું હતું જેતપુર ઉદ્યોગ નગર પોલીસ ઘટના સ્થળે પહોંચી સંદીપના મૃતદેને પીએમ અર્થે ખસેડી, મૃતક ના પિતાની ફરિયાદ પરથી ડમ્પરચાલક ની શોધખોળ હાથ ધરી છે.

# બોર્ડની પરીક્ષામાં ૩૦૦થી ઓછા વિદ્યાર્થી હશે તો પણ કેન્દ્ર ફાળવાશે

## શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણ બોર્ડના વિનિયમમાં ઘણા ફેરફાર કરાયાઃ પરીક્ષા સમિતિમાં હવે સંયુક્ત પરીક્ષા નિયામક અને નાયબ પરીક્ષા નિયામકનો પણ સમાવેશ થશે

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં હવે જો ૩૦૦ કરતાં ઓછા વિદ્યાર્થીઓ હોય તો પણ કેન્દ્ર ફાળવી શકાય તેવો નિર્ણય લેવાયો છે. ૩૦૦થી ઓછી સંખ્યામાં કેન્દ્રની ફાળવણી વખતે ભૌગોલિક સ્થિતિ અને અન્ય સંજોગોને ધ્યાનમાં રાખીને પરીક્ષા સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવશે. આ ઉપરાંત શિક્ષણ બોર્ડની પરીક્ષા સમિતિમાં હવે સંયુક્ત નિયામક અને નાયબ નિયામકનો પણ સમાવેશ કરવાનો નક્કી કરાયું છે.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીથી લેવામાં આવનાર છે. શિક્ષણ બોર્ડની વિવિધ સમિતિઓ પૈકી હાલમાં પરીક્ષા નજીકમાં છે ત્યારે પરીક્ષા સમિતિ દ્વારા વિવિધ નિર્ણયો કરવામાં આવતા હોય છે. જેમાં પરીક્ષા માટે નવા કેન્દ્રને મંજૂરી આપવા તથા ગેરરીતિ ધરાવતા કેન્દ્રોને રદ કરવા સહિતના નિર્ણયો પરીક્ષા સમિતિમાં લેવાતા હોય છે. આગામી પરીક્ષાને લઈ હવે ટૂંક સમયમાં પરીક્ષા સમિતિ દ્વારા આ અંગેની કામગીરી શરૂ કરવામાં આવશે.શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં શિક્ષણ બોર્ડના વિનિયમમાં ઘણા ફેરફાર કર્યાં છે. અત્યાર સુધી બોર્ડની પરીક્ષામાં કેન્દ્ર પર ઓછામાં ઓછા ૩૦૦ પરીક્ષાર્થીઓની સંખ્યા હોવી જોઈએ એવી જોગવાઈ હતી. પરંતુ હવે નવા ફેરફાર મુજબ સ્થળની ભૌગોલિક સ્થિતિ અને અન્ય સંજોગો ધ્યાને લઈને ૩૦૦ કરતાં ઓછા પરીક્ષાર્થીઓ હોય તેવા સંજોગોમાં પરીક્ષા સમિતિ ધારા-ધોરણોમાં છૂટછાટ લઈ શકશે. આ ઉપરાંત પરીક્ષા સમિતિમાં હવે સંયુક્ત નિયામક (પરીક્ષા) અને નાયબ નિયામક (પરીક્ષા)નો પણ સમાવેશ થશે. અત્યાર સુધીમાં અધ્યક્ષ, ઉપાધ્યક્ષક તેમજ ૬ સભ્યોને મુકવામાં આવતાં હતા. આ સમિતિમાં સભ્ય સચિવ તરીકે પણ સંયુક્ત અને નાયબ નિયામક રહેશે.ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાના માળખા સાથે બોર્ડના વિનિયમોમાં સુધારા કરવામાં આવ્યાં છે. શિક્ષણ બોર્ડ અને સરકારમાં ઘણા બધા અધિકારીઓને સચિવ તરીકે સંબોધવામાં આવે છે. જેથી શિક્ષણ વિભાગે બોર્ડની પરીક્ષાનો કાર્યભાર સંભાળતાં અધિકારીને પરીક્ષા સચિવ તરીકે નહીં પણ નાયબ નિયામક (પરીક્ષા) તેમજ સંયુક્ત નિયામક (પરીક્ષા) તરીકે ઓળખવાનો નિર્ણય કર્યો છે.

# હવેથી યુનિ.ઓમાં સ્પોર્ટ્સની ભરતી માટે ઉમેદવારોએ શારીરિક કસોટી ફરજિયાત આપવી પડશે

## ટેસ્ટના આધારે તેઓ જે તે જગ્યા માટે મેડિકલી ફિટ છે તેવું સર્ટિફિકેટ પણ રજૂ કરવાનું રહેશે

**અબતક, અમદાવાદ**

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા તાજેતરમાં આગામી દિવસોમાં યુનિવર્સિટીઓમાં થનારી ભરતી સહિતના નિયમો માટેનો ડ્રાફ્ટ તૈયાર કરીને મંતવ્યો માટે રજૂ કરવામાં આવ્યો છે. નવી વ્યવસ્થા પ્રમાણે હવે સ્પોર્ટસમાં ડાયરેક્ટર, આસિ. ડાયરેક્ટર કે અન્ય કોઈ જગ્યાઓ ભરવાની હોય તો શારિરીક કસોટી લેવાની રહેશે. આ માટેના નિયમો પણ જાહેર કરવામાં આવ્યા છે.યુજીસી દ્વારા નવા રેગ્યુલેશનમાં એવી તાકીદ કરવામાં આવી છે કે, દેશની જુદી જુદી યુનિવર્સિટીઓમાં સ્પોર્ટ્સ એજ્યુકેશન માટે અધ્યાપકો, ડાયરેક્ટર, ડે.ડાયરેક્ટર, ડાયરેક્ટર વગેરેની નિયુક્તિ કરવામાં આવતી હોય છે. અત્યાર સુધી આ ભરતી સીધી અને પ્રમોશનના આધારે કરવામાં આવતી હતી, પરંતુ હવે પછી આ જગ્યાઓ પર કોઈપણ પ્રકારની ભરતી કરવામાં આવે તો તેના માટે ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ જરૂરી છે. આ ટેસ્ટના આધારે તેઓ જે તે જગ્યા માટે મેડિકલી ફિટ છે તેવું સર્ટિફિકેટ પણ રજૂ કરવાનું રહેશે. એટલું જ નહીં, જે તે જગ્યા માટે ૧૨ મિનિટ સુધી રન-વોક ટેસ્ટ આપવી ફરજિયાત છે. આ ઉપરાંત ઉમેદવાર ૩૦ વર્ષ સુધીની વયમર્યાદા હોય તો ૧૮૦૦ મીટર, ૪૦ વર્ષની વયમર્યાદા હોય તો ૧૫૦૦, ૪૫ વર્ષથી વધુ વય મર્યાદા હોય તો ૧૨૦૦ અને ૪૫થી વધુ વયમર્યાદા હોય તો ૮૦૦ મીટરની દોડ ફરજિયાત છે. આ જ રીતે મહિલાઓ માટે પણ ફિઝિકલ ટેસ્ટ ફરજિયાત કરવામાં આવી છે. જેમાં તમામ વયની મહિલા ઉમેદવારો માટે ૮ મિનિટ રન-વોક જરૂરી છે. મહિલા ઉમેદવારની વયમર્યદા ૩૦ વર્ષ સુધીની હોય તો ૧ હજાર મીટર, ૪૦ વર્ષ સુધી હોય તો ૮૦૦ મીટર અને ૪૫ વર્ષ સુધીની હોય તો ૬૦૦ મીટર અને જો ૪૫ વર્ષથી વધુની વય મર્યાદા હોય તો ૪૦૦ મીટરની ટેસ્ટ આપવી ફરજિયાત છે. શારિરીક રીતે વિકલાંગ હોય તેમને આ ટેસ્ટથી મુક્તિ આપવામાં આવશે તેવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે. આમ, હવે કોઈપણ યુનિવર્સિટીમાં સ્પોર્ટ્સ ડિપાર્ટમેન્ટની જુદી જુદી જગ્યાઓ પર નિયુક્તિ માટે પણ ફિઝિકલ ટેસ્ટ ફરજિયાત કરવામાં આવ્યો છે. મહત્ત્વની વાત એ છે કે, ગુજરાત યુનિવર્સિટીમાં હાલમાં સ્પોર્ટ્સ ડિપાર્ટમેન્ટમાં કોઈ ડાયરેક્ટર જ નથી. આ જ પરિસ્થિતિ જીટીયુમાં પણ જોવા મળી રહી છે.

# ઉનાઃ નોનવેજની આડમાં ગળા કાપતી દોરી વહેંચતો મોહમ્મદ અવેશ ઝડપાયો



**અબતક , ઉના**

મકરસંક્રાંતિ પૂર્વે સરકારે ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ મૂક્યો હોવા છતા, ચાઈનીઝ દોરા વેચાઈ રહ્યા છે ત્યારે ઉના શહેરમાં રહેતો સૈયાડવડા નગર, પીરની દરગાહ સામે રહેતો અને કમાનગેટ સુનિલ નગરપાલિકા પાસે આવેલી સંજરી સ્કીન હાઉસ નામની દુકાન ધરાવતો મહંમદઆવેશ હનીફ ભાઈ બહારુંની નામનો શખ્સ તેની દુકાનમાં ચાઈનીઝ દોરી વેચતો , ઉના પીઆઈ એમ એન રાણા સહિતના સ્ટાફે ઝડપી લીધો છે

# મારી સામે કેમ જોવે છે? કહી ગોંડલમાં યુવાનને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી હુમલો

## રાજકોટમાં સાથે નોકરી કરતા રાજદીપ પઢીયાર સહિતના નવેક શખ્સો ધોકા, લાકડું અને લોખંડના પાના વડે તૂટી પડ્યા

**અબતક, રાજકોટ**

મારી સામે કેમ જોવે છે કહી ગોંડલના ગુંદાળા દરવાજા નજીક યુવક પર ધોકા, પાનું અને લાકડી વડે હુમલો કરી જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યાનો બનાવ સામે આવ્યો છે. મામલામાં ગોંડલ સીટી પોલીસે ચાર શખ્સો વિરુદ્ધ નામજોગ તેમજ અન્ય પાંચેક શખ્સો વિરુદ્ધ હુમલો, એટ્રોસિટી એક્ટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

ગોંડલના ભગવતપરામા રહેતા દિપકભાઈ બાઉદીનભાઈ પરમાર (ઉ.વ.૨૧)એ ગોંડલ સીટી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં રાજદીપ પઢીયાર, ઉદિત, પૃથ્વી, અહેમદ અને અજાણ્યા શખ્સોનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું રાજકોટ શહેરના ભક્તિનગર શેરી નં.૫ મા આવેલ આર.કે. એન્ટરપ્રાઈઝમાં મ્યુચલ ફંડ વિભાગમાં નોકરી કરું છું. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગત તા.૦૭/૦૧/૨૦૨૫ના સાંજના આશરે સાડા સાતેક વાગ્યાના સમયે હુ રાજકોટથી ગોંડલ ગુંદાળા દરવાજા સામે આવેલ જનતા ટાયર નામની અમારી કેબીને આવેલ હતો. મારી કેબીને મારો નાનો ભાઈ શ્યામ બેસતો હોય તે પણ ત્યા હાજર હોય તેવામા ત્યા મારી સાથે રાજકોટ નોકરી કરતા રાજદીપ પઢીયાર તથા તેની સાથે ઉદીત, પૃથ્વી, અહેમદ આવેલ હતા.

બાદમાં રાજદીપ મારી સાથે બોલાચાલી કરવા લાગેલ કે, રાજકોટ તુ મારી સામે શુ કામ જોતો હતો તેમ કહેતો હતો. ત્યારે પૃથ્વીએ મને પકડી લીધેલ અને ઉદીતના હાથમા લાકડાનો ધોકો હોય તેણે ધોકા વડે માર માર્યો હતો. અહેમદ ત્યા બાજુમા લાકડુ પડેલ હોય તે લઈને મને મારવા લાગેલ હતો અને રાજદીપ કેબીનમાં રહેલ પાનુ લઈને મને મારવા લાગેલ હતો. દરમિયમ વારા ફરતી બે મોટર સાયકલમા બીજા અજાણ્યા આશરે પાંચ છ શખ્સો આવેલ હતા અને મને ઢીકા પાટુનો મારવા લાગેલ હતા. હુમલાના પગલે લોકો એકત્રિત થઈ જવા લાગેલ હતા જેથી આ શખ્સો નાસી ગયાં હતા અને થોડીવારમાં ફરીવાર પરત આવ્યા હતા. ત્યારે કેબીનની બાજુવાળા સિધ્ધાર્થભાઈ બાબરીયા, હુસેન ઉર્ફે ભુરો પઠાણ અને વિજયભાઈ હાજર હતા ત્યારે ફરીવાર આ શખ્સોએ મને ઢીંકાપાટુનો માર માર્યો હતો. દરમિયાન મારો મોબાઈલ પણ તૂટી ગયો હતો. બાદમાં રાજદીપએ મને મારી જ્ઞાતી પ્રત્યે હડધૂત કર્યો હતો અને આજ તો તુ જીવતો બચી ગયો છો પણ હવે મારી સામુ જોયુ તો તને જાનથી મારી નાખીશ તેમ ધમકી આપી હતી. ઉપરાંત અહેમદે તને છરી ઝીંકી જ દેવી છે તેવી ધમકી આપી હતી અને ત્યાંથી નાસી ગયાં હતા.

ફરિયાદીએ બનાવનું કારણ જણાવતા કહ્યું હતું કે, રાજદીપ પણ મારી સાથે નોકરી કરતો હોય ગઈ તા.૦૭/૦૧/૨૦૨૪ ના રોજ અમે રાજકોટ ખાતે અમારી નોકરી ઉપર હોય ત્યારે આ રાજદીપે મારી સામે શા માટે જોવે છે તેમ કહી મારી સાથે બોલાચાલી કરેલ હતી અને ત્યારબાદ અમારી કેબિને આવીને હુમલો કર્યો હતો.

"સરકાર આપના દ્વારે" જેવી નાગરિકોની સેવાનો અભિગમ પરિપૂર્ણ કરવા માટે

# કોર્પોરેશન દ્વારા બે મોબાઈલ ટેક્સ કલેક્શન વેનનું લોકાર્પણ



## હવે કરદાતાઓ ઘરે બેઠા ટેક્સ ભરપાઈ કરી શકશે

**અબતક જામનગર**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નું " ડીજીટલ ઈન્ડિયા " સ્વપન સાકાર કરવા તથા "સરકાર આપનાં દ્વારે " જેવા નાગરીકો ની સેવાનો અભિગમ પરિપૂર્ણ કરવા માટે જામનગર શહેરના કરદાતાઓ ઘરે બેઠા ટેક્સ ભરપાઈ કરી શકે તે માટે ઓકટોબર - ૨૦૧૫ માં મોબાઈલ ટેક્સ વેન ચાલુ કરવામાં આવેલ હતી. જે સુવિધામાં વધુ બે મોબાઈલ ટેક્સ કલેકશન વેન નો ઉમેરો કરવામાં આવ્યો છે.

જામનગર મહાનગરપાલિકા દ્વારા ઈ-ગવર્નન્સ અંતર્ગત ઓનલાઈન પેમેન્ટ, બેંક થ્રુ પેમેન્ટ, ત્રણ સિવિક સેન્ટરો ઉપરાંત મેઈન કેશ કલેકશન સેન્ટરોમાં વેરો વસુલવામાં આવે છે. જામનગર શહેરની હદ વધતાં દુરનાં વિકસતા વિસ્તારોમાંથી જે સોસાયટીનાં લોકો કેશ કલેકશન માટે નજીકનાં સિવિક સેન્ટરો એ ટેક્સ ભરપાઈ કરવા ન આવી શકે તેવા વિસ્તારનાં લોકો પોતાના વિસ્તારમાં ટેક્સ ભરપાઈ કરી શકશે.

આ વેન ની ઓપરેશન અને મેઈન્ટેનન્સ કોસ્ટ પબ્લીક પ્રાયવેટ પાર્ટનરશીપ નાં મોડ ઉપર આઈ.સી.આઈ.સી.આઈ. બેંક દ્વારા પૂરી પાડવામાં આવશે. આ સુવિધાનો લાભ લેવા જાહેર જનતા ને અનુરોધ કરવામાં આવે છે. ટેક્સ અને ચાર્જીસનું નિયમિત ચુકવણું કરવા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે.

આ લોકાર્પણ કાર્યક્રમમાં મેયર વિનોદભાઈ ખીમસુરીયા , ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી , ડે.મેયર ક્રિષ્નાબેન સોઢા સ્ટે.ચેરમેન નિલેષભાઈ કગથરા , કમિશનર ડી.એન. મોદી ,.શહેર ભાજપ પ્રમુખ વિમલભાઈ કગથરા ,.શાસક પક્ષ નેતા આશિષભાઈ જોષી અને કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા.

"ઓન-કોલ ટેક્સ કલેક્શન" ની સુવિધાનાં ભાગરૂપે કરદાતાઓની બાકી મિલ્કત વેરા/ વોટરચાર્જની રકમ ઘર બેઠા ફોન કરવાથી આપનાં ઘરે આવી મિલ્કત વેરા / વોટરચાર્જની રકમ કેશ/ ચેકથી સ્વીકારી, તે જ સમયે તેની પહોંચ આપવામાં આવશે. આ સુવિધાઓનો લાભ લેવા માટે તમામ કરદાતાઓ એ ઓફીસ અવર્સ દરમ્યાન કેશીયર વૈભવ મહેતા (મો.નં. ૭૯૯૦૨ ૦૧૦૫૨) પર આપની મિલ્કતનાં નવા એસેસી નંબર આપવાથી બાકી રકમ અંગે વેરીફાઈ કરી આપની બાકી મિલ્કત વેરા/વોટરચાર્જની રકમ આપનાં સ્થળ પર આવી વેરો સ્વીકારવામાં આવશે.

# આર્યસમાજ દ્વારા પર્યાવરણ શુદ્ધિ માટે ૫૧ કુંડી મહાયજ્ઞ યોજાયો



**અબતક જામનગર**

જામનગરની સંસ્થા આર્યસમાજ નાં ૯૭ મા વાર્ષિકોત્સવ અને શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલય ના ૭૭ માં વાર્ષિકોત્સવ પ્રસંગે ૫૧ કુંડી પર્યાવરણ શુદ્ધિ મહાયજ્ઞનું આયોજન આર્યસમાજ - મોરબીથી પધારેલા પંડિત ધર્મવીરજીના અને આર્યસમાજ- નડિયાદના મેનેજીંગ ટ્રસ્ટી દિનેશજી આર્યના બ્રહ્માસ્થાને યોજવામાં આવ્યો હતો.

જેમાં ૫૧ કુંડી યજ્ઞ પર ૧૦૨ યજમાનો બિરાજેલા હતા. આ યજ્ઞને સફળ બનાવવા માટે આર્યસમાજ-જામનગરના પ્રમુખ દીપકભાઈ ઠક્કર, માનદ્ મંત્રી નરેન્દ્રભાઈ મહેતા, ઉપપ્રમુખ ઉર્વશીબેન રાઠોડ, ઉપમંત્રી ધવલભાઈ બરછા, કોષાધ્યક્ષ વિનોદભાઈ નાંઢા, પુસ્તકાધ્યક્ષ મનોજભાઈ નાંઢા, અંતરંગ સદસ્યો જગદીશભાઈ મકવાણા, હરીશભાઈ મહેતા, પ્રભુલાલભાઈ જે.મહેતા, વિજયભાઈ ચૌહાણ, રામભાઈ બરછા ઉપરાંત સભાસદ તેજભાઈ ઠક્કર, ભાર્ગવભાઈ મકવાણા, આચાર્યા પ્રફુલ્લાબેન રુપડીયા, આચાર્યા સંગીતાબેન મોતીવરસ, બંને વિભાગના શિક્ષિકા બહેનો, વહીવટી કર્મચારીઓ, સેવક ભાઈ-બહેનો એ જહેમત ઉઠાવી હતી. આ ઉપરાંત આર્યસમાજ જામનગરના સર્વે સભાસદો, સહાયકો અને નિમંત્રિતો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

૫૧ કુંડી મહાયજ્ઞ બાદ જલંધર પંજાબ થી પધારેલ ભજનીક રાજેશજી અમર પ્રેમીનો ભજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેનો પણ જામનગરની ધર્મપ્રેમી પ્રજાએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો.

# બર્ધન ચોકના વેપારીઓ દ્વારા રેંકડી-પથારણાના દબાણો માટે દૂર કરવા માટે ઉગ્ર રજૂઆત

**અબતક જામનગર**

જામનગર નાં બર્ધનચોક, દરબારગઢ, માંડવી ટાવર વિસ્તાર કાયમી ધોરણે રેંકડી-પથારાવાળાઓ દ્વારા ગેરકાયદેસરના દબાણો કરવામાં આવે છે. જામનગર શહેરની મુખ્ય બજાર બર્ધનચોક છે, ત્યાં જો કોઈને ઈમરજન્સી સેવા જેમ કે ફાયરફાઈટર અથવા ૧૦૮ જેવી પાયાની અને ઈમરજન્સી સેવાઓની જરૂર પડે તો તે સેવાઓ આ ગેરકાયદેસરના દબાણોના કારણે જરૂરિયાતમંદ વ્યક્તિ સુધી કોઈપણ પ્રકારે પહોંચી શકે તેમ નથી.જેથી આ સમસ્યા નું કાયમી નિરાકરણ લાવવા વેપારીઓ દ્વારા વહીવટી તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. છેલ્લા કેટલા સમયથી આ વિસ્તારના વેપારીઓ દ્વારા વારંવાર સ્થાનિક તંત્ર અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને જાણ કરવા છતાં કોઈપણ પ્રકારના નિર્ણાયક પગલાં લેવામાં આવતા નથી. બર્ધનચોક વ્યાપારી એસોસિએશન ના નેજા હેઠળ વેપારીઓએ જિલ્લા કલેક્ટર સમક્ષ તથા સ્વાગત ફરિયાદ કાર્યક્રમમાં રજૂઆત કરવા છતાં કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી. મ્યુનિ. કમિશનર ને રૂબરૂ મળીને અનેક વખત રજૂઆતો કરી છે. રેલીઓ કાઢીને માંગણી કરી છે પરંતુ હજુ કોઈ નિરાકરણ આવ્યું નથી.

માંડવી ટાવર, બર્ધનચોક, દરબારગઢ વિસ્તારમાં હાઈકોર્ટ દ્વારા નો-હોકીંગ ઝોન જાહેર થયા છે, પણ ત્યાં જ અસંખ્ય દબાણો ખડકાયેલા રહે છે. આ વિસ્તારમાં મહિલાઓ માટે બનાવેલ મૂતરડીને પણ દબાણકર્તા અને ભૂમાફિયાઓએ તોડી નાંખી છે, અને ત્યાં દબાણ કરી દીધા છે. આ વિસ્તાર માં નીકળતી યુવતીઓ-મહિલાઓ ની દબાણકર્તાઓ છેડતી કરતા અચકાતા નથી. લુખ્ખા શખ્સો અને અસામાજિક તત્ત્વો અહીં અડીંગો જમાવી ને પડ્યા પાથર્યા રહે છે. હાઈકોર્ટના આદેશ મુજબ લગાયેલા 'નો હોકીંગ ઝોન'ના બોર્ડ પણ આ દબાણકર્તા માથાભારે લોકોએ તોડી નાંખ્યા છે.

આ વિસ્તારમાં હાઈકોર્ટના આદેશનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. આથી આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા માટે સ્થાનિક રહેવાસીઓ- વેપારીઓ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

હાલાર પંથકનાં વૈષ્ણવો માટે આનંદનો અવસર

# દ્વારકાધીશ મંદિરે ૧૯મીએ છપ્પન ભોગ મહોત્સવ

## ધ્વજારોહણ-વિવાહ ખેલ સહિતનાં વિવિધ કાર્યક્રમનો આયોજન



**અબતક જામનગર**

'છોટીકાશી' જામનગરમાં ખંભાળીયા ગેઈટ નજીક આવેલાં તથા મોટી હવેલી ટ્રસ્ટ સંચાલિત દ્વારકાધીશનાં પ્રાચીન મંદિરમાં તા. ૧૯/૧/૨૦૨૫ ને પોષ વદ પાંચમને રવિવારે સાંજે ૪ થી ૯ દરમ્યાન બડા મનોરથ - છપ્પન ભોગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

પુષ્ટી સંપ્રદાય મોટી હવેલી ટ્રસ્ટ સંચાલિત દ્વારકાપુરી મંદિરમાં પુષ્ટી સિદ્ધાંત સંરક્ષણ શિરોમણી તથા મોટી હવેલીનાં ગાદિપતિ હરીરાયજી મહારાજની આજ્ઞા અને આશીર્વાદથી તથા વલ્લભરાયજી મહોદયનાં માર્ગદર્શન હેઠળ મુખ્યાજી રમેશભાઈ દ્વારા પ્રથમ વખત દ્વારકાપુરી મંદિરમાં બડા મનોરથ - છપ્પન ભોગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.તા. ૧૯/૧ ને રવિવારે સાંજે ૪ થી ૯ દરમ્યાન વૈષ્ણવોને છપ્પન ભોગનાં દર્શનનો લાભ મળશે. મહોત્સવમાં મોટી હવેલીનાં વલ્લભરાયજી મહોદયનું સાંનિધ્ય તથા દર્શનનો લાભ મળશે. તેમજ આણદાબાવા સેવા સંસ્થાનાં મહંત દેવપ્રસાદજીની પણ પ્રેરક ઉપસ્થિતિ રહેશે.

આ મહોત્સવને અનુલક્ષીને તા. ૧૭/૧ ને શુક્રવારે સવારે નૂતન ધ્વજારોહણ તથા સાંજે વિવાહ ખેલ મનોરથ અને તા. ૧૮/૧ ને શનિવારે બપોરે પણ નૂતન ધ્વજારોહણ મનોરથ યોજાશે.

છપ્પન ભોગ મહોત્સવમાં વિવિધ જનપ્રતિનિધિઓ અર્થાત સત્તાધીશો સહિતનાં નેતાઓ તેમજ વિવિધ સમાજનાં અગ્રણીઓ અને શ્રેષ્ઠીઓ અતિથી થશે અને પુષ્ટી સંપ્રદાયનાં આ અનેરા ઉત્સવનો પુણ્યલાભ પ્રાપ્ત કરશે

છપ્પન ભોગ મહોત્સવ દરમ્યાન પાર્કીંગની વ્યવસ્થા શ્રી રામબાગ, ભાટીયા મહાજન વાડી, ખંભાળીયા ગેઈટ પાસે રાખવામાં આવી છે.વડીલ વૈષ્ણવો માટે દર્શનની વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

છપ્પન ભોગ મહોત્સવનાં અલૌકિક દર્શનનો લાભ લેવા સમગ્ર હાલારનાં વૈષ્ણવોને મુખ્યાજી રમેશભાઈ તથા છપ્પન ભોગ મહોત્સવ સમિતિ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવે છે.વધુ માહિતી માટે મુખ્યાજી રમેશભાઈ (મો. ૯૪૨૯૫ ૫૭૦૪૫) પર સંપર્ક કરવા જણાવાયું છે.

# લાલપુરના સિંગચ ગામે ઊંટ સારવાર કેમ્પ યોજાયો

## પશુપાલકોના ૧૨૦ જેટલા ઊંટોને ઝેરબાજ વિરોધી ઈન્જેકશન આપી સારવાર કરાઈ



**અબતક જામનગર**

જાન્યુઆરી, ઊંટો ગ્રામીણ સમુદાયોની આજીવિકાનો અભિન્ન ભાગ છે.આ પ્રાણીઓને ન્યુમોનિયા, પોક્સ, સ્કીન ડીસીઝ, પરોપજીવી ચેપ, પોષણની ઉણપ અને અન્ય ઈજાઓ વગેરે જેવા વિવિધ સ્વાસ્થ્ય પડકારોનો સામનો કરવો પડે છે. ત્યારે આ મુદ્દાઓને હલ કરવા માટે, ગ્રામીણ વિસ્તારોમાં રોગોનું સમયસર નિદાન અને સારવાર પૂરી પાડવા સમર્પિત ઊંટ સારવાર કેમ્પનું દર વર્ષે પશુપાલન શાખા, જિલ્લા પંચાયત જામનગરના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામા આવે છે.જેમાં રસીકરણ (એંટી-સરા) અને કૃમિનાશક દવાઓ (એંટી મેંજ)ના કાર્યક્રમો હાથ ધરી ચેપી રોગોના પ્રસારને રોકવામાં આવે છે.

જે અંતર્ગત જિલ્લા પંચાયત જામનગર સંચાલિત પશુ દવાખાના લાલપુર અને તાલુકા પશુ પાલનની ટીમ દ્વારા સિંગચ ગામ ખાતે ઝેર-બાઝ વિરોધી ઈન્જેકસનના કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું હતુ.જેમાં પશુપાલકોના કુલ ૧૨૦ જેટલા ઊંટોની સારવાર તથા ઝેરબાજ વિરોધી ઈન્જેકશન નિઃશુલ્ક આપવામાં આવ્યા હતા.

ડો.પ્રતીક જોશી દ્વારા હાલમાં કાર્યરત પશુધન વસતી ગણતરી વિશે જાણકારી આપી ૧૨૦ ઊંટની એંટ્રી રાષ્ટ્રીય પશુધન ગણાના કાર્યક્રમમાં નોંધવામાં આવેલ.

આ અંગે નાયબ પશુપાલન નિયામક, ડો.તેજસ શુકલ જણાવે છે કે, ઊંટ સારવાર કેમ્પમાં દરીયાઈ વિસ્તારો ખાતે પશુપાલકોના આંગણે જઈ આપવામાં આવતી નિશુલ્ક સારવાર ઊંટોના સ્વાસ્થ્ય અને સુખાકારીમાં નોંધપાત્ર ફાળો આપી શકે છે, તેમજ તેમના પર નિર્ભર રહેતા સમુદાયોની આજીવિકામાં સુધારો કરી શકે છે. પશુ સંવર્ધન પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા અને સમુદાયની ભાગીદારીને પ્રોત્સાહન આપીને, આ કેમ્પો ટકાઉ ઊંટની જાળવણી અને ગ્રામીણ વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

# જુવેનાઈલ ડાયાબિટીસના મેગા કેમ્પનો ૧૪૦ બાળકોને મળ્યો લાભ

## મેગા કેમ્પમાં ધારાસભ્ય રિવાબા જાડેજાએ બાળકોને પ્રોત્સાહિત કર્યા



**અબતક જામનગર**

જામનગરની સંસ્થા જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન દ્વારા ૫, જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ૯૬ માં મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૧૪૦ જેટલા ડાયાબિટીસથી પીડિત બાળકો અને તેમના વાલીઓએ ભાગ લીધો હતો. કેમ્પમાં ધારાસભ્ય રિવાબા જાડેજાએ વિશેષ ઉપસ્થિતિ આપી હતી અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી રમણીકભાઈ ચાંગાણીએ સ્વાગત પ્રવચનમાં ફાઉન્ડેશનની કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ધારાસભ્ય રિવાબા જાડેજાએ દીપ પ્રગટાવીને કેમ્પનું ઉદઘાટન કર્યું હતું. તેમણે ગત વર્ષે પણ આવા જ એક કેમ્પમાં બાળકોને એક વર્ષ માટે દવાનો ખર્ચ આપવાની જાહેરાત કરી હતી. આ વખતે તેમણે આ બાળકોને રૂબરૂ મળીને તેમનું સાંત્વન આપ્યું હતું.

કેમ્પમાં ડો. દયાળજી નકુમ દ્વારા બાળકો અને વાલીઓને ડાયાબિટીસ સંબંધિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. દરેક બાળકને તેની જરૂરિયાત મુજબ ઈન્સ્યુલિન, ગ્લુકોમીટર, ગ્લુકોમીટરની સ્ટ્રીપ, લેન્સેટ વગેરે દવાઓ વિના મૂલ્યે આપવામાં આવી હતી. કેમ્પમાં બપોરના ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ કેમ્પને સફળ બનાવવામાં ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી રમણીકભાઈ ચાંગાણી તથા ટ્રસ્ટી અરવિંદભાઈ ઝવેરી, રમેશભાઈ પાંચાણી, ઉષાબેન સારડા ઉપરાંત જે.ડી. બાળકો અને વાલીઓ તેમજ સેવાભાવી મેડીકલ સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# જી. જી. હોસ્પિટલમાં એચએમપી વાઈરસને લઈને આઈસોલેશન વોર્ડ ઉભો કરાયો

## ઓક્સિજન વેન્ટિલેટર દવા નો જથ્થો ઉપરાંત બાળકો ની સારવાર માટે જરૂરી એચએસએનસી મશીનરી સહિત તબીબી ટુકડી પણ તૈયાર




**અબતક જામનગર**

ચાઈના થી પ્રસરેલા એચએમપીવી નામનાં વાઈરસ ધરાવતો એક પોઝિટિવ કેસ ગુજરાત મા નોંધાયો હતો.જેના અનુસંધાને રાજ્ય ની સાથો સાથ જામનગર નું આરોગ્ય તંત્ર પણ સાબદુ બન્યું છે.

જેમાં સંભવિત રોગ નાં દર્દી માટે જામનગર ની જી જી હોસ્પિટલમાં આઈશોલેશન વોર્ડ તૈયાર કરવામા આવ્યો છે.અને તબીબો તૈનાત રાખવા મા આવ્યા છે. તેમજ વોર્ડ મા પણ જરૂરી તમામ સાધન સામગ્રી ની વ્યવસ્થા ઉપલબ્ધ કરી દેવામાં આવી છે.

ચાઈના થી એચએમપીવી નામનો એક વાઈરસ પ્રસર્યો છે. આ વાયરસના લક્ષણ ધરાવતા એક દર્દી નો ગુજરાતમાં પોઝિટિવ રિપોર્ટ મળતા જ રાજ્યનું આરોગ્ય તંત્ર સતર્ક બન્યું છે . અને રાજ્ય સરકાર ની સૂચના મુજબ જામનગર નું આરોગ્યતંત્ર અને સરકારી હોસ્પિટલનું તંત્ર પણ સાબદુ બન્યું છે.

બે દિવસ પહેલા જામનગર ની ગુરુ ગોવિંદસિઘ હોસ્પિટલમાં તબીબી અધિક્ષક ડો. દીપક તિવારી ના અધ્યક્ષ સ્થાને સંબંધિત વિભાગ ના તબીબો ની એક તાકીદ ની બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં એમ પી શાહ મેડિકલ કોલેજના અધિક ડીન ડો. એસ એસ ચેટરજી , ઉપરાંત અનેક વિભાગના તબીબો ઉપસ્થિત રહ્યા હતા. અને હોસ્પિટલમાં ઉપલબ્ધ સાધન ,દવા મશીનરી ,ઓક્સિજન વગેરે ની ઉપલબ્ધિ સહિત ના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. અને ખાસ વોર્ડ ની વ્યવસ્થા કરવા નિર્ણય લેવાયો હતો.

જે મુજબ જામનગર ની જીજી હોસ્પિટલ આઈસોલેશન વોર્ડ તૈયાર કરી દેવામાં આવ્યો છે.જેમાં ઓક્સિજન વેન્ટિલેટર દવા નો જથ્થો ઉપરાંત બાળકો ની સારવાર માટે જરૂરી એચએસએનસી મશીનરી વગેરે પણ ઉપલબ્ધ છે.ઉપરાંત તબીબી ટુકડી પણ તૈયાર રાખવામાં આવી છે. ઉપરોક્ત વાઈરસ સંદર્ભે જી.જી. હોસ્પિટલ નું તંત્ર સંપૂર્ણ પણે તૈયાર હોવા નું તબીબી અધીક્ષકે જણાવ્યું છે.

# શંકર ટેકરી વિસ્તાર મકાનમાં શોર્ટ સર્કિટથી આગ લાગતાં દોડધામ: માતા પુત્રનો બચાવ

## ફાયર બ્રિગેડની ટુકડીએ આગને કાબુમાં લીધી



**અબતક, જામનગર**

જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં મોડી સાંજે ૮.૩૦ વાગ્યે એક રહેણાંક મકાનમાં અકસ્માતે શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી, અને ગાદલા ગોદડા વગેરે સળગી ઊઠ્યા હતા. તે દરમિયાન મકાનમાં હાજર રહેલા માતા-પૂત્ર બહાર નીકળી જતાં તેઓનો બચાવ થયો હતો. ફાયર બ્રિગેડની ટુકડીએ સમયસર પહોંચી જઈ આગને કાબુમાં લઈ લેતાં આસપાસના મકાનોમાં આગ વધુ પ્રસરતી અટકી હતી.

જામનગરના શંકર ટેકરી વિસ્તારમાં અતિ ગીચ એરિયામાં રહેતા દલપતભાઈ ખીમજીભાઈ ના રહેણાંક મકાનમાં અકસ્માતે આગ લાગી હતી, અને શોર્ટ સર્કિટ થવાથી ગાદલા, ગોદડા, ઈલેક્ટ્રિક વાયરીંગ વગેરે સળગવા લાગ્યા હતા.

આ બનાવ સમયે મકાનમાં દલપત ભાઈ ખીમજીભાઈ (૨૫) અને તેમના માતા મંજુલાબેન ખીમજીભાઈ (ઉમર ૫૦) કે જેઓ બંને હાજર હતા, અને તુરત જ ઘરની બહાર નીકળી જતાં તેઓનો બચાવ થયો હતો.

આગના બનાવના કારણે આસપાસના ગીચ વિસ્તારમાં આજુ બાજુમાં અન્ય મકાનો હોવાથી પાડોશીઓમાં દોડધામ થઈ હતી, અને મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ ગયા હતા.

ફાયર શાખા ની ટિમ ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી. આગ સમયસર કાબુમાં આવી ગઈ હોવાથી આસપાસના અન્ય મકાનોમાં આગ પ્રસરે તે પહેલા કાબુમાં આવી ગઈ હોવાથી સર્વેએ આશકારો અનુભવ્યો હતો.

# હાપા યાર્ડની પેઢીમાં હાથ ફેરો કરનાર તસ્કર જામીન મુકત

**અબતક, જામનગર**

હાપા માર્કેટિંગ યાર્ડ દુકાન નં. સી-૧૦૩માં આવેલ સંજય ટ્રેડીંગ કાં.માંથી તાજેતરમાં રોકડ રકમ રૂા. પાંચ લાખની ચોરી થયેલ હતી. તે બનાવ સંબંધે પેઢીના સંચાલક ભરભાઈ મનસુખભાઈ નંદા દ્વારા પોલીસમાં બીએનએસ એક્ટ ૨૦૨૩ કલમ ૩૩૧(૪), ૩૦૫(એ) મુજબ ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા તપાસ દરમિયાન શંકર રમેશભાઈ ધાંધલપરીયા નામના હાપા વિસ્તારમાં રહેતા સેશન્સ



અદાલતમાં જામીન ઉપર મુક્ત થવા જામીન અરજી કરતાં એડી. સેશન્સ જજ વી.પી. અગરવાલ દ્વારા આરોપી શંકર રમેશભાઈ ધાંધલપરીયાને રૂા. ૨૫૦૦૦ ના જામીન ઉપર મુક્ત કરવા હુકમ કરેલ છે. આરોપી તરફે વકીલ રાહુલ વી. ચૌહાણ રોકાયા હતાં.

# હાપા રેલવે સ્ટેશન પર ટ્રેનના ડબ્બામાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો

**અબતક, જામનગર**

જામનગર નજીક હાપા રેલવે સ્ટેશન પર ગઈકાલે જયપુર થી ઓખા જતી ટ્રેન ના એક ડબ્બામાંથી ચાલીસેક વર્ષની વયના અજાણ્યા યુવાન નો મૃતદેહ સાંપડ્યો હતો. રેલવે પોલીસે મૃતદેહ નો કબજો સંભાળી મૃતકની ઓળખ મેળવવા તપાસ શરૂ કરી છે.

જામનગરના હાપા રેલવે સ્ટેશન પર ગઈકાલે જયપુરથી આવી ને ઓખા તરફ જતી ટ્રેન ના એક ડબ્બા માં અજાણ્યો પુરૂષ બેભાન જેવી હાલતમાં પડ્યો હોવા ની કોઈએ રેલવે પોલીસ ને જાણ કરતાં પોલીસ જમાદાર દેવાયતભાઈ ભાટિયા દોડી ગયા હતા. તેઓએ ટ્રેનના ડબ્બા માંથી મળી આવેલા મૃતદેહ ને કબ્જે લઈ પી.એમ. માટે જામનાગરની મેડિકલ કોલેજમાં મોકલી આપ્યો હતો.

ઉપરોક્ત મૃતક અંગે કોઈને જાણકારી હોય તો તેઓએ પોલીસ કર્મચારી દેવાયતભાઈ ભાટિયા-૯૦૩૩૩ ૮૧૬૩૬નો સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે.

ડ્રગ્સ પકડાવનારને ઈનામ આપવાની પોલીસી રંગ લાવી

# સરકારના નવતર પ્રયોગ થકી ત્રણ વર્ષમાં ૧૬૧૫૫ કરોડનું ૮૭૬૦૭ કિલો ડ્રગ્સ ઝડપાયું

## ડ્રગ્સના દુષણને ડામવા માટે ગુજરાત સ્પેશ્યલ નાર્કો રિવોર્ડ સ્કીમ લાગુ કરનાર દેશનું પ્રથમ રાજ્ય: બાતમી આપનાર ૨૦ ટકા સુધી રોકડ ઈનામ

**અબતક, રાજકોટ**

દેશ માટે વિકાસ મોડેલ બની ગયેલું ગુજરાત જાણે ડ્રગ્સની પણ રાજધાની બની ગયું હોય તેવું લાગી રહ્યું છે. છેલ્લા ત્રણ વર્ષમાં રાજયમાં ૧૬૧૫૫ કરોડનું ૮૭૬૦૭ કિલો ડ્રગ્સ પડકયું છે.



ડ્રગ્સ જેવા માદક પદાર્થોનું દૂષણ આજે મહાનગરો ઉપરાંત ગામડાંઓ સુધી પહોંચી ગયું છે ત્યારે ગુજરાત સરકાર આ દૂષણને ડામવા માટે પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે ૨૦૨૧માં કેફી દ્રવ્યો પકડાવનારાને ઈનામ આપતી પ્રથમ નાર્કો રિવોર્ડ પોલિસી અમલમાં મૂકી હતી જેના પરિણામે ડ્રગ્સની જપ્તીમાં નોંધપાત્ર વધારો થયો છે. ઑક્ટોબર ૨૦૨૧માં રિવોર્ડ પોલિસી લોન્ચ થઈ ત્યારથી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં રૂ ૧૬,૧૫૫ કરોડની કિંમતનું ૮૭,૬૦૭ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસી દ્વારા ગુજરાત યુવાનોને કેફી દ્રવ્યોની ચુંગાલમાંથી છોડાવવાની અને ડ્રગ્સ પેડલરોને સકંજામાં લેવાની દિશામાં આગળ વધ્યું છે.

નાર્કો રિવોર્ડ પોલિસી લોન્ચ કરતી વખતે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ એવું જણાવ્યું હતું કે, ડ્રગનું દૂષણ આપણા સમાજને નબળો પાડશે અને યુવાનો તેનાથી દૂર રહે એ જરૂરી છે. ડ્રગ્સ અસ્થાયી રૂપે હાઈ ફીલિંગ આપી શકે છે પરંતુ લાંબા ગાળે તે આપણા શરીરને ભયંકર નુકસાન કરે છે. કોઈ જગ્યાએ ડ્રગ્સ વેચાતું હોય અને એ અંગે યુવાનોને જાણ થાય તો તેમણે પોલીસ અને રાજ્યના ગૃહ વિભાગને માહિતગાર કરવા જોઈએ.''

ગુજરાત પોલીસે ડ્રગ્સ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે અને એટલે જ તે ડ્રગ્સ પકડવામાં દેશભરમાં અગ્રેસર છે. ગુજરાત માદક પદાર્થોના દુરુપયોગને રોકવાના હેતુથી બાતમીદારો માટે રિવોર્ડ પોલિસી શરૂ કરનારું પહેલું રાજ્ય છે. ડ્રગ્સને નેસ્તનાબૂદ કરવાના પ્રયાસોમાં પોલીસ, કર્મચારીઓ/અધિકારીઓ અને બાતમીદારો પણ મહત્વનો ભાગ ભજવે છે. બાતમીદારોના જોખમને ધ્યાનમાં લેતાં અને રાજ્યમાં કેફી પદાર્થોનો વ્યાપાર અટકાવવા માટે ગુજરાત સરકારે પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ બાતમીદારોને પ્રોત્સાહન આપવા માટે નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસી શરૂ કરી હતી. આ રિવોર્ડ પોલિસીનું અમલીકરણ સરકારના ગૃહ વિભાગ હેઠળ થાય છે.

એનડીપીએસ ઍક્ટ, ૧૯૮૫ની જોગવાઈઓ હેઠળ જપ્ત કરેલા પદાર્થોની ગેરકાયદેસર કિંમતના ૨૦% સુધીની રકમ રિવોર્ડને પાત્ર હોય છે. સરકારી કર્મચારીઓ માટે તેમની સમગ્ર કારકિર્દી દરમ્યાન આ રિવોર્ડની મહત્તમ મર્યાદા રૂ. ૨૦ લાખ છે, જયારે એક જ કેસમાં કોઈ વ્યક્તિગત કર્મચારી કે અધિકારીને આપવામાં આવતી મહત્તમ રકમ રૂ. ૨ લાખ સુધીની છે. કોઈ ખાનગી વ્યક્તિએ ઑફિસ વર્કમાં મદદ કરી હોય તેને દરેક કેસ દીઠ રૂ.૨૫૦૦નો પુરસ્કાર આપવામાં આવે છે. કોઈ બાતમીદાર કે સરકારી કર્મચારીનું મૃત્યુ થઈ જાય તો તેમનો રિવોર્ડ તેમના કાનૂની વારસદાર કે નોમિનીને આપવામાં આવી શકે છે. આ રિવોર્ડ સંપૂર્ણપણે ઈનામ તરીકે ચૂકવવામાં આવે છે અને સક્ષમ

(અનુ. આઠમા પાને)

### નાર્કો રિવોર્ડ પોલિસી અંતર્ગત આ કેસમાં રિવોર્ડ આપવામાં આવે છે?

બાતમીદારો, જેમણે આપેલી માહિતી નાર્કોટિક્સ ડ્રગ્સ અને સાયકોટ્રોપિક પદાર્થો તેમજ એનડીપીએસ ઍક્ટ ૧૯૮૫ હેઠળ ગેરકાયદે હસ્તગત કરેલી મિલકતની જપ્તી તરફ દોરી જાય છે.

એનડીપીએસ ઍક્ટ ૧૯૮૫ હેઠળ અધિકૃત અધિકારીઓ, જેઓ ગેરકાયદે પદાર્થોની જપ્તી કરે છે, સફળ ઈન્વેસ્ટિગેશન/પ્રોસિક્યુશન હાથ ધરે છે અને પોસ્ટ ઈન્વેસ્ટિગેશન કાર્ય દ્વારા ગુનો સાબિત કરે છે.

અન્ય વિભાગના અધિકારીઓ, જેઓ એન.ડી.પી.એસ. ઍક્ટ ૧૯૮૫ની જોગવાઈઓનું ઉલ્લંઘન સામે લાવવામાં મદદ કરે છે.

### રિવોર્ડની રકમ શેના આધારે નક્કી થાય છે?

બાતમીદારે જપ્તીના સંદર્ભમાં આપેલ માહિતીની વિશિષ્ટતા અને ચોકસાઈ, લેવામાં આવેલ જોખમ અને તેનું પ્રમાણ વગેરે બાબતો રિવોર્ડની રકમ નક્કી કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવે છે. તો સરકારી કર્મચારીઓ/અધિકારીઓ દ્વારા સફળ જપ્તી થઈ હોય તેવા કિસ્સાઓમાં તેમણે કરેલા વિશેષ પ્રયત્નો, કાર્યવાહીમાં લીધેલું જોખમ, સતર્કતા, પ્રતિબંધિત પદાર્થ સાથે સંકળાયેલા લોકોની ધરપકડ થઈ છે કે કેમ વગેરે બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે. જે અધિકારી કે કર્મચારી તેની સામાન્ય ફરજના ભાગરૂપે મેળવેલા પુરાવા રજૂ કરે તેને કોઈ રિવોર્ડ આપવામાં આવતો નથી.

# દિવ્યાંગો હવે ઘરે બેઠા રેલવે કન્સેશન કાર્ડ બનાવી શકશે

## રાજકોટ ડિવિઝન દ્વારા દિવ્યાંગો માટે ઓનલાઈન અરજીની સુવિધા ઉભી કરાય

**અબતક, રાજકોટ**

દિવ્યાંગ વ્યકિતઓ હવે ઘરે બેઠા રેલવેના કન્સેશન કાર્ડ મેળવી શકશે આ માટે રાજકોટ ડિવિઝન દ્વારા ઓનલાઈન અરજીની સુવિધા ઉભી કરવામાં આવી છે.

ટ્રેનોમાં મુસાફરી કરતા દિવ્યાંગ વ્યક્તિઓને રેલવે દ્વારા જારી કરાયેલા પાસના આધારે ટિકિટ પર છૂટ આપવામાં આવે છે. આ પાસ મેળવવા માટે દિવ્યાંગજનોને ડીઆરએમ ઓફિસમાં આવવું પડતું હતું, પરંતુ હવે દિવ્યાંગજનો ઘરે બેઠા પાસ મેળવી શકે તે માટે દિવ્યાંગજન કાર્ડ એપ શરૂ કરવામાં આવી છે. દિવ્યાંગોએ ઓનલાઈન પોર્ટલ પર અરજી કરવી પડશે, ડીઆરએમ ઓફિસ આવવાની જરૂર નથી. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીનાએ માહિતી આપી હતી કે પશ્ચિમ રેલ્વેના રાજકોટ ડિવિઝનમાં દિવ્યાંગો માટે આ સુવિધા ઉપલબ્ધ થઈ ગયી છે.

ટ્રેનમાં મુસાફરી કરતા દિવ્યાંગો માટે આ રાહતના સમાચાર છે. ભારતીય રેલ્વેએ દિવ્યાંગો માટે કન્સેશન સર્ટિફિકેટ બનાવવા માટે એક પોર્ટલ તૈયાર કર્યું છે, જે દિવ્યાંગોને કન્સેશન સર્ટિફિકેટ મેળવવામાં મદદરૂપ થશે. આ કાર્ડ મેળવવા માટે, એપમાં જરૂરી વિગતો ભરો, જેમાં આઈડી પ્રૂફ, મોબાઈલ સાથે લિંક કરેલ આધાર કાર્ડ, સિવિલ સર્જન તરફથી અપંગતા પ્રમાણપત્ર, રહેણાંક પ્રમાણપત્ર, જન્મ પ્રમાણપત્ર, હોસ્પિટલ દ્વારા જારી કરાયેલ રેલ્વે કન્સેશન પ્રમાણપત્ર, પાસપોર્ટ સાઈઝ ફોટો, રેશન કાર્ડ કાર્ડની એક નકલ સબમિટ કરવાની રહેશે. ડીઆરએમ ઓફિસના અધિકારીઓ ફોર્મનું નિરીક્ષણ કરશે. દિવ્યાંગજન એપનો ઉપયોગ કરીને, વ્યક્તિ પોતાના મોબાઈલ પર ઈ-દિવ્યાંગજન કાર્ડ ડાઉનલોડ કરી શકશે. આ પોર્ટલની મદદથી, દિવ્યાંગ લોકો તેમના ઘરેથી કન્સેશનલ સર્ટિફિકેટ માટે ઓનલાઈન અરજી કરી શકશે. હવે તેમને આ કામ માટે રેલવેના ડીઆરએમ ઓફિસ કાર્યાલયમાં આવવાની જરૂર રહેશે નહીં.

દિવ્યાંગજનોએ સૌપ્રથમ રેલવે વેબસાઈટ divyangjanid.indianrail.gov.in પર પોતાનું રજીસ્ટ્રેશન કરાવવું પડશે. ઓનલાઈન અરજી પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી, રેલ્વે ટિકિટ રાહત નું પ્રમાણપત્ર ફક્ત ઓનલાઈન જ જારી કરશે. દિવ્યાંગ કાર્ડ માટે ઓનલાઈન અરજી કરવા માટે મેડિકલ કાર્ડની નકલ પણ અપલોડ કરવાની રહેશે. આ સિસ્ટમને સરળ બનાવવા માટે, દિવ્યાંગ લોકો ભારત સરકારના ઓનલાઈન પોર્ટલ www.swavlambancard.gov.in પર અરજી કરીને પણ તેમનું મેડિકલ કાર્ડ મેળવી શકે છે. અરજદારે તમામ દસ્તાવેજોની સ્વ-પ્રમાણિત સોફ્ટ કોપી અપલોડ કરવાની રહેશે. કન્સેશન સર્ટિફિકેટ પર ઉલ્લેખિત ડોક્ટરનું નામ, નોંધણી નંબર અને દિવ્યાંગતાની પ્રકૃતિ પણ લખવી જરૂરી રહેશે.

રેલ્વે કન્સેશન કાર્ડની સુવિધા મેળવતા તમામ દિવ્યાંગ વ્યક્તિઓને જાણ કરવામાં આવે છે કે જેમના કાર્ડ પહેલાથી જ બની ગયા છે તેમણે અરજી કરવાની જરૂર નથી. ફક્ત તે જ દિવ્યાંગ વ્યક્તિઓએ અરજી કરવી જેઓ નવું કાર્ડ બનાવવા માંગે છે અથવા જેમના કાર્ડની મુદત પૂરી થઈ ગઈ છે. રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વની કુમારે દિવ્યાંગજનો ને રેલ્વે કન્સેશન કાર્ડ મેળવવા માટે આ ઓનલાઈન પોર્ટલ સુવિધાનો લાભ લેવા માટે વિનંતી કરી છે.

# કલેક્ટર કચેરીમાં હવે આઉટ સોર્સિંગથી કારકુનની ખાલી જગ્યાઓ ભરાશે નહી

## બે રોજગાર યુવાનોની રજૂઆત બાદ મહેસુલ વિભાગે લીધો નિર્ણય


**અબતક, રાજકોટ**

રાજ્યની તમામ કલેકટર કચેરીઓમાં કારકુન સંવર્ગની વર્ગ-૩ની ખાલી જગ્યાઓ નિયમીત ભરતીથી કરવાના બદલે ૧૧ મહિનાના કરાર આધારે આઉટ સોર્સીંગથી કરવાનો આદેશ રાજ્ય સરકારના મહેસુલ વિભાગ દ્વારા આપવામાં આવ્યો હતો. જેની સામે વિરોધ ઉભો થયો હતો. શિક્ષિત બેરોજગારોએ આવો નિર્ણય ન લેવા કરેલી રજૂઆત સફળ રહી છે. કલેક્ટર કચેરીમાં કારકુનની જગ્યા કરાર આધારિત ન ભરવા મહેસુલ વિભાગ દ્વારા પરિપત્ર પ્રસિધ્ધ કરાયો છે.

નાણા વિભાગના ઠરાવથી રાજ્યની કલેક્ટર કચેરીઓમાં મંજૂર થયેલ કારકુન સંવર્ગની જગ્યાઓ પૈકી ખાલી જગ્યાઓ સામે આઉટસોર્સથી માનવબળની સેવાઓ લેવા સર્વે કલેક્ટરઓને મંજૂરી આપવામાં આવી હતી. વહીવટી કારણોસર આ ઠરાવની અમલવારી હાલ પૂરતી મોકૂફ રાખવાની બાબત વિચારણા હેઠળ હતી.

ગંભીરતાપૂર્વકની વિચારણાના અંતે આ ઠરાવની અમલવારી અન્ય સૂચનાઓ ન મળે ત્યાં સુધી હાલ પૂરતી મોકૂફ રાખવાનું ઠરાવવામાં આવે છે.

રાજ્યમાં શિક્ષીત બેરોજગાર યુવાનોની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. બીજી તરફ રાજ્ય સરકારના અલગ-અલગ વિભાગોમાં નવું મહેકમ મંજૂર કરવાના બદલે મંજૂર થયેલ મહેકમમાં પણ ખાલી પડેલી જગ્યાઓ નિયમીત પ્રક્રિયા હાથ ધરી ભરવાના બદલે રાજ્ય સરકાર દ્વારા આઉટ સોર્સીંગથી ભરવામાં આવે છે. જેનાથી બેરોજગારી ઘટતી નથી. કલેક્ટર કચેરીમાં કારકુનની જગ્યાઓ આઉટ સોર્સીંગથી ભરવાના નિર્ણય લેવાયાના તઘલઘી નિર્ણય સામે વ્યાપક વિરોધ ઉઠતા સરકારે ઝુંકવુ પડ્યું છે.



# જિલ્લા-મહાનગરોના પ્રમુખોના નામની હવે ગમે તે ઘડીએ જાહેરાત

## આજે રાત્રિ સુધીમાં ૫૦ ટકા જેટલા જિલ્લા અને મહાનગરોનાં અધ્યક્ષ જાહેર કરી દેવાશે: વિવાદવાળા જિલ્લા અને મહાનગરોમાં ઈન્તજાર લંબાશે

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા આજે ગમે ત્યારે જિલ્લા અને મહાનગરોનાં અધ્યક્ષના નામ જાહેર કરી દેવામાં આવે તેવી પ્રબળ સંભાવના જણાય રહી છે.આજે ૫૦ ટકાથી વધુ જિલ્લા અને મહાનગરોનાં અધ્યક્ષ જાહેર કરી દેવામાં આવશે રાજકોટ સહિત એવા કે જયાં વર્તમાન પ્રમુખ સામે વિરોધ કે અસંતોષ સ્થાનીક કક્ષાએ વર્કર્યો છે તેના અધ્યક્ષની જાહેરાત કરવામાં ન આવે તેવું દેખાય રહ્યું છે.

ગત શનીવારે જિલ્લા અને મહાનગરોનાં પ્રમુખ પદ માટે ઉમેદવારી ફોર્મ સ્વીકારવામાં આવ્યા હતા જેમાં ૩૩ જિલ્લા અને ૮ મહાનગરો માટે ૧૨૫૦થી વધુ દાવેદારોએ પ્રમુખ બનવાની ઈચ્છા વ્યકત કરી હતી. ગત સોમવારે સંગઠન ચૂંટણી અધિકારીઓએ તમામ નામો પ્રદેશ હાઈકમાન્ડ સમક્ષ રજૂ કરી દીધા હતા બે દિવસ પૂર્વે પ્રદેશ ભાજપ સંગઠન ચૂંટણી અધિકારી ઉદયભાઈ કાનગડ, સહ ચૂંટણી અધિકારી ધવલભાઈ દવે અને પ્રદેશ મહામત્રી રજનીભાઈ પટેલ દ્વારા નામોનું લીસ્ટ દિલ્હીમાં પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ સમક્ષ રજૂ કરી દેવામાં આવ્યું હતુ પાટીલે નામો ફાઈનલ કરી ગઈકાલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ સમક્ષ નામો મૂકી દીધા હતા.

કાર્યશાળામાં એવા સંકેતો આપવામાં આવ્યા હતા કે ૧૦મી જાન્યુઆરીમાં જિલ્લા અને મહાનગરોનાં પ્રમુખોનાં નામ જાહેર કરી દેવામાં આવશે. આ અવધીનો આજે અંતીમ દિવસ છે. ભાજપના સુત્રોના જણાવ્યાનુસાર આજે રાત્રી સુધીમાં પ્રદેશ હાઈકમાન્ડ દ્વારા કેટલાક જિલ્લા અને મહાનગરોના પ્રમુખોના નામ જાહેર કરવામાં આવી શકે છે. સુરત, વડોદરા કે રાજકોટ ત્રણ મહાનગરો પૈકી કોઈપણ એક શહેરમાં પ્રમુખ પદ ભાજપ મહિલા આગેવાનને આપી શકે છે.રાજકોટમાં બે ધારાસભ્યો અને મેયર પદે પણ મહિલા હોય આવામાં રાજકોટમાં પ્રમુખ પદ મહિલાને આપવામાં આવે તેવી શકયતા નહીવત છે.

પ્રદેશ પ્રમુખની નિમણુંક કરવા માટે રાજયનાં ૫૦ ટકાથી વધુ જિલ્લા અને મહાનગરનાં પ્રમુખોની વરણી કરવી ફરજીયાત છે.આવામાં આજે એવા જિલ્લા અને શહેરનાં પ્રમુખ જાહેર કરી દેવામાં આવશે જયાં દાવેદારો સામે કોઈ વિરોધ કે અસંતોષ નથી. રાજકોટ શહેર ભાજપના વર્તમાન મૂકેશ દોશીને માત્ર દોઢ વર્ષ જેટલો જ સમય થયો છે તેઓને રિપીટ કરવામાં આવે તેવું લાગતા એક ચોકકસ જૂથે હાથ મીલાવી દોશી સામે મોરચો માંડયો છે. સ્થાનીક કક્ષાએ ચૂંટણી અધિકારી સમક્ષ બળાપો ઠાલવ્યા બાદ પ્રદેશ લેવલે અને ત્યારબાદ દિલ્હી દરબાર સુધી ફરિયાદનો મારો ચલાવવામાં આવ્યો હતો.

(અનુ. આઠમા પાને)

# અંતે સૌરાષ્ટ્ર યુનિવર્સીટીને કાયમી કુલપતિ મળ્યા: ડો.ઉત્પલ જોષીની નિમણુંક

## ડો.ઉત્પલ જોષી સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં ભૂતપૂર્વ વિધાર્થી અને હાલ ગુજરાત યુનિવર્સીટીના ભૌતિક શાસ્ત્ર ભવનના પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ઈન્ચાર્જ વાઈસ ચાન્સેલર પદેથી ડો. કમલ ડોડીયાને હટાવીને હવે સરકારે કાયમી કુલપતિની નિમણૂક કરી છે. સરકારે ગુજરાત યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો.ઉત્પલ જોશીની નિમણૂક આ પદ પર કરી છે. છેલ્લા કાયમી

(અનુ. આઠમા પાને)

### છેલ્લા બે વર્ષથી ઈન્ચાર્જથી ગાડુ ચાલતું હતું

વર્ષ ૨૦૨૨માં કાયમી કુલપતિ પદેથી નીતિન પેથાણી નિવૃત થયા ત્યારથી રાજ્ય સરકારે સૌરાષ્ટ્રની સૌથી મોટી યુનિવર્સિટી માટે કાયમી કુલપતિની નિમણૂક કરી નહોતી. જુલાઈમાં પ્રોફેસર કમલસિંહ ડોડિયાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવા ઈન્ચાર્જ કુલપતિ તરીકે ચાર્જ સોંપવામાં આવ્યો હતો. છેલ્લા કાયમી કુલપતિ નીતિન પેથાણીનો કાર્યકાળ ફેબ્રુઆરી ૨૦૨૨ માં સમાપ્ત થયો ત્યારથી યુનિવર્સિટીનું સંચાલન ઈન્ચાર્જ વાઈસ-ચાન્સેલર દ્વારા કરવામાં આવતું હતું.

# પ્લાસ્ટિક વેસ્ટ લઈ આવો અને જેકેટ લઈ જાઓ: વિદ્યાર્થીઓ માટે ખાસ ઓફર

## વિદ્યાર્થીઓ પ્લાસ્ટિકનો કચરો શાળામાં લાવશે, જ્યાં તેને રિસાયકલ કરીને જેકેટમાં રૂપાંતરિત કરવામાં આવશે

**અબતક, અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનએ શહેરમાં પ્લાસ્ટિકના કચરાના નિકાલમાં શાળાઓના વિદ્યાર્થીઓને સામેલ કરવાનો નિર્ણય લીધો છે. સ્કૂલના વિદ્યાર્થીઓ પ્લાસ્ટિકનો કચરો શાળામાં લાવશે, જ્યાં તેને રિસાયકલ કરીને જેકેટમાં રૂપાંતરિત કરવામાં આવશે. આ જેકેટ વિદ્યાર્થીઓને આપવામાં આવશે. સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના વિદ્યાર્થીઓ ઘરે ઉત્પન્ન થતો પ્લાસ્ટિકનો કચરો, જેમ કે ખાલી પ્લાસ્ટિક બોટલ અથવા અન્ય વસ્તુઓ, શાળામાં લાવશે. આ કચરાનો રિસાયકલ કરીને જેકેટ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવશે, જે પ્લાસ્ટિકનો કચરો જમા કરનારા વિદ્યાર્થીઓને આપવામાં

(અનુ. આઠમા પાને)

### પ્લાસ્ટિકની બોટલથી બનાવવામાં આવેલ જેકેટમાં બીજું શું ખાસ?

- આ કપડાં સંપૂર્ણપણે ગ્રીન ટેક્નોલોજી પર આધારિત છે
- સાથે જ આ બોટલો રહેણાંક વિસ્તારો અને દરિયામાંથી એકત્ર કરવામાં આવે છે.
- મહત્વનું છે કે કપડાં પર એક ક્યુઆર કોડ હોય છે જેને સ્કેન કરીને તેનો સંપૂર્ણ ઈતિહાસ જાણી શકાય છે.

# મોબાઈલ પ્રતિબંધ પ્રાથમિક શાળાઓમાં ફરજીયાત કરાશે: શિક્ષણ મંત્રી

## સોશિયલ મીડિયા અને સ્માર્ટ ફોનની નકારાત્મક અસરો દુર કરવા રાજ્ય સરકાર દ્વારા ટૂંક સમયમાં ગાઈડલાઈન જાહેર કરાશે: મંત્રી પ્રફુલ પાનશેરિયા

**અબતક, રાજકોટ**

સમગ્ર દેશમાં કેટલાક સમયથી બાળકોમાં સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનનો વ્યાપ વધી રહ્યો છે, જેના કારણે બાળકોમાં વાંચન શક્તિ અને રમત ગમતનો વ્યાપ પણ ઘટી રહ્યો છે, જેની ચિંતા કરીને રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરીયાએ સ્વર્ણિમ સંકુલ - ૨ ગાંધીનગર ખાતે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ સુનયના તોમર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે આજે બાળકોને સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનની નકારાત્મક અસરોથી બાળકોને કઈ રીતે દૂર રાખી શકાય તે અંગે ગંભીર ચર્ચા કરવામાં આવી હતી.

બાળકો - વાલીઓ અને શિક્ષકો માટે ચિલ્ડ્રન યુનિવર્સિટી અને ટીચર યુનિવર્સિટી તેમજ સિવિલના સાયકાટ્રીસ્ટની સાથે પરામર્શ કરીને એક પરિપત્ર બહાર પાડવામાં આવશે અને બાળકોના ભવિષ્યની ચિંતા કરીને એક અભિયાન સ્વરૂપે શરૂ કરવામાં આવશે.

રાજ્ય શિક્ષણમંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, બાળકોનો સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનનો વધુ ઉપયોગ તેમની શારીરિક અને માનસિક શક્તિને અસર કરી રહ્યો છે, બાળકો મોબાઈલનો ઉપયોગ ઓછો કરે અને રમત ગમત પ્રત્યે વધુ ધ્યાન આપે તે માટે વાલીઓ તેમજ શિક્ષકો માટે નિયમ બનાવાશે. જેમાં શિક્ષકોને કલાસરૂમમાં મોબાઈલના ઉપયોગ પર પ્રતિબંધ, અને પ્રાથમિક શાળાના બાળકો મોબાઈલ લઈને શાળામાં ન આવે તે માટેના કડક પગલા લેવામાં આવશે.

વધુમાં મંત્રીએ ઉમેર્યું કે, બાળકોના સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનના ઉપયોગને બદલે તેમને વાંચન - રમત ગમત જેવી પ્રવૃતિઓમાં જોડાયેલા રહે તે માટે શાળાઓના શિક્ષકોને માહિત ગાર કરવામાં આવશે, સાથોસાથ મંત્રીએ બાળકોના માતા-પિતાને વિનંતી કરી હતી કે, બાળકોની સામે પોતે સોશિયલ મીડિયાનો ઉપયોગ ન કરે, માતા-પિતા પોતે પોતાના બાળકના ભવિષ્યની ચિંતા કરીને સોશિયલ મીડિયાથી બાળકને દૂર રાખે.



સમગ્ર ભારતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ ઉચ્ચતર અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશભાઈ પટેલ અને શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વમાં બાળકો સોશિયલ મીડિયાથી દુર રહી પોતાના જીવનમાં વાંચન અને રમત ગમતને સ્થાન આપે તે માટે શિક્ષકો અને વાલીઓ - બાળકો માટે માર્ગદર્શિકા બહાર પાડનારું ગુજરાત પ્રથમ રાજ્ય હશે અને અન્ય રાજ્યો ગુજરાતથી પ્રેરણા લેશે તેવી મંત્રીએ આશા વ્યક્ત કરી હતી.

વધુમાં મંત્રીએ એન.જી.ઓ, ધાર્મિક સંસ્થાઓ, તેમજ સામાજિક કાર્યકરો તેમજ મીડિયાના મિત્રોને બાળકોને સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનથી દૂર રહે તે માટેના મહાભિયાનમાં જોડાવા વિનંતી કરી હતી, તેમજ ચિલ્ડ્રન યુનિવર્સિટી અને ટીચર યુનિવર્સિટી સરકાર સાથે મળીને કઈ રીતે આ મહાભિયાન લોકો સુધી વધુને વધુ પહોચે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. દરેક શાળામાં શોર્ટ ફિલ્મ મારફતે બાળકોના વાલીઓને સોશિયલ મીડિયાના ઉપયોગો અને તેના નુકશાન વિષે માહિતગાર કરવામાં આવશે, વાલીઓ અને શિક્ષકો જો જાગૃત હશે તો જ

(અનુ. આઠમા પાને)

ધ ગ્રાન્ડ
ઠાકર
મલ્ટી ક્યુઝિન રેસ્ટોરન્ટ
ગુજરાતી થાળી
શિયાળામાં તથા મકરસંક્રાંતિ નિમિત્તે
રજવાડી ઊંધિયુ
જયુબેલી બાગ સામે, જવાહર રોડ, રાજકોટ.
વેડીંગ માટે : 96871 89099
બેન્કવેટ માટે : 75674 89696
પાર્સલ માટે : 95744 50010
73995 15151
રાજકોટ | મોરબી | અમદાવાદ
સિવાય કોઈપણ શહેરમાં
કોઈપણ અમારી બ્રાંચ નથી.
ભળતા નામથી ચેતવું.